

પેજ-08
કિયારાએ રેપિસ્ટ કોરિયોગ્રાફરની પ્રશંસા કરતાં ચાહકોમાં ભારે રોષ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


પેજ-09
પાકિસ્તાન સાથે ટેસ્ટ રમવાનું સપનું અધૂરું રહી ગયું:અશ્વિન



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 18.00 |
| વડોદરા | 28.00 | 19.00 |
| સુરત | 29.00 | 21.00 |


પેજ 5



સેન્સેક્સ 78472 પર બંધ થયો : નિફ્ટીમાં 22 પોઈન્ટનો ઉછાળો, IT અને...

27 DECEMBER-2024 FRIDAY

ઝેલેન્સકીએ કહ્યું- પુતિન માણસ નથી : ક્રિસમસ પર રશિયાએ...



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78472.48 | ▲ | 00.39 |
| નિફ્ટી | 23750.20 | ▲ | 22.55 |
| સોનું | 76,632.00 | ▲ | 362.00 |
| ચાંદી | 89,659.00 | ▲ | 333.00 |

વર્ષ-14 | અંક-040 | વિક્રમ સંવત-2081 | માગશર વદ-12 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં ખુલાસો : ડોનેશનની માહિતી ચૂંટણી પંચની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ

# ભાજપને ફળ્યું 2024 : ચૂંટણી બોન્ડ દ્વારા 2244 કરોડ મળ્યાં

## કોંગ્રેસને BRS કરતાં પણ ઓછું ફંડ મળ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 26

ભારતીય જનતા પાર્ટી માટે આ વર્ષ માત્ર ચૂંટણી પરિણામોની દૃષ્ટિએ સુખદ જ નહોતું પરંતુ પાર્ટીના બેંક ખાતામાં પણ જંગી ફંડ આવ્યું છે. ભાજપને 2023-24માં લોકો, ટ્રસ્ટો અને કોર્પોરેટ ગૃહો તરફથી દાન તરીકે રૂ. 2,244 કરોડ મળ્યા, જે વર્ષ 2022-23માં મળેલા દાન કરતાં ત્રણ ગણા વધુ છે. ચૂંટણી પંચના અહેવાલ મુજબ, ભાજપને 2023-24માં ટ્રસ્ટ અને કોર્પોરેટ ગૃહો તરફથી કુલ રૂ. 2244 કરોડનું દાન મળ્યું છે, જે ગયા વર્ષની સરખામણીએ ત્રણ ગણું વધારે છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીને ગયા વર્ષે 79.9 કરોડ રૂપિયા મળ્યા હતા જે આ વર્ષે વધીને 288.9 કરોડ રૂપિયા થઈ ગયા છે. આ પક્ષોના ડોનેશનની સંપૂર્ણ માહિતી ચૂંટણી પંચની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.




### વર્ષ 2024માં કઈ પાર્ટીને કેટલું ડોનેશન મળ્યું

| પાર્ટી | 2023-24માં મળેલું ડોનેશન |
|---|---|
| BJP | Rs. 2244 કરોડ |
| BRS | Rs. 580 કરોડ |
| Congress | Rs. 288 કરોડ |
| YSRCP | Rs. 184 કરોડ |
| TDP | Rs. 100 કરોડ |
| DMK | Rs. 60 કરોડ |
| AAP | Rs. 11 કરોડ |
| TMC | Rs. 6 કરોડ |

### પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી સૌથી વધુ ડોનેશન

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભાજપને પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ પાસેથી 723.6 કરોડ રૂપિયા અને કોંગ્રેસને 156.4 કરોડ રૂપિયા મળ્યા છે. આનો અર્થ એ થયો કે ભાજપનું એક તૃતીયાંશ દાન અને કોંગ્રેસનું અડધાથી વધુ દાન પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટમાંથી જ આવ્યું છે. ગયા વર્ષે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ, મિત્તલ ગ્રૂપ અને ભારતી એરટેલ જેવી મોટી કંપનીઓ પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં સૌથી વધુ ડોનેશન આપનાર કંપનીઓમાં સામેલ હતી.

### ડોનેશન કેવી રીતે મળે છે?

સુપ્રીમ કોર્ટે 2024માં ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને રદ્દ કરી દીધી હતી, ત્યાર બાદ હવે ડાયરેક્ટ ટ્રાન્સફર અથવા ઈલેક્ટોરલ ટ્રસ્ટ દ્વારા રાજકીય પક્ષોને ડોનેશન આપવામાં આવે છે. વર્ષ 2023-24માં ભાજપને ગયા વર્ષ કરતાં 212% વધુ ડોનેશન મળ્યું છે. જો કે, આ પ્રથમ વખત નથી; 2019ની લોકસભા ચૂંટણી પહેલા પણ ભાજપને રૂ. 742 કરોડ અને કોંગ્રેસને રૂ. 146.8 કરોડનું ડોનેશન મળ્યું હતું.

### અન્ય પક્ષોને ડોનેશન

હવે પ્રાદેશિક પક્ષોની વાત કરીએ તો વર્ષ 2023-24માં, BRSને રૂ. 495.5 કરોડ, DMK રૂ. 60 કરોડ, YSR કોંગ્રેસને રૂ. 121.5 કરોડ અને ઝારખંડ મુક્તિ મોરચા (JMM)ને રૂ. 11.5 કરોડનું ડોનેશન મળ્યું છે. તેમજ આમ આદમી પાર્ટી (AAP) ને રૂ. 11.1 કરોડનું દાન મળ્યું છે, જે ગયા વર્ષે રૂ. 37.1 કરોડ હતું, એટલે કે AAPના ડોનેશનમાં ઘટાડો થયો છે.

EDએ ભારતમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા

## કેનેડા મારફતે અમેરિકામાં ભારતીયોની માનવ તસ્કરી : 250થી વધુ કેનેડિયન કોલેજો શંકા હેઠળ

(એજન્સી) નવી દિલ્હી | તા. 26

ભારતની કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને શંકા છે કે કેનેડા મારફતે અમેરિકામાં ભારતીયોની માનવ તસ્કરી કરવામાં આવી રહી છે. EDને આ કેસમાં કેનેડાની 260 કોલેજોની પણ શંકાસ્પદ ભૂમિકા મળી છે. EDએ બુધવારે કહ્યું કે, આ ગુનો આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ દ્વારા કરવામાં આવી રહ્યો છે. હકીકતમાં, 3 વર્ષ પહેલા 2022માં એક ગુજરાતી પરિવારનું કેનેડા થઈને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરતી વખતે મૃત્યુ થયું હતું. તેમને સરહદ પાર લઈ ગયેલા દાણચોરોએ તેમને માઈનસ 37 ડિગ્રી સેલ્સિયસના બરફના તોફાન વચ્ચે છોડી દીધા હતા.




### અમેરિકા જવા માટે ડંકી રસ્તો અપનાવે છે લોકો

દર વર્ષે હજારો ભારતીયો અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે જવા માટે ગેરકાયદેસર માર્ગ અપનાવે છે. લોકપ્રિય પરિભાષામાં તેને ડંકી રૂટ કહેવામાં આવે છે. ભારતથી અમેરિકાનું અંતર લગભગ 13,500 કિમી છે. હવાઈ માર્ગે અહીં પહોંચવામાં 17 થી 20 કલાકનો સમય લાગે છે.

વિપક્ષના સવાલોનો ચૂંટણી પંચે આપ્યો જવાબ

## ચૂંટણી પ્રક્રિયાને સમજ્યા વિના મતદાન ટકાવારી પર સવાલ ઊભા કરવા એ ખોટું

(એજન્સી) નવી દિલ્હી | તા. 26

લોકસભાની ચૂંટણીના સમયથી ચૂંટણી પંચે મતદાનની ટકાવારી અંગે મોરચો ખોલનારા વિપક્ષોને માત્ર મતદાનની ટકાવારી એકત્ર કરવાનું સંપૂર્ણ ગણિત જ સમજાવ્યું નથી, પરંતુ સમજ્યા વિના ચૂંટણી પ્રક્રિયા પર શંકા ઉભી કરવાની બાબત પણ ખોટી ગણાવી છે. ચૂંટણી પંચે કહ્યું કે, કોઈપણ રીતે ચૂંટણી પૂરી થયા પછી તમામ બૂથ પર વર્તમાન રાજકીય પક્ષોના એજન્ટને ફોર્મ-17C આપવામાં આવે છે, જેમાં તે બૂથ પર પડેલા મતોની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ હોય છે. જેમને મતદાનની ટકાવારીમાં ગેરરીતિની શંકા હોય તેઓ ફોર્મ-17C સાથે મેચ કરી શકે છે. પંચે લોકસભા ચૂંટણી વખતે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓને પણ આ જવાબ આપ્યો હતો, પરંતુ હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન જ્યારે વિપક્ષે આ મુદ્દો ફરીથી ઉઠાવ્યો ત્યારે પંચે મંગળવારે માત્ર લેખિત જ જવાબ ન આપતા આયોગે પૂછેલા પ્રશ્નોની યાદીમાં આને લગતા પ્રશ્નો અને જવાબોનો પણ સમાવેશ કર્યો છે.



### ચૂંટણી પંચે સમગ્ર પ્રક્રિયાની માહિતી આપી

ચૂંટણી પંચે તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી 2024માં કોંગ્રેસની ફરિયાદોનો જવાબ આપતા, ચૂંટણી દરમિયાન મતદાર યાદી અને મતદાર યાદી તૈયારીની પ્રક્રિયા વિશે સમજાવ્યું. ECએ જણાવ્યું હતું કે, 'ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.'

પંચે મતદાનના દિવસે અને અંતિમ આંકડામાં મતદાનની ટકાવારી વધારવા અંગે વિપક્ષના પ્રશ્નોના જવાબ પણ આપ્યા છે. જેમ કમિશને કહ્યું કે, 'જ્યાં સુધી દરેક બૂથ પર મતદાનની વિગતો ફોર્મ-17C સાથે મેચ કરીને રેકોર્ડ કરવામાં ન આવે ત્યાં સુધી માત્ર મતદાનની ટકાવારીના અંદાજિત આંકડા જ આપવામાં આવે છે.

### આ કારણે થાય મતદાનની ટકાવારીમાં વધારો

આની નોંધણી કરવાનું કામ સામાન્ય રીતે મતદાનના બીજા દિવસે સવાર સુધી ચાલુ રહે છે. આવી સ્થિતિમાં અંતિમ આંકડા બીજા દિવસે જ આવે છે. પંચના મતે, કોઈપણ રીતે મતદાનના દિવસે મતદાન અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા આંકડામાં થોડો ઘટાડો કરવામાં આવે છે, જેથી જો મતગણતરીમાં કોઈ વિસંગતતા હોય તો તેને સુધારી શકાય.

મુખપત્રમાં જ સંભલને કવર સ્ટોરી બનાવી

## મોહન ભાગવતના નિવેદન સાથે RSS જ સહમત નથી !

(એજન્સી) નવી દિલ્હી | તા. 26

દેશમાં છેલ્લા ઘણાં સમયથી મસ્જિદોને લઈને વિવાદ ઉગ્ર બન્યો છે. દેશમાં મસ્જિદોના સર્વેની માંગ વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'આવા મુદ્દા ઊઠાવવા અસ્વીકાર્ય છે.' જોકે, આરએસએસના મુખપત્રનો અભિપ્રાય ભાગવતથી સાવ અલગ જોવા મળી રહ્યો છે. આરએસએસના મુખપત્ર ઓર્ગેનાઈઝરે સંભલ મસ્જિદ વિવાદ પર એક કવર સ્ટોરી પ્રકાશિત કરી




છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, 'વિવાદિત સ્થળો અને સંરચનાઓનો વાસ્તવિક ઈતિહાસ જાણવો મહત્ત્વપૂર્ણ છે. જે ધાર્મિક સ્થળો પર હુમલો કરવામાં આવ્યો છે અથવા તોડી પાડવામાં આવ્યો છે તેના વિશે સત્ય જાણવું એ સભ્યતાના ન્યાય મેળવવા જેવું છે.' અહેવાલમાં લખ્યું હતું કે, 'ભારતના મુસ્લિમ સમુદાય માટે જણાવું જરૂરી છે કે, આક્રમણકારો દ્વારા હિન્દુઓ સાથે કરવામાં આવેલા ઐતિહાસિક અન્યાયને સ્વીકારવું છે.

## મહારાષ્ટ્રમાં કોન્ટ્રાક્ટ કર્મચારીએ ₹ 21 કરોડનું કૌભાંડ કર્યું

### પગાર 13 હજાર... BMW કાર અને બાઈક ખરીદી, ગર્લફ્રેન્ડને ફ્લેટ ભેટમાં આપ્યો

(એજન્સી) મુંબઈ | તા. 26

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં કોન્ટ્રાક્ટ કર્મચારીએ 21 કરોડનું કૌભાંડ આચર્યું છે. આ રકમથી તેણે એરપોર્ટ રોડ પર એક લક્ઝરી ફ્લેટ ખરીદ્યો અને તેની ગર્લફ્રેન્ડને ગિફ્ટમાં આપ્યો. તેણે પોતાના માટે BMW કાર અને બાઈક ખરીદી હતી. પોલીસે જણાવ્યું કે, 23 વર્ષીય હર્ષલ કુમાર ક્ષીરસાગર સંભાજીનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કોમ્પ્યુટર ઓપરેટર છે. તેમનો પગાર 13 હજાર રૂપિયા છે. આ વર્ષે 1 જુલાઈથી 7 ડિસેમ્બરની વચ્ચે તેણે ઈન્ટરનેટ બેન્કિંગ દ્વારા વિભાગના 13 ખાતાઓમાં 21 કરોડ 59 લાખ 38 હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેણે સાથી કર્મચારી યશોદા શેટ્ટી અને તેના પતિ બીકે જીવન સાથે મળીને આ કૌભાંડ ચલાવ્યું હતું.



### બેંક ખાતામાંથી રૂ. 59 કરોડની ગેરરીતિ

સંભાજીનગરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે રાજ્ય સરકારે નાણાં મોકલ્યા હતા. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નામે ઈન્ડિયન બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. આ ખાતામાં વ્યવહારો નાયબ રમત નિયામક દ્વારા સહી કરાયેલા ચેક દ્વારા કરવામાં આવ્યા હતા.

**કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ આરોપીઓની સંપત્તિનો ખુલાસો થયો :** આરોપી હર્ષલે રૂ. 1.20 કરોડની BMW કાર, રૂ. 1.30 કરોડની SUV અને રૂ. 32 લાખની BMW બાઈક ખરીદી હતી. આ સિવાય તેણે તેની ગર્લફ્રેન્ડ માટે એરપોર્ટની સામેના એક એપાર્ટમેન્ટમાં 4 BHK ફ્લેટ ખરીદ્યો હતો. આરોપીઓએ શહેરના એક જાણીતા જ્વેલરને હીરાના ચશ્મા બનાવવાનો ઓર્ડર પણ આપ્યો હતો. તેના સાથી કોન્ટ્રાક્ટ વર્કરના પતિએ પણ 35 લાખ રૂપિયાની SUV કાર ખરીદી છે.

પેપરલીક બાદ લાઠીચાર્જ મુદ્દે રાહુલ ભડક્યા

## પેપર લીક કરાવી યુવાઓનો અંગૂઠો કાપવામાં આવી રહ્યો છે

(એજન્સી) નવી દિલ્હી | તા. 26

બિહાર જાહેર સેવા આયોગ (BPSC)ની પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક થયા બાદ ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ ઘટનાના કારણે વિદ્યાર્થીઓ અને સરકાર વચ્ચે તણાવ વધી ગયો છે. 13 ડિસેમ્બરે યોજાનાર પ્રારંભિક પરીક્ષા વખતે પેપર લીકના અહેવાલો બાદ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરા મજબૂર થયા છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા રદ કરવાની અને ફરી પરીક્ષા યોજવાની માંગ કરી રહ્યા છે. ગઈકાલે (25 ડિસેમ્બર) પટણામાં પોલીસે BPSC ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હતો. હવે આ મામલાને રાહુલ ગાંધીએ ગંભીરતાથી લીધી છે અને તેમણે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.



### પેપર લીકનો મામલો શું છે?

13 ડિસેમ્બરે યોજાયેલી પ્રારંભિક પરીક્ષામાં અનેક ગોટાળાના આક્ષેપ લાગ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, તેમને મોડા પ્રશ્નપત્રો આપવામાં આવ્યા અને અનેક જગ્યાએ પ્રશ્નપત્રો ફાટેલા હતા. જેના કારણે પેપર લીક થયું હોવાની પ્રબળ આશંકા થઈ. બીજીતરફ બીપીએસસીના ચેરમેન પરમાર રવિ મનુભાઈએ પરીક્ષા રદ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે માત્ર પટણાના બાબુ પરીક્ષા કેન્દ્રમાં ચાર જાન્યુઆરી-2025ના રોજ ફરી પરીક્ષા યોજવાની જાહેરાત કરી.

### પોલીસે વિદ્યાર્થીઓ પર કર્યો હતો લાઠીચાર્જ



વાસ્તવમાં પેપર લીક થવા મામલે વિદ્યાર્થીઓએ બીપીએસસી ઓફિસને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો વાયરલ થયા છે. પોલીસે માત્ર વિદ્યાર્થીઓ જ નહીં મહિલા દેખાવકારો પર પણ કડકાઈથી કાર્યવાહી કરી હતી. દેખાવકારોએ આક્ષેપ કર્યો છે કે, તેમની સાથે આતંકવાદી જેવો વ્યવહાર કરાયો. અમે અમારી માંગણીઓ માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. પોલીસ કોઈપણ માહિતી વગર આવી અને અમારા પર લાઠીચાર્જ કર્યો છે.

ગાયિકાને માફી માગવી પડી... 'જય શ્રીરામ' ના નારા લગાવવા પડ્યા

## ઈશ્વર-અલ્લાહ તેરો નામ...ભજન પર હોબાળો

### પટનામાં 'મૈં અટલ રહૂંગા' કાર્યક્રમ દરમ્યાન બની ઘટના

(એજન્સી) પટના | તા. 26

બિહારના પટનામાં ગુરુવારે અટલજયંતીની ઉજવણીમાં મહાત્મા ગાંધીના ભજન રઘુપતિ રાઘવ રાજા રામ...ને લઈને હોબાળો થયો હતો. ભજન ગાયિકા દેવીને માફી માગવી પડી. જય શ્રીરામના નારા લગાવવા પડ્યા, ત્યાર બાદ જ મામલો શાંત થયો અને કાર્યક્રમ ફરી શરૂ થયો. બીજી તરફ, RJD નેતા લાલુ પ્રસાદ યાદવે આ ઘટના પર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે જ્યારે નીતિશ કુમારના બીજેપી સાથીઓએ ગાંધીજીનું ભજન ગાયું તો તેમણે હંગામો મચાવ્યો. ઓછી સમજણ ધરાવતા લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા



અશ્વિની ચૌબેએ 25 ડિસેમ્બરે પટનાના બાપુ ઓડિટોરિયમમાં 'મૈં અટલ રહૂંગા' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સિંગર દેવીને કાર્યક્રમમાં પર્ફોર્મ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન દેવીએ 'ભારત માતા કી જય' અને 'અટલ બિહારી વાજપેયી અમર રહે'ના નારા લગાવ્યા હતા. આ પછી તેણે રઘુપતિ રાઘવ રાજા રામનો ગુંજારવ શરૂ કર્યો. જ્યારે દેવીએ 'ઈશ્વર-અલ્લાહ તેરો નામ' ભજનની પંક્તિ ગાયું ત્યારે સભાગૃહમાં હાજર લગભગ 60-70 યુવા કાર્યકરો ગુસ્સે થઈ ગયા. આ પછી બધા પોતપોતાના સ્થાને ઊભા થઈ ગયા અને 'જય શ્રીરામ'ના નારા લગાવવા લાગ્યા.

### વિરોધ કરનારાઓએ તેમની નાની વિચારસરણી બતાવી

વિવાદ બાદ સિંગર દેવીએ કહ્યું- આ વિવાદ અનપેક્ષિત હતો. આ ગાંધીજીનું પ્રિય ભજન છે. સન્માન પછી દરેકને ગીત ગાવાનું કહ્યું. વિવાદ બાદ સ્ટેજ પર હાજર લોકો પણ સમજી શક્યા નહોતા કે શું થઈ રહ્યું છે. બાદમાં ખબર પડી કે તેઓ અલ્લાહના નામ પર ગુસ્સે થઈ ગયા. જ્યારે શહનાબાઝ હુસૈન પણ મંચ પર હાજર હતા. આમાં વિવાદનો કોઈ અર્થ નહોતો. એના પર ગાયિકા દેવીએ કહ્યું- ભગવાન આપણા બધાના છે અને તેમનો હેતુ માત્ર રામને યાદ કરવાનો હતો, જોકે એની કોઈ અસર ન થતાં આયોજકોએ દરમિયાનગીરી કરી હતી.

## પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની તબિયત બગડી, દિલ્હી AIIMSમાં દાખલ, ડૉક્ટરો એલર્ટ પર

નવી દિલ્હી: પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનમોહન સિંહની ગુરૂવારે સાંજે તબિયત બગડતા તેમને દિલ્હીની AIIMSમાં દાખલ કરાયા છે. પીટીઆઈએ સૂત્રોને ટાંકીને આ માહિતી આપી છે. 92 વર્ષીય સિંહને હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. જો કે, AIIMS પ્રશાસન તરફથી હજુ કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી, પરંતુ ઈમરજન્સી વિભાગના ડોક્ટરનું કહેવું છે કે, તેમને એલર્ટ મોડ પર રહેવા માટે કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ભારતના અર્થતંત્રમાં તેજીનો પવન ફૂંકનાર પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ 33 વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ રહેલા છે. દેશના અર્થતંત્રના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેનારા મનમોહન સિંહ પ્રથમ વખત 1991માં રાજ્યસભાના સાંસદ બન્યા હતાં.



# મીઠી વીરડી ગામનાં દરિયા કિનારા પર સિંહનો મૃતદેહ મળી આવ્યો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

વનવિભાગે આસપાસ નો વિસ્તાર ચકાસ્યો વનવિભાગ ને કોઈ શંકાસ્પદ વસ્તુઓ કે અવશેષો નાં મળ્યા વનવિભાગે સંતોષ માની લીધો વનવિભાગે પોસ્ટમોર્ટમ કરી અને પાણી માં ડૂબી જવાથી સિંહનું મૃત્યુ થયું તેવું પ્રાથમિક તારણ આપ્યું અને સંતોષ માની લીધો મૃત સિંહનાં અવશેષો એફ. એસ. એલ માં મોકલી દીધા વનવિભાગે સંતોષ માની લીધો અને છેલ્લે વનવિભાગે પ્રેસ નોટ જાહેર કરી સિંહ પ્રેમીઓ અને જાહેર જનતાને જાણ કરી અને સંતોષ માની લીધો સિંહ મરી ગયો તપાસ પુરી કેસ ખતમ ફાઈલ બંધ. પહેલાં વાંચો



વનવિભાગની પ્રેસ નોટ વનવિભાગનાં નાયબ વન સંરક્ષક, શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા દ્વારા એક પ્રેસનોટ જાહેર કરવામાં આવી. તા.૨૪/૧૨/૨૦૨૪નાં રોજ વન્યજીવ રેન્જ, તળાજા પાસે ઉમરાળા રાઉન્ડની માથવડા બીટનાં મીઠી વીરડી ગામનાં દરિયા કિનારાથી અંદાજીત ૧૫૦ મીટર દરિયામાં નર સિંહ ઉ.વ. અંદાજીત ૯ થી ૧૨ વર્ષનો મૃતદેહ મળી આવેલ હતો. . ત્યારબાદ સિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ પરીક્ષણ માટે એનિમલ કેર સેન્ટર, ગેબર ખાતે ખસેડવામાં આવેલ અને વેટેનરી ઓફિસરો દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કર્યા બાદ વેટેનરી ઓફિસરો દ્વારા પ્રાથમિક તારણ પાણીમાં ડૂબી જવાથી સિંહનું મૃત્યુ થયેલ હોવાનું જણાવેલ છે. વધુ તપાસ અર્થે મૃત્યુ થયેલ વન્યપ્રાણીનાં સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે.

# અનાથ બાળકોનો સહારો બનતી બનાસકાંઠા પોલીસ



(માહિતી બ્યુરો,પાલનપુર)

જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં બાળકોની સુરક્ષા અને કલ્યાણ માટે પોલીસ સ્ટેશન દીઠ બે ચાઈલ્ડ વેલફેર પોલીસ ઓફિસરની નિમણૂક કરાઈ છે. આ માટે પોલીસ વિભાગના જવાનોને તાલીમ આપવામાં આવી છે. બાળ સુરક્ષા કચેરી, બનાસકાંઠા દ્વારા જિલ્લાના અનાથ બાળકોને શિક્ષણ અને તેમના વિકાસ માટે સરકારશ્રી દ્વારા પ્રતિ માસ ત્રણ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. યોજનાની લાભાર્થી દીકરીઓને લગ્ન સમયે રૂપિયા ૨ લાખની સહાય પણ આપવામાં આવે છે. બનાસકાંઠા ની સંવેદનશીલ પોલીસ વિભાગના આગથળા પોલીસ સ્ટેશનના એ. એસ.આઈ.શ્રી જયરૂપભાઈ ચૌધરી કે જેઓએ આ તાલીમથી પ્રેરણા લઈ આવા અનાથ બાળકોની શોધખોળ કરી લાભાર્થીઓને યોજનાની માહિતી આપે છે.

# વઘઈ ગોડાઉનમાંથી અનાજનો ટ્રક ગાયબ થતા ગોડાઉનમાં લગાવેલ CCTV કેમેરા સામે પ્રશ્નાર્થ

સુશીલ પવાર : ડાંગ



ડાંગ જિલ્લાનાં વઘઈ સરકારી અનાજનાં ગોડાઉનમાંથી લાખો રૂપિયાના ઘઉંનો જથ્થો ભરેલ ટ્રક અચાનક ગાયબ થઈ જતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.જોકે આ ઘટના ને કારણે પંથકમાં અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યાં છે. વઘઈ - આહવા રોડ ઉપર આવેલ વઘઈ સરકારી ગોડાઉન સામે રોડ ઉપર ટાટા કંપનીનો ગાડી રજી. નં. જી.જે -૧૫-એ.વી-૩૦૩૩ માં અનાજ (ઘઉં) ૫૦ કિગ્રાના ૫૦૦ કટ્ટા ભરેલ હતા.જેનું કુલ વજન ૨૫,૩૮૦ કિગ્રા જેની કિંમત રૂપિયા ૧૩,૭૦,૫૨૦/- હોય, જોકે આ ટ્રક પછીથી આ જથ્થા સાથે જ ગાયબ થઈ ગઈ હતી. ત્યારે અહીં રૂપિયા ૧૩,૭૦,૫૨૦/- નો ઘઉં નો જથ્થો અને ટ્રક જેની કિંમત રૂપિયા ૧૫ લાખ એમ મળી કુલ કિંમત રૂપિયા ૨૮,૭૦,૫૨૦/- નો મુદ્દામાલ સરકારી ગોડાઉન પાસેથી રાત્રિના સમયે રોડ પરથી ગાયબ થતા ગોડાઉનમાં લગાવેલ સી. સી. ટી. વી. કેમેરા સામે પણ પ્રશ્નાર્થ ઉભા થઈ રહ્યા છે.કારણ કે ત્યાં સી.સી. ટી. વી. કેમેરા સહિતની સુવિધા હોવા છતાં કોઈ ની પણ નજરમાં આવ્યા વગર ચોર ટ્રક સાથે ઘઉંનો જથ્થો ગાયબ કરી જાય તે વાત ગળે ઉતરે તેમ નથી.ત્યારે ગોડાઉનમાં લગાવેલ કેમેરા ચાલુ છે કે બંધ તે પણ તપાસનો વિષય બનવા પામેલ છે.તેમજ આ ઘટના બાદ અનાજનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોય તેવી ચર્ચાઓ પણ જોવા મળી રહી છે. કારણ કે આ રીતે ટ્રક ગોડાઉનમાંથી બહાર નીકળે અને તેની જાણ મેનેજર કે પુરવઠા વિભાગના અધિકારીઓને ન હોય તે વાત શક્ય બને ખરી ?

# વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલ શખ્સને પાસામાં ભાવનગર જેલ ખાતે ધકેલતી એલ.સી.બી. નર્મદા

ભરત શાહ : નર્મદા

નર્મદા પોલીસ વડા પ્રશાંત સુંબે નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ જીલ્લામાં અસામાજીક તત્વો વિરૂધ્ધ સખત અટકાયતી પગલા લેવાની સુચના અને માર્ગદર્શન મુજબ આર.જી.ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટર એલ. સી.બી.નાઓના સુપરવિઝન હેઠળ જે.આર.ડામોર તથા એલ.સી.બી. પોલીસ સ્ટાફ મારફતે વિદેશી દારૂની હેરાફેરી તથા વેચાણ કરતા સતિષ ભાઈ નટવરભાઈ ઉર્ફે નટુભાઈ વસાવા સાવા રહે. સેજપુર તા.દેડીયાપાડા જી. નર્મદાના વિરૂધ્ધ દેડીયાપાડા પો.સ્ટે. માં બે પ્રોહીબીશનના ગુના દાખલ થયા હતા. જેથી તેની વધતી જતી અસામાજીક પ્રવૃતિ ડામવા અને અંકુશમાં લાવવા માટે તેના વિરૂધ્ધ દેડીયાપાડા પો.સ્ટે. પાસા કેસ નં. ૧૦/૨૦૨૪ થી પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદાનાઓને મોકલવામાં આવેલ હતી.આ પાસા દરખાસ્ત જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદાનાઓ દ્વારા મંજુર કરતા સતિષ વસાવા ને એલ.સી.બી પોલીસ સ્ટાફ મારફતે ડીટેઇન કરી જરૂરી કાર્યવાહી બાદ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ પાસામાં ભાવનગર જિલ્લા જેલ ખાતે સુપ્રત કરવામાં આવતા અન્ય બૂટલેગરો માં ફફડાટ ફેલાયો છે.




# સનાતન વર્લ્ડ પરિવાર દાહોદના ઉપાધ્યક્ષ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું



દિપક રાવલ દાહોદ

દાહોદ ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે થાંદલાના રહેવાસી ઝમકુબેન કાળુભાઈ ખડિયા નાં 28 દિવસના બાળકને લોહીની ઉણપ થતા,રક્ત દાન મહા દાન એ ઉકિતને સાર્થક કરતા તુરંત જ ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે પહોંચી સનાતન વર્લ્ડ પરિવાર દાહોદના જિલ્લા ઉપાધ્યક્ષ શ્રી ઉમેશભાઈ બામણીયા દ્વારા રક્તદાન કરવામાં આવ્યું.

# પાલનપુર ખાતે શોર્ટ ફિલ્મ સ્ક્રીનીંગ ફેસ્ટિવલ, 18 જેટલી શોર્ટ ફિલ્મ રજૂ કરાઈ

(માહિતી બ્યુરો,પાલનપુર)




બનાસકાંઠા જિલ્લાના યુવાઓ રંગમંચ અને ફિલ્મ ક્ષેત્રે આગળ આવે તેવા ઉમદા હેતુથી પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરના પ્રયત્નોથી બનાસકાંઠામાં સૌપ્રથમ શોર્ટ ફિલ્મ સ્ક્રીનીંગ ફેસ્ટિવલ યોજાયો હતો. રાજ્યના માહિતી નિયામકશ્રી કે.એલ.બચાણીની વિશેષ ઉપસ્થિતિમાં પાલનપુર સ્થિત વિદ્યામંદિર ખાતે યોજાયેલ આ ફેસ્ટિવલમાં કુલ ૧૮ જેટલી શોર્ટ ફિલ્મ રજૂ કરાઈ હતી. સપ્તરંગ સોસાયટી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં લાલી, તર્પણ, મિટ્ટી પાણી, દાયણ, રૂટ ઓફ ડેથ, બુટ, મિડલ ક્લાસ, માણસાઈ જેવી ફિલ્મો રજૂ કરાઈ હતી. મહાનુભાવોના હસ્તે સ્થાનિક કલાકારોને પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરએ જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં સૌપ્રથમ આ રીતે ઘર આંગણે શોર્ટ ફિલ્મ સ્ક્રીનીંગનો ફેસ્ટિવલ યોજાયો છે. તેમણે કહ્યું કે, સ્પર્ધા નહીં પણ સ્ક્રીનીંગ કરીએ. સ્થાનિક રંગમંચના કલાકારોને એક પ્લેટફોર્મ મળી રહે તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. આ મુજબના કાર્યક્રમથી બનાસવાસીઓ પોતાની કલાને દેશ અને દુનિયા સમક્ષ મૂકી શકશે.

# સાપુતારા પોલીસની ટીમે પોકેટકોપ અને ઇ- ગુજકોપની મદદથી નાશિક જિલ્લાનો બાઈક ચોરીનો ભેદ ઉકેલી આરોપીની કરી અટક

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસની ટીમે પોકેટકોપ અને ઇ ગુજકોપની મદદથી નાસિક જિલ્લામાં થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.અને આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. સાપુતારા પોલીસ સ્ટાફનાં માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પી. આઈ.આર.એસ.પટેલને ખાનગી રાહે બાતમી મળી હતી કે, મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લાના પિંપળગાવ પોલીસ મથકે બાઈક ચોરી નો ગુનો નોંધાયેલ છે.જેમાં ચોરાયેલ પ્લેટિનમ મોટરસાયકલ રજી. નં.MH -15-HR-0075 ને લઈને એક ઈસમ ગુજરાતના માળુંગા ચેકપોસ્ટ તરફ આવે છે. જે બાતમીના આધારે સાપુતારા પોલીસ સ્ટાફના માણસોએ વોચ ગોઠવી હતી. અને માળુંગા ચેકપોસ્ટ પાસેથી મોટરસાયકલ સાથે વિજય લહાનુ ધોંગડે (ઉ. વ.૩૦, રહે. લાડગાવ તા. સુરગાણા જી.નાશિક મહારાષ્ટ્ર) ની અટકાયત કરી હતી. તેમજ 15 હજારની કિંમતની પ્લેટિનમ મોટરસાયકલ પણ રિકવર કરવામાં આવી હતી.



### "સહકાર થી સમૃધ્ધિ" ના વિઝન ને સાકાર કરવા માટે

# એમ- પેક્સ, ડેરી, ફિશરીઝ સોસાયટીની રચના સંદર્ભે દાહોદ APMCના ખાતે મેગા ઈવેન્ટનું આયોજન થયું

દિપક રાવલ : દાહોદ લીમખેડા

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહકારથી સમૃધ્ધિ" ના વિઝનને સાકાર કરવા નવી રચાયેલ M-PACS, Dairy અને Fisheries કો-ઓપરેટીવ સોસાયટીની રચના સંદર્ભેની મેગાઈવેન્ટનું દાહોદમાં એ.પી.એમ.સી. ખાતે 'આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિતે ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોરની ઉપસ્થિતિ સહિત એ. પી.એમ.સી.ના ડિરેક્ટરશ્રીઓ, પંચમહાલ ડિસ્ટ્રિક્ટ સહકારી બેન્કના ડિરેક્ટરશ્રીઓ, દૂધ સંઘ ગોધરાના ડિરેક્ટરશ્રીઓ, દાહોદ જિલ્લામાંથી આવેલ મંડળીના ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રી, કમિટી સભ્યશ્રીઓ, સભાસદો, જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, દાહોદના બી. સી. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન કચેરી તરફથી આપવામાં આવતી સીઓપી-૫ સહાયની મંજૂરીના હુકમો, નવીન રચના કરવામાં આવેલ દૂધ મંડળીઓના રજીસ્ટ્રેશનના સર્ટિફિકેટ, નવીન શાહુકારોના પરવાના સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એ સાથે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેન્ક લી. દાહોદ શાખા તરફથી ખેડૂતોને કે.સી.સી. એનાયત કરવામાં આવ્યા હતા. આ દરમ્યાન સહકાર ખાતાની વિવિધ યોજનાઓ તેમજ નાબાર્ડની વિવિધ યોજનાઓ વિશેની માહિતી પણ આપવામાં આવી હતી.



# જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને ડિસેમ્બર માસનો જિલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

અમદાવાદ ખાતે ડિસેમ્બર મહિનાનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ 23 જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારોની સમસ્યાને ડીડીઓશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત તેમણે વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી. આ સ્વાગત કાર્યક્રમમાં 23 જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, વરસાદી પાણીના નિકાલ માટે કેનાલ બનાવવા, જમીન કપાતના વળતરની રકમ ચૂકવવા બાબત, ગેરકાયદેસર બાંધકામ અને દબાણ દૂર કરવા, પેવર બ્લોકના સમારકામ, 7/12માં થયેલ ક્ષતિ સુધારવા બાબત, એસ.ટી. સ્ટોપ આપવા બાબત જેવા અનેક પ્રશ્નોનો જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેએ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો. પોતાની સમસ્યાનું નિરાકરણ આવતા તમામ અરજદારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું.

### 2 ગાયો થકી સરળતાથી પ્રાકૃતિક ખેતી કરીને

# શુદ્ધ શાકભાજી સહિત અનાજ પકવતા પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈ બામણ્યા

દિપક રાવલ : દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં મોટાભાગના લોકો ખેતી પર નિર્ભર છે. ખેતીના કારણે મબલખ અનાજ ઉત્પાદન થતા ખેતીની બાબતમાં ખેડૂતો આત્મનિર્ભર તો બનતા ગયા પરંતુ પાકનું વાવેતર વધારે થાય એ માટે રાસાયણિક ખાતર અને રાસાયણિક બિયારણનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. રસાયણના વધુ પડતા અને સતત ઉપયોગ થકી જમીનની ફળદ્રુપતા ધીમે ધીમે ઘટતી ગઈ, જે કંઈપણ પાક હોય એની ગુણવતા પણ ઘટતી ગઈ, પાકમાં વિવિધ પ્રકારના રોગોએ દેખા દીધી, જેને નિવારવા માટે ફરીથી રાસાયણિક વિવિધ પ્રકારની દવાઓના ઉપયોગ કરવાનું શરૂ કર્યું. જેથી કરીને પાકમાં પણ રસાયણનું પ્રમાણ વધતું ગયું. દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકાના પાંદડી ગામના વતની એવા ખેડૂતશ્રી રમેશભાઈ બામણ્યા પોતે છેલ્લાં ૩ વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવી રસાયણ મુક્ત અનાજ અને શાકભાજી કરી રહ્યા છે. રીંગણ, મરચા, લસણ, ટામેટા અને ફણસી જેવા સીઝનલ પાકો લઈને રમેશભાઈ બામણ્યા શુદ્ધ અને સાત્વિક કહી શકાય એવુ અનાજ પકવીને પરિવારનું ભરણ પોષણ કરી રહ્યા છે. રમેશભાઈ પાસે ૨ ગાયો અને ૧ વાછરડું છે. જેમાંથી તેઓ આરામથી ખાતર અને દવા બનાવીને પાકને આપી શકે છે. જેના કારણે ખેતરમાં કોઈપણ પાક સરળતાથી કરી શકાય છે. પ્રગતિશીલ ખેડૂતશ્રી રમેશભાઈ બામણ્યા જણાવે છે કે, રાસાયણિક બિયારણ, રાસાયણિક ખાતર તેમજ રાસાયણિક દવાઓ થકી થતા નુકસાન અને ભાવના કારણે આર્થિક જાવક વધુને આવક ઘટતી ગઈ. આ બાબત વાતાવરણ અને સમગ્ર જીવ સૃષ્ટિ માટે ગંભીર હોવાથી કુદરતી ખેતી તરફ પાછા વળવું જરૂરી બની ગયું છે.



# ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ભારત રત્ન પં. મદન મોહન માલવિયાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

ભારત રત્ન મહામના પં. મદન મોહન માલવીય, એક મહાન સમાજ સુધારક અને આદર્શ વાઈસ ચાન્સેલર તરીકે, હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને મહત્વ આપે છે. તેમણે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો. તેમણે હંમેશા ચારિત્ર્ય નિર્માણથી ભરપૂર યુનિવર્સિટી બનાવવા પર ભાર મૂક્યો હતો. આ વાત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સના ચાન્સેલર પ્રો. ધીરેન્દ્ર પાલ સિંહજીએ કરી હતી . તેઓ બુધવારે ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના શિક્ષણ સંસ્થાન અને મહામના માલવિયા મિશન, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે આયોજિત મહામના પંડિત મદનમોહન માલવિયાની જન્મજયંતિની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરી રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં માલવીયજીના વિચારોને જીવંત કરવાની જરૂર છે. તેમણે માલવિયા જીના વાઈસ ચાન્સેલર તરીકેના કાર્યકાળ સાથે જોડાયેલા ઘણા સંસ્મરણો વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે વર્તમાન યુગમાં શૈક્ષણિક સંસ્થાઓની માત્ર શૈક્ષણિક જવાબદારીઓ જ નથી પરંતુ સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક જવાબદારીઓ પણ છે. આ દરમિયાન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. રમાશંકર દુબે અને માલવિયા મિશન ગુજરાતના પ્રમુખ રણજીતકુમાર ઝા, મુખ્ય અતિથિ પ્રો. ધીરેન્દ્ર પાલ સિંહનું સ્વાગત કર્યું હતું. યુનિવર્સિટીના ફાયનાન્સ ઓફિસર પ્રો. સંજય ઝાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ દરમિયાન કાર્યક્રમની અધ્યક્ષતામાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રમાશંકર દુબેએ કહ્યું કે માલવીયજીએ દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.



# મુખ્યમંત્રી વીર બાલ દિવસની અમદાવાદના થલતેજ ગુરુદ્વારાની ઉજવણીમાં સહભાગી થયા

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વીર બાલ દિવસ નિમિત્તે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં આયોજિત કાર્યક્રમમાં સહભાગી થયા હતા. શીખ સંપ્રદાયના ગુરુ ગોવિંદસિંહ ના બે નાના પુત્રોએ રાષ્ટ્ર અને ધર્મ રક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૨૨ થી તા. ૨૬ ડિસેમ્બરને દેશભરમાં વીર બાલ દિવસ તરીકે ઉજવાવામાં આવે છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, દેશના સ્વાભિમાન અને સ્વધર્મ રક્ષા માટે પરંપરાનું મહત્વનું યોગદાન ત્યાગ તપસ્યા અને બલિદાનથી ભરેલું છે. તેમણે ઉમેર્યું કે, વીર બાલ દિવસ દેશના યુવાનો અને બાળકોમાં રાષ્ટ્ર પ્રથમનો ભાવ પ્રેરિત કરનારો મહત્વપૂર્ણ દિવસ છે. વીર બાલ દિવસ એ સંસ્કૃતિ અને માતૃભૂમિના રક્ષણ તથા સ્વાભિમાન ખાતર ધર્મ પરિવર્તન સામે ઝુકવાના બદલે પોતાના પ્રાણની આહુતિ આપવાની આપણી શૌર્યગાથાનું પ્રતીક છે એમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં દશકોથી ચાલતી આવતી પરંપરાને ભારતીય સભ્યતા સાથે સુસંગત રીતે જોડી છે. મુખ્યમંત્રી ગુરુદ્વારામાં યોજાયેલા શબદ કીર્તનમાં જોડાયા હતા અને ભક્તિભાવ પૂર્વક ગુરુ ગ્રંથ શાહેબના દર્શન પૂજન તેમણે કર્યા હતા. એટલું જ નહીં, થલતેજ ગુરુદ્વારામાં કરવામાં આવતી લંગર સેવામાં જોડાઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભોજન પ્રસાદ પણ પીરસ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યઓ અમિતભાઈ શાહ, જીતુભાઈ પટેલ, અમુલભાઈ ભટ્ટ, દર્શનાબહેન વાઘેલા, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટે. ચેરમેન દેવાંગભાઈ દાણી તથા પ્રદેશ અને શહેર સંગઠનના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં શીખ સમુદાયના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.



# એસીસી જામુલમાં અદાણી ફાઉન્ડેશને પશુધન વિકાસ દ્વારા ગ્રામીણ મહિલાઓને સશક્ત કરી

રાંચી : વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની એસીસી અને અદાણી ફાઉન્ડેશને કૃષિ ઈનોવેશન દ્વારા જામુલમાં ગ્રામીણ સશક્તિકરણને આગળ ધપાવ્યું છે. ઈન્ટિગ્રેટેડ કમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (આઈસીડીપી) દ્વારા છત્તિસગઢના નંદિની ખુંડિનીના કાંતિ બાઈ યાદવે આધુનિક પશુધન પદ્ધતિઓને અપનાવી છે, જેનાથી નાણાકીય સ્વતંત્રતા અને તેમના પરિવારના ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ મોકળો બન્યો છે. એસીસી અને અદાણી ફાઉન્ડેશનના સહયોગથી નાના ખેડૂત કાંતિ બાઈ યાદવે તેમની ગાય માટે સેક્સ સોર્ટેડ સીમેન (એસએસએસ) કુત્રિમ ગર્ભાધાન (એઆઈ) ટેક્નોલોજી અપનાવી. આ ટેક્નિકના પરિણામરૂપે ઉચ્ચ ઉપજ ધરાવતી માદા ગીર વાછરડાનો જન્મ થયો, જેનાથી દૂધ ઉત્પાદનમાં સ્થિર આવકની ખાતરી મળી તથા તેમના પરિવારનું નાણાકીય ભારણ ઘટ્યું છે. કાંતિ બાઈએ જણાવ્યું હતું કે, તેનાથી અમારા જીવનમાં પરિવર્તન આવ્યું છે અને અમને વધુ સુરક્ષિત ભવિષ્યની આશા મળી છે. તેમણે ઉદાહરણ આપ્યું હતું કે તેવી રીતે આધુનિક પશુધન વિકાસ પદ્ધતિઓ ગ્રામીણ મહિલાઓને નાણાકીય સ્વતંત્રતા તરફ સશક્ત કરે છે. એસીસી અને અદાણી ફાઉન્ડેશન આવા પરિવર્તનકારી પરિવર્તનોને પ્રોત્સાહન આપીને ગ્રામીણ આજીવિકાને મજબૂત બનાવવા અને સમુદાયોના ઉત્કર્ષને આગળ ધપાવે છે.



# સરકારની તમામ મિનીસ્ટરી ના ખેલાડીઓ વચ્ચે યોજાયેલ ઈન્ટર મિનીસ્ટરી ચેસ ટુર્નામેન્ટમાં લાસાની કોઠારીએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ભરત શાહ : નર્મદા

જિલ્લાના વડા મથક રાજપીપળા ની સિવિલ હોસ્પિટલ માં વર્ષથી ફરજ બજાવતા અને હાલમાં ઘણા સમય થી ઈન્ચાર્જ સિવિલ સર્જન તરીકે જવાબદારી સંભાળતા ડૉ. હરેશ કોઠારી ની દીકરી લાસાની કોઠારી કે જેઓ એક ના એક દીકરી છે અને સ્પોર્ટ માં હમેશા અવ્વલ આવતા હોય તેમને દિલ્હી ઈન્કમટેક્સ ની વડી કચેરી માં સ્પોર્ટ કોટા માં જોબ મેળવી વિભાગ ની ઉમદા કામગીરી ની સાથે સાથે તેમની સ્પોર્ટ ની આવડત અને રુચિ માં પણ હંમેશા આગળ રહેતા હાલમાં લાસાની કોઠારી, ભારત સરકાર ના ઈન્કમટેક્સ વિભાગ તરફ થી પ્રતિનિધિત્વ કરી દિલ્હી ખાતે તા. 14 થી 18 ડીસેમ્બર દરમિયાન યોજાયેલ સરકાર ની તમામ મિનીસ્ટરી ના ખેલાડીઓ વચ્ચે યોજાયેલ ઈન્ટર મિનીસ્ટરી ચેસ ટુર્નામેન્ટ 2024-25 માં ચેસ ના તમામ રાઉન્ડ માં વિજેતા બની ચેમ્પિયન બનતા ગોલ્ડ મેડલ મેળવી ગૌરવ વધાર્યું હતું. આ દીકરી કે ભૂતકાળ માં પણ સ્કૂલ અને કૉલેજ કક્ષા એ તેમજ સ્ટેટ અને નેશનલ લેવલે ચેમ્પિયન રહી પોતાની કારકિર્દી હજુ જાળવી રાખી છે તથા આંતર રાષ્ટ્રીય ફિડે રેટિંગ ધરાવે છે. આમ લાસાની કોઠારી એ પોતાના કુટુંબ, સમાજ અને ઈન્કમટેક્સ વિભાગ નું ગૌરવ વધાર્યું છે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

ઘરકંકાસમાં દંપતીએ જીવન ટૂંકાવતાં બે બાળક નોધારાં, પરિવારે કહ્યું- 'સગાઈની તારીખ જીવનની અંતિમ તારીખ બની'

# પતિના આપઘાતના 48 કલાકમાં પત્નીની આત્મહત્યા

જૂનાગઢ | દાંપત્ય જીવનમાં હંમેશાં કોઈ ને કોઈ મુદ્દે પતિ અને પત્ની વચ્ચે ખટરાગ થયા કરતા હોય છે. પરંતુ પતિ-પત્ની વચ્ચે ઝઘડો અંતિમ પગલાં સુધી પહોંચી જાય તો સામે છેડે પાત્રને આઘાત જીરવવો મુશ્કેલ બની જાય છે. આવી જ એક ઘટના જૂનાગઢમાંથી સામે આવી છે. ત્રણ દિવસ પહેલા(23 ડિસેમ્બર, 2024) પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડા બાદ પતિએ આત્મહત્યા કરી હતી. ત્યાર બાદ પત્નીએ પતિના આપઘાતના 48 કલાકમાં એટલે કે 25 ડિસેમ્બરે આત્મહત્યા કરી લીધી હતી. ગીતાબેન પરમારે પતિના વિરહમાં પતિની ઉત્તરક્રિયાના અને એંગેજમેન્ટ એનિવર્સરીના દિવસે જ પત્નીએ પણ ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવી લીધું છે. પતિ-પત્નીના અંતિમ પગલાંથી બે બાળકો માવતર વિનાનાં થઈ ગયાં છે.

આ ઘટનાની વિસ્તારથી વાત કરીએ તો જૂનાગઢના શીતલ નગરમાં રહેતા અને પ્રાઈવેટ જોબ કરતા 39 વર્ષીય સતીષ પરમારના લગ્ન 18 વર્ષ પહેલાં ગીતાબેન સાથે થયા હતા. આ દંપતીને એક 11 વર્ષનો દીકરો અને 16 વર્ષની દીકરી હતી. આ પરિવાર સુખ-શાંતિથી જિંદગી જીવતો હતો. દાંપત્ય જીવનમાં પતિ-પત્ની વચ્ચે અવારનવાર નાના-મોટા ઝઘડાઓ થતા હતા. આ દરમિયાન 23 ડિસેમ્બરના રોજ સતીષે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેના બે દિવસ બાદ સતીષ પરમારની ઉત્તરક્રિયા રાખવામાં આવી હતી. જે દિવસે જ સવારમાં પતિના વિરહમાં પત્ની ગીતાબેને પણ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.



## બે બાળકનું પણ ના વિચાર્યું: જિજ્ઞેશ રાઠોડ

આ અંગે મૃતક મહિલાના ભાઈ જિજ્ઞેશ રાઠોડે જણાવ્યું હતું કે, મારા બનેવીએ ગત 23 ડિસેમ્બરમાં નાની અમથી બાબતમાં ઘરકંકાસમાં ગળાંફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેના બે દિવસ પછી મારા બેને પણ મારા બનેવીના વિરહમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મારા બેન અને બનેવીએ બંનેએ આત્મહત્યા કરી પણ એમણે તેમનાં બે બાળકોનું પણ ના વિચાર્યું.. બંને બાળકોએ પોતાનાં માતા-પિતા ગુમાવ્યાં છે.

## આવું પગલું કોઈએ પણ ન ભરવું જોઈએ: કેતન પરમાર

કેતન પરમારે અન્ય લોકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, જીવનમાં એક ક્ષણનો ક્રોધ જ્યારે વ્યક્તિના મગજમાં પસાર થાય છે ત્યારે જો વિચાર નબળા આવી જાય તો ન થવાનું થઈ જાય છે. મોટાભાગે દરેક પતિ-પત્ની વચ્ચે નાના-મોટા ઝઘડાઓ થતા હોય છે. પરંતુ આ ઝઘડાઓથી એવા કોઈ નિર્ણય ન લેવા જોઈએ કે એ નિર્ણયથી પછી પરિવારને દુઃખ ભોગવવાનો વારો આવે. લોકોએ ક્ષણના ક્રોધ, કંકાસ કે ઝઘડામાં જીવન ટૂંકાવવું ન જોઈએ. કદાચ મારાં ભાઈ-ભાભીએ આ ઘરકંકાસને થોડીવાર માટે ભૂલી પોતાનાં બાળકો અને પરિવારનું વિચાર્યું હોત તો આજે તેનાં બાળકો માવતર વગરનાં ન થયાં હોત. આ અંગે મૃતક સતીષના ભાઈ કેતન પરમારે જણાવ્યું હતું કે, મારાં ભાઈ-ભાભીના સગાઈની આજે તારીખ છે, આ બંનેના જીવનની પણ આજે અંતિમ તારીખ હતી. મારાં ભાઈ-ભાભીએ સામાન્ય ઝઘડામાં ગળાંફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

# પાટણ યુનિવર્સિટીમાં ઘર્ષણ મામલે કોંગી MLA સહિત 21 લોકો પોલીસ મથકે હાજર થતાં ધરપકડ કરાઈ

(એજન્સી) પાટણ | તા. 26

પાટણની હેમ.ઉ.ગુ.યુનિ.માં રજૂઆત કરવા માટે ગયેલા પાટણ ધારાસભ્ય કિરીટ પટેલ સહિતના લોકો અને પોલીસ તેમજ યુનિ.ના અધિકારી વચ્ચે થયેલા ઘર્ષણ મામલે થયેલી ફરિયાદ અંગે કોર્ટમાં જામીન અરજી પાછી ધકેલાતા પાટણના કોંગી ધારાસભ્ય સહિત 21 લોકો વહેલી સવારે પોલીસ મથકે હાજર થતાં તેમની ધરપકડ કરવામાં આવી છે. જેમને હવે કોર્ટમાં રજૂ કરાશે.

કિરીટ પટેલ સહિત 21 લોકો વહેલી સવારે પોલીસ મથકે હાજર થયાના સમાચાર મળતાં જ તેમના સમર્થકો પણ પોલીસ મથકે પહોંચી રહ્યા છે. દારૂ મામલે રજૂઆત કરવા જતાં થયેલા ઘર્ષણ અંગે ધારાસભ્ય કિરીટ પટેલ સહિત 21 લોકોની સોમવારે રોજ કોર્ટમાં આગોતરા જામીન અરજીની કાર્યવાહી સમયે સરકારી વકીલ દ્વારા આ કેસમાં અગત્યની માહિતી મેળવવાની હોવાથી મંગળવારની મુદત માંગવામાં આવતાં કોર્ટે મંગળવારની તારીખ આપી હતી અને ફરીથી સુનાવણી હાથ ધરવામા આવી હતી.

જેમાં સરકારી વકીલને સમય માંગતા ફરી 26 ડીસેમ્બર ગુરુવારે મુદત પડી હતી. ત્યારે આજે ધારાસભ્ય ડો.કિરીટ પટેલ, પુર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમરભાઈ દેસાઈ સહિત તમામ આગેવાનો કાર્યકરો સવારે 6 વાગે બી ડીવીઝન પોલીસ મથકે હાજર થતાં તેમની ધરપકડ કરવામાં આવી છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણમાં કોંગ્રેસ અને એનએસયુઆ-ઈના કાર્યકર્તાઓ દ્વારા પોલીસ અને યુનિવર્સિટીના અધિ-કારીઓ સાથે કરવામાં આવેલ ઘર્ષણ મામલે 14 વ્યક્તિ-ઓની નામજોગ અને 200 વ્યક્તિઓના ટોળા સામે પાટણ બી ડિવિઝન પોલીસ મથક ખાતે પોલીસ ફરિયાદ નોંધાવ-વામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં પોલીસ દ્વારા કોંગ્રેસ અને એનએસયુઆઈના 12 જેટલા આરોપીઓની ધરપકડ કરી દેવામાં આવી હતી અને તેઓ જામીન પર મુક્ત થયા છે.



પાટણની સેશન્સ કોર્ટમાં પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઘેમરભાઈ દેસાઈએ પોતાની ધરપકડ ટાળવા માટે તેઓના વકીલ દ્વારા આગોતરા જામીન અરજી મૂકવામાં આવી હતી. ત્યારે શનિવારે પાટણ સેશન્સ કોર્ટમાં જામીન અરજીની સુનાવણી સમયે પોલીસ અધિકારી દ્વારા કોર્ટમાં સોગંદનામુ રજૂ કરવામાં ન આવતા તેમજ મુખ્ય સરકારી વકીલ પણ બહાર ગયેલા હોઈ સેશન્સ કોર્ટના જજ દ્વારા સોમવારે આગોતર જામીન અરજીની સુનાવણીની તારીખ આપી હતી.

ગેસલાઈનમાં ભંગાણ થતાં ફ્લેશ ફાયર...

# સુરતમાં એકાએક ભડાકો થતાં 4 લોકો દાઝ્યા; 5 દુકાન બળીને ખાખ

(એજન્સી) રાજકોટ | તા. 26

સુરત | સુરતના ગોડાદરા વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની કામગીરી દરમિયાન નીચેથી પસાર થતી ગેસલાઈનમાં ભંગાણ થવાની ઘટના સામે આવી હતી. ગેસ લિકેજ થતાની સાથે જ ફ્લેશ ફાયર થતાં ચાર જેટલા લોકો આગની ઝપેટમાં આવી જતા દાઝ્યા હતા. એકાએક આગ ફાટી નિકળતા લોકો પોતાનો જીવ બચાવી ભાગ્યા હતાં. ઘટના અંગે જાણ થતાં ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી.

આ વિકરાળ આગમાં પાંચ જેટલી દુકાનમાં બળીને ખાખ થઈ ગઈ હતી, જેના વળતરની માગ સાથે લોકો રસ્તા પર ઉતરી આવ્યાં હતાં.



## ગેસલાઈન લિકેજ થતા આગ લાગી

ગોડાદરા સિનેમા રોડ ખાતે ગેસલાઈનમાં લીકેજ થતા જબરજસ્ત ફ્લેશ ફાયર જોવા મળ્યું હતું. ધીરેધીરે આગે ખૂબ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દુકાનની નજીક જ ફ્લેશ ફાયર વધુ હોવાથી ચારથી પાંચ જેટલી દુકાનોને લપેટમાં લઈ લીધી હતી. જેમાં બે મોબાઈલની દુકાન સહિત અન્ય દુકાનોમાં આગ લાગી હતી.

ગેસલાઈનના લીકેજ બાદ દુકાનમાં આગ લાગતા ઉપર રહેતા રહીશોમાં ગભરાટ ફેલાયો હતો.

# પાટણમાં સ્પામાં ચાલતા દેહ વ્યાપારનો પર્દાફાશ



(એજન્સી) પાટણ | તા. 26

પાટણ શહેરના અંબાજી નેળિયા પાસેના કેન્સર એવન્યુ નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે ચાલતા સ્વામી બુદ્ધા સ્પામાં ચાલતા દેહ વ્યાપારનો ગોરખ ધંધો એસ ઓ જી પોલીસે ઝડપી લીધો છે. જે મામલે બે વ્યક્તિઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

પાટણ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમને બાતમી મળી હતી કે, પાટણ શહેરના અંબાજી નેળિયા પાસે કેન્સર એવન્યુ નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે ચાલતા સ્વામી બુદ્ધા રિલેક્સ નામના સ્પામાં બહારથી છોકરીઓને લાવીને મસાજના નામે તેમની પાસે દેહ વ્યાપાર કરાવવામાં આવે છે જેથી પોલીસે બોગસ ગ્રાહક ઊભો કરી મહિલા પોલીસ અને પંચોને સાથે રાખી કાર્યવાહી હાથ ધરી હતી.

સ્પાના નામે ચાલતા ગોરખધંધો ચાલતું હોવાનું સામે આવતા જ પોલીસે આ ગોરખ ધંધો ચલાવનાર અશ્વિન સિંહ વિક્રમભાઈ વાઘેલા રહે ઉંબરી તા કાંકરેજ જી બનાસકાંઠા અને ઉત્તમ સોની ગામ ડીસા બનાસકાંઠા વાળા વિરુદ્ધ અનૈતિક વ્યાપાર પ્રતિબંધ અધિનિયમની કલમો હેઠળ એફઆઈઆર નોંધીને અશ્વિન સિંહ વાઘેલાની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડ્રગ્સ લીધું હશે તો 1 મિનિટમાં જ ખબર પડી જશે...

# થર્ટીફર્સ્ટ પહેલાં સુરત પોલીસ 15 લાખના ડ્રગ્સ ડિટેક્શન એનેલાઈઝર મશીન સાથે રોડ પર ઊતરી

(એજન્સી) સુરત | તા. 26

31 ડિસેમ્બરને ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સુરત પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે. શહેરમાં નવા વર્ષની ઉજવણીને લઈને SOG પોલીસની ટીમ દ્વારા ચેકિંગ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)એ ન્યુ યર પાર્ટી અને રેવ પાર્ટીઓમાં ડ્રગ્સ સેવન પર લગામ લગાવવા માટે 15 લાખની કિંમતનું અદ્યતન ડ્રગ્સ ડિટેક્શન એનેલાઈઝર મશીન સાથે રોડ પર ઊતરી ચેકિંગ શરૂ કરી દીધું છે. આ મશીન માત્ર 60 સેકન્ડમાં કોઈપણ વ્યક્તિએ ડ્રગ્સ લીધું છે કે નહીં, તે જણાવી શકે છે. આ મશીન ડ્રગ્સ પાર્ટી અને નશાની પ્રવૃત્તિઓને રોકવામાં મહત્ત્વનું સાબિત થશે.

નવા વર્ષની ઉજવણી દરમિયાન રેવ પાર્ટી અને ડ્રગ્સ પાર્ટીનું આયોજન થતું હોય છે. જેને અટકાવવા માટે પાલ રોડ અને રાંદેર જેવા હોટસ્પોટ વિસ્તારોમાં પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. એસઓજીની ટીમે ડ્રગ્સ ટેસ્ટિંગ કિટ સાથે વાહનચાલકો અને શંકાસ્પદ વ્યક્તિઓની ચકાસણી શરૂ કરી છે. એસઓજી પીઆઈ સોનારાએ જણાવ્યું કે, ડ્રગ્સ અને રેવ પાર્ટીઓ પર માનવ સર્વેલન્સ, ડ્રોન અને ડ્રગ્સ ડિટેક્શન એનેલાઈઝર મશીનના ઉપયોગથી ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે. આવી ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ લોકોને કડક સજા કરવામાં આવશે. NDPS (નાર્કોટિક ડ્રગ્સ અને સાઈકોટ્રોપિક સબસ્ટાન્સ)ના કેસો માટે એન્ટિ નાર્કોટિક્સ યુનિટ કાર્યરત રહેશે. NGO અને વિવિધ સંસ્થાઓ સાથે મળી, ડ્રગ્સના બંધાણી રહેલા લોકોના પુનર્વસન માટે ખાસ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

આ અદ્યતન મશીન મોબાઈલ રેપિડ ડ્રગ્સ સ્ક્રિનિંગ ઈન્સ્ટ્રુમેન્ટ છે, જે કોઈ પણ સ્થળે સરળતાથી લઈ જઈ શકાય છે. મશીન સાથેની કિટમાં સલાઈવા લેવાનું સાધન છે. શંકાસ્પદ વ્યક્તિના મોઢામાંથી સેમ્પલ લઈને મશીનમાં કિટના માધ્યમથી મૂકવામાં આવે છે અને ત્યારબાદ 60 સેકન્ડમાં ડ્રગ્સ લેવા અંગેની જાણ થાય છે. અગાઉ લોહીનાં સેમ્પલની તપાસ માટે 7 દિવસનો સમય લાગતો હતો, પણ હવે આ મશીન તાત્કાલિક ચકાસણીમાં મદદરૂપ થશે.



## ડ્રગ્સ પાર્ટી પર સીધી કાર્યવાહી...

ડ્રગ્સનો ઉપયોગ કરતા લોકો માટે આ મશીન ચેતવણી સમાન છે. ન્યૂ યર પાર્ટીઓ પર પોલીસની ખાસ નજર છે. ડ્રગ્સ અથવા રેવ પાર્ટીનું આયોજન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી માટે આ મશીન મહત્ત્વનું હથિયાર બનશે. સુરત એસઓજીના મશીનથી પ્રથમ જ પગલામાં સફળ પરિણામો મળ્યાં છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને આવનારા દિવસોમાં વધુ મશીનો મંગાવવાની યોજના બનાવવામાં આવી છે. શહેરમાં ડ્રગ્સ વિરુદ્ધ આ કડક અભિયાન સુરતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે. પોલીસે તાકીદ કરી છે કે કોઈ પણ ગેરકાયદે પ્રવૃત્તિઓના આયોજન કરતા પહેલાં 100 વખત વિચારવું પડશે, કેમ કે 15 લાખનું આ મશીન તાત્કાલિક ચકાસણી કરીને કડક પગલાં લેશે.

# ખાંભાના માંનકેશ્વર મંદિર જવાના માર્ગે શિકારની શોધમાં એકસાથે 4 સિંહોએ દોડધામ મચાવી



અમરેલી | અમરેલીમાં ખાંભા શહેરમાં છેલ્લા 7 થી 8 દિવસથી સિંહોએ ધામ નાખ્યા હોય તેમ જોવા મળી રહ્યું છે. ખાંભામાં માનકેશ્વર મંદિર જવાના માર્ગે સિંહબાળ સાથે 4 વન્યપ્રાણી શિકારની શોધમાં આવી પહોંચ્યા હતા. રાત્રે બજારમાં સિંહ પરિવારની લટાર જોવા મળી હતી.

મોડી રાતે સિંહોની અવર જવર અહીં સતત વધી રહી છે. અહિં રહેણાંક વિસ્તાર હોવાથી રહિશોમાં ડરનો માહોલ પર સર્જાયો છે. ગત રાતે એક સિંહ પરિવાર બજારમાં લટાર મારી રહ્યો હતો, જે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

રાત્રીના સમયે સિંહો રેવન્યુ વિસ્તાર છોડી રહેણાંક વિસ્તારમાં લટાર મારી રહ્યા છે. જેને પગલે વનવિભાગના કર્મચારીઓમાં પણ દોડધામ જોવા મળી રહી છે. આજથી 2 દિવસ પહેલા ખાંભા શહેરમાં સિંહોએ એક ઘોડીનો શિકાર કર્યો હતો. સિંહોની લટાર સતત વધતા લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. વનવિભાગ પેટ્રોલીંગ વધારી સિંહોને જંગલ વિસ્તારમાં ખસેડે તેવી સ્થાનિકોની માંગ છે.

# પોરબંદરે દૂષિત પાણીના મુદ્દે બંધ પાળ્યો

(એજન્સી) પોરબંદર | તા. 26

જેતપુરના ઉદ્યોગોનુ દૂષિત પાણી પોરબંદરના દરિયામાં ઠાલવાના સરકારના પ્રોજેકટ સામે પોરબંદરમાં વિરોધનો વંટોળ ઉઠ્યો છે. આજે પોરબંદર સહિત ગુજરાતના દરિયાઈ પટ્ટીના ગામો બંધ પાળી અને આવેદન પત્ર અપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પોરબંદર પણ જોડાયું હતું. શહેરના મોટાભાગના વિસ્તારોમએ બંધ પાળી અને વિરોધનો સુર વ્યક્ત કર્યો હતો.

જેતપુરના સાડી ઉદ્યોગોનુ દુષિત પાણી પોરબંદરના દરિયામાં ઠાલવાના સરકારના નિર્ણય સામે પોરબંદરમાં વિરોધ પર વંટોળ જોવા મળ્યો હતો. ચાર દિવસ પૂવે ગુજરાતભરના ખારવા સમાજના આગેવાનો પોરબંદર આવ્યા હતા અને બે દિવસ સુધી દૂષિત પાણીના મુદ્દે ચર્ચા કરી હતી. આગામી રણનીતિ પણ તૈયાર કરવામાં આવી હતી, જેના ભાગરૂપે ગુરજરાતના દરિયાઈ પટ્ટીના ગામો તા.ખ 26મી ડીસેમ્બરના રોજ બંધ પાળી અને સ્થાનિક કક્ષાએ આવેદન પત્ર આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેના ભાગરૂપે પોરબંદર પણ આજે સવારથી અડધો દિવસ બંધમાં જોડાયું હતું. જૂના બંદર, લકડી બંદર અને સુભાષનગર સહિતના વિસ્તારો બંધ જોવા મળ્યા હતો. સોનીબજાર, સુતારવાડા, એમજીરોડ સહિતના મોટાભાગન વિસ્તારોમાં બંધ જોવા મળ્યો હતો. પોરબંદરમા દૂષિત પાણીના મુદ્દે આજે બંધ પાળી અને ભારે રોષ વ્યકત કર્યો હતો. ખારવા સમાજના સમર્થનાં વિવિધ વેપારી સંગઠનો અને સંસ્થાઓ જોડાઈ હતી.



# મઢેલી ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર ACBએ રંગે હાથ ઝડપી પાડ્યો

વડોદરા | વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના મઢેલી ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટરને વડોદરા લાંચ રૂશ્વત વિરોધી શાખાએ રૂપિયા 20ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ હતી. વિનામુલ્યે થતી કામગીરીના ઓપરેટર અરજદારો પાસેથી E-KYC કરી આપવા માટે 20 રૂપિયા ઉઘરાવતો હતો. નોંધનીય છે કે, સરકાર દ્વારા ઓપરેટરને E-KYC માટે પ્રતિ એક KYC કરવાના મહેનતાણારૂપે પાંચ રૂપિયા આપવામાં આવે છે.

મળેલી માહિતી પ્રમાણે, ડભોઈ તાલુકાના અડોદરા ગામનો રહેવાસી હિમાંશુ જગદીશભાઈ પટેલનો વાઘોડિયા તાલુકાના મઢેલી ગ્રામ પંચાયતમાં E-KYC સહિતની કામગીરી કરી આપવાનો કોન્ટ્રાક્ટ ધરાવે છે. સરકાર દ્વારા કેવાયસી ફરજિયાત કરાતા અરજદારો મોટી સંખ્યામાં કેવાયસી કરાવવા માટે ગ્રામ પંચાયત ખાતે ઉમટી પડ્યા હતા. સરકાર દ્વારા ઈકેવાયસી કરવાના પાંચ રૂપિયા કોમ્પ્યુટર ઓપરેટરના ખાતામાં સીધા જમા કરવામાં આવતા હતા. અરજદારોએ એક પણ રૂપિયો આ કોમ્પ્યુટર ઓપરેટરને આપવાનો થતો નથી. તેમ છતાં કોમ્પ્યુટર ઓપરેટર હિમાંશુ પટેલ અરજદાર દીઠ કેવાયસી કરવાના તેમની પાસેથી રૂપિયા 20 ઉઘરાવતો હતો.

આ માહિતી વડોદરા એસીબીને મળી હતી, જેના આધારે એસીબીએ મઢેલી ગ્રામ પંચાયતમાં છટકું ગોઠવ્યું હતું. દરમિયાન કોમ્પ્યુટર ઓપરેટરને અરજદાર પાસેથી ઈકેવાયસી કરવાના રૂપિયા 20 ઉઘરાવતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. અરજદારોને લૂંટતા લાંચિયા ઓપરેટરની ધરપકડ કરીને એસીબી દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પત્નીના મોતની સ્ટોરીમાં ચોંકાવનારો ખુલાસો...

# મોરબીમાં પત્નીના મોતની સ્ટોરી ઉભી કરી સસરાને ગુમરાહ કરનારા જમાઈ- પ્રેમિકા સામે ગુનો નોંધાયો

(એજન્સી) મોરબી | તા. 26

મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં આવેલા સીરામીક કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતી અને મજૂરીકામ કરતી પરિણીતા કુદરતી હાજતે ગઈ હતી અને તેનું મોત નીપજ્યું હતું તેવી જાહેરાત મૃતકના પતિ દ્વારા કરવામાં આવી હતી. જોકે પોલીસ તપાસ દરમિયાન મૃતક મહિલાને ગળાટૂંપો આપીને તેની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. જેથી કરીને આ બનાવ સંદર્ભે હાલમાં મૃતક મહિલાના પતિ અને તેની સાથે રહેતી મહિલાની સામે મૃતક મહિલાના પિતાએ ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

મૂળ રાજસ્થાનના રહેવાસી અર્જુનસિંહ મોડાજી નાયક (50)એ હાલમાં તેના જમાઈ રાહુલ રોડુલાલ નાયક (રહે.મૂળ સુણાસરા જિલ્લો મંદોસર એમપી હાલ રહે ઓલવીન સીરામીક કારખાનામાં જાંબુડીયા ગામની સીમ મોરબી) તથા તેની સાથે રહેતી મહિલા રેવાલી રાહુલ નાયકની સામે હત્યાની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણે જણાવ્યું છે કે, ફરિયાદીની દીકરી પાયલ ઉર્ફે રાનીના લગ્ન આરોપી રાહુલ નાયક સાથે થયા હતા. જોકે રાહુલ નાયકને રેવાલી સાથે આડાસંબંધ હોય તે રાહુલની સાથે તેની બીજી પત્ની તરીકે રહેતી હતી અને ફરિયાદીની દીકરી પાયલને તેનો પતિ રાહુલ પત્ની તરીકે રાખવી ન હોય બંને આરોપીઓએ સાથે મળીને ફરિયાદીની દીકરી પાયલ (20)નું ગળું દબાવીને તેની હત્યા કરી નાખી હતી.

ત્યાર બાદ પાયલની લાશને દોરડાંથી બાંધીને ઓરડીની પાછળના ભાગે ઉતારી દીધી હતી અને પુરાવાનું નાશ કરવા માટેનો પ્રયાસ કર્યો હતો. ફરિયાદીના દીકરીના મોત બાબતે તેના જમાઈએ ફરિયાદીને ખોટી માહિતી આપી હતી અને પુરાવાનો નાશ કર્યો હતો.

સરકાર વારંવાર હાથતાળી આપતી હોવાનો શહેરીજનોનો આક્ષેપ

## આણંદમાં મંગળવારે રાત્રે અને નાતાલની રજામાં પણ પાલિકા કચેરીમાં સતત કામકાજ ચાલુ રખાયું

# આણંદ, નડિયાદ મહાનગરપાલિકાના અમલની જાહેરાતની આશા ઠગારી નીવડી

(એજન્સી) આણંદ | તા 26

રાજ્ય સરકાર દ્વારા સુશાસન દિવસ એટલે કે તા.૨૫ ડિસેમ્બરના રોજ આણંદ, નડિયાદ સહિત નવ નગરપાલિકાઓમાં મહાનગરપાલિકાના અમલીકરણની જાહેરાત કરવાની શક્યતાઓ પ્રબળ બની હતી. પરિણામે આખો દિવસ આણંદ અને નડિયાદવાસીઓ દ્વારા મહાનગરપાલિકાના અમલીકરણની જાહેરાતની કાગડોળે રાહ જોવામાં આવી હતી પરંતુ સાંજ સુધી જાહેરાત ન થતાં મહાપાલિકાના અમલની આશા ઠગારી નીવડી હતી. તેમજ સરકાર વારંવાર હાથતાળી આપતી હોવાના આક્ષેપો શહેરીજનોએ લગાવ્યા હતા.

આણંદ નગરપાલિકાના ચીફ ઓફિસર એસ.કે. ગરેવાલે જણાવ્યું હતું કે, અધિકારીઓ સવારથી મહાનગરપાલિકાની જાહેરાત સંદર્ભે સતત સંપર્કમાં રહ્યા છીએ. સરકાર તરફથી કોઈ સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો નથી. સરકાર ક્યારે જાહેરાત કરે તે કહી શકાય તેમ નથી. મોડી રાત્રે અથવા થોડા દિવસો બાદ પણ જાહેરાત કરી શકે છે.

હાલ આ સંદર્ભે ચોક્કસ માહિતી આપી શકાય તેમ નથી. જોકે, મહાપાલિકામાં પરિવર્તિત કરવાની જાહેરાતના સંદર્ભે મંગળવારે આખો દિવસ, રાત અને બુધવારે નાતાલની જાહેર રજા હોવા છતાં સરકારી વહીવટી કામો અને ગ્રાન્ટની રકમની ફાળવણી માટે આણંદ પાલિકા કચેરી સતત ચાલુ રહી હતી. પાલિકાના ચીફ ઓફિસર સહિત તમામ કમિટીના કર્મચારીઓને સ્ટેન્ડબાય રહેવાનો આદેશ હોવાથી પાલિકાની ઓફિસ બુધવારે ધમધમતી રહી હતી.

કોન્ટ્રાક્ટરોને બાકી પડતા બિલની રકમની ચુકવણીઓ સહિત ગ્રાન્ટની રકમની તાત્કાલિક ફાળવણી કરી કામોની તાંત્રિક મંજૂરી આપી દેવાઈ હતી. છેલ્લા બે દિવસમાં આણંદ પાલિકા દ્વારા શહેરમાં અંદાજે પાંચ કરોડથી વધુ રકમના રોડ, ગટર, સફાઈ સહિતના કામોના ઉદ્ઘાટન કરી, ચાર દિવસમાં અંદાજે રૂ.૮ કરોડથી વધુની રકમના ટેન્ડરિંગ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તેવામાં મહાનગરપાલિકાની જાહેરાત થાય તો તેની સાથે જ પાલિકાની ચૂંટાયેલી પાંખને સુષુપ્ત કરી દેવામાં આવશે અને રાતોરાત ગ્રેડ-એના અધિકારીને પાલિકાના વહીવટદાર તરીકે નિમણૂંક કરી તુરંત ચાર્જ આપી દેવામાં આવશે. જેથી હાલમાં પાલિકાની ભાજપની બોડીએ રાતોરાત પાલિકાની તિજોરી ખાલી કરવાના પ્રયત્નો શરૂ કરી દીધા હોવાનું શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે.



### વોર્ડ વિભાજનથી આણંદમાં ભાજપને નુકસાન થવાની ચર્ચા

હાલ આણંદ નગરપાલિકાની વસ્તી અંદાજે ૨.૨૬ લાખ છે. શહેરમાં ૯ વોર્ડના બાવન કાઉન્સિલરો છે. જેમાંથી ભાજપના અંદાજે ૩૬ સભ્યો જીતે છે. જ્યારે અન્ય બેઠકો પર કોંગ્રેસ અને અપક્ષ ચૂંટાઈને આવે છે. તેવામાં મહાનગરપાલિકા બને તો જીટોડીયા, ચિખોદરા, લાંભવેલ, કરમસદના વોટ વિભાજનમાં કોંગ્રેસનું વર્ચસ્વ હોવાથી મહાપાલિકામાં ભાજપને બહુમતિ મેળવવામાં અડચણો ઉભી થઈ શકે તેવું ચર્ચાઈ રહ્યું છે.

# નડિયાદમાં પ્રારંભિક ધોરણે 5 રૂટ પર સિટી બસ સેવાનો પ્રારંભ

## માતર કેનાલને સમાંતર વૉક-વે, આઈકોનિક રોડનું ડેવલપમેન્ટ સહિત 11.10 કરોડના કામોનું ખાતમુહૂર્ત

(એજન્સી) નડિયાદ | તા 26

નડિયાદમાં બુધવારે સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ૧૨ વર્ષથી બંધ થયેલી સિટી બસ સેવાનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો હતો. પાંચ રૂટ ઉપર ચાલનારી ફાયર સેફ્ટી અને સીસીટીવી કેમેરાથી સજ્જ પાંચ બસોને લીલી ઝંડી આપવામાં આવી હતી. ઉપરાંત માતર કેનાલને સમાંતર વૉક-વે, આઈકોનિક રોડનું ડેવલપમેન્ટ, ખેતા તળાવનું રીનોવેશન સહિત રૂ.૧૧.૧૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. નડિયાદ પશ્ચિમમાં ઝલક રિંગરોડ કેનાલ ખાતે સુશાસન દિવસની ઉજવણી માટે ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨ વર્ષથી બંધ થયેલી સિટી બસ સેવાને પુનઃ શરૂ કરવા માટે પ્રાથમિક ધોરણે પાંચ સિટી બસોને લીલીઝંડી આપવામાં આવી હતી. મુખ્યમંત્રી બસ પરિવહન યોજના અંતર્ગત નડિયાદમાં પાંચ વર્ષ માટે મહેસાણાની ગુરૂકૃપા ટ્રાવેલ એજન્સી નામની ખાનગી એજન્સીને સિટી બસ સેવા ચલાવવા અને નિભાવણી કરવા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. ઉપરાંત મુખ્યમંત્રી દ્વારા નડિયાદના ખેતા તળાવ ખાતે સિટી સિવિક સેન્ટરનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ રૂ.૯.૨૫ કરોડના ખર્ચે માતર કેનાલને સમાંતર વૉક-વે, સાયકલ ટ્રેક અને ગાર્ડન બ્યૂટીફિકેશન સહિતના કામ, રૂ.૧.૦૯ કરોડના ખર્ચે આઈકોનિક રોડ ડેવલપમેન્ટનું કામ તથા રૂ. ૭૬ લાખના ખર્ચે ખેતા તળાવનું રીનોવેશન મળી કુલ રૂ.૧૧.૧૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. બંને કામો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અનુક્રમે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને નિર્મળ ગુજરાત ૨.૦ યોજના અંતર્ગત કરવામાં આવશે. સિટી બસ સેવા પુનઃ શરૂ કરવાના શહેરીજનો માટેના મહત્વના કાર્યક્રમ અંગે વિપક્ષના એક પણ કાઉન્સિલરને જાણ ન કરાઈ હોવાના આક્ષેપ લાગ્યા છે. જાહેર નાણાંથી સેવા શરૂ કરવામાં આવે ત્યારે પક્ષ-વિપક્ષ છોડીને પ્રજાના તમામ પ્રતિનિધિઓને આમંત્રણ આપવું જોઈએ તેવી ચર્ચાઓએ જોર પકડયું હતું.

### અગાઉ સિટી બસ બંધ થવાના કેટલાક કારણો

નડિયાદમાં વર્ષો પહેલા સિટી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. તે સમયે સિટી બસમાં પુરતા મુસાફરો મળતા ન હોવાથી કમાણી ઓછી રહેતી હોવાની અને સિટી બસ ચલાવવા પાછળ ખર્ચ વધુ થતો હોવાનું જણાવી બસ બંધ કરી દેવામાં આવી હતી. પાલિકા પાસે પણ બસો ચલાવવા પુરતું ભંડોળ ન હોવાનું જણાવી મહિનો બસ ચલાવ્યા બાદ બંધ કરી દેવામાં આવી હતી.

### હાલમાં આ રૂટ ઉપર સિટી બસો દોડશે

૧. રેલવે સ્ટેશનથી વલેટવા ચોકડી, ૨. રેલવે સ્ટેશનથી પીજ ગામ, ૩. રેલવે સ્ટેશનથી ભૂમેલ ચોકડી, ૪. રેલવે સ્ટેશનથી નરસંડા, ૫.રેલવે સ્ટેશનથી સરદાર ભવન, મિલ રોડ, કમળા ચોકડી, મંજીપુરા, જવાહરનગરથી કપડવંજ રોડ ગણપતિ ચોકડી

# નડિયાદમાં વિધવા સાથે મકાન વેચાણે લેવાના બહાને છેતરપિંડી

(એજન્સી) નડિયાદ | તા 26

નડિયાદના યોગીનગરમાં એક વિધવા મહિલા સાથે તેના જ પુત્રના મિત્રએ ઠગાઈ કરી છે. ૨૦૧૮માં વિધવા મહિલાએ મકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપતા વેચાણ લેનારા દંપતીએ થોડા પૈસા પછી આપવાનું કહ્યું હતું. બાદમાં ઘર ખરીદવું નથી, તમે લોન ભરી દો એટલે પરત દસ્તાવેજ કરી આપીશું તેમ કહી વિધવાના પરિવારને ૨૦૨૩ સુધી લોન ભરાવવા સાથે વધુ રૂા. ૩ લાખ લીધા હતા. લોન ભરપાઈ થઈ જતા દંપતીએ પાછો દસ્તાવેજ કરી આપવાની ના પાડી દીધી હતી. આ અંગે વિધવાએ દંપતી સામે ગુનો નોંધાવ્યો છે. યોગીનગરમાં ૫૨ વષય સાધનાબેન ભટ્ટને વર્ષ ૨૦૧૮માં નાણાંકીય તંગી સર્જાતા પુત્ર મેહુલે પોતાના મિત્ર વિશાલ ત્રિવેદીને લોન માટે વાત કરી હતી. જેથી વિશાલ ત્રિવેદીએ મકાન વેચાણ રાખવાની વાત કરી હતી. સાધનાબેન અને તેમના પરિવારે તેમનું મકાન ૧૫.૧૧ લાખમાં વિશાલ ત્રિવેદી અને તેની પત્ની ભુમિને વેચાણ આપવાનું નક્કી કર્યું હતું. બાદ વિશાલે આ મકાન માટે બાનાખત કર્યા રઠી ૧૧.૭૭ લાખની લોન લીધી હતી. બાદમાં વિશાલે આપેલો ૧.૪૧ લાખનો ચેક રિટર્ન થયો હતો. તા. ૨૩-૩-૨૦૧૮એ બાકીની ૩.૩૩ લાખની માંગણી કરતા વિશાલે પૈસા ચૂકવી આપવાની ખાતરી આપતા પુત્રનો મિત્ર હોવાથી વિશ્વાસ રાખી વિશાલના પત્ની ભૂમિના નામે મકાન વેચાણનો દસ્તાવેજ કરી આપ્યો હતો. બાદમાં સાધનાબહેને રૂપિયાની માંગણી કરતા દંપતીએ અમારે મકાન ખરીદવું નથી, અમારા ૧૧.૭૭ લાખ પરત આપો, હપ્તા ભરી દો, લોન પૂરી થતા મકાનનો પાછો દસ્તાવેજ કરી આપીશું જણાવ્યું હતું.

# પેટલાદના શેરપુરામાંથી રૂા. 2.04 લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો

(એજન્સી) આણંદ | તા 26

પેટલાદ શહેરના શેરપુરા વિસ્તારમાંથી એક શખ્સને રૂા. ૨.૦૪ લાખના દારૂની ૧૩૬ બોટલો સાથે આણંદ એસઓજીએ ઝડપી પાડયો હતો. પેટાલદના કુખ્યાત બુટલેગર સહિત ચાર શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે. મળતી માહિતી મુજબ આણંદ એસ ઓ જી ની ટીમ ગઈકાલ રાત્રિના સુમારે પેટ્રોલિગમાં હતી દરમિયાન પેટલાદ શહેરના શેરપુરા ખાતે રહેતો સલમાન પઠાણ વિદેશી દારૂનો ધંધો કરે છે અને પોતાના ઘરમાં વિદેશી દારૂ હોવાની બાતમી પોલીસને મળી હતી જેના આધારે પોલીસે બાતમી વાળા સ્થળે ઓચિંતો છાપો મારી સલમાન ખાન દિલાવર ખાન પઠાણ ને તેના ઘરેથી ઝડપી પાડયો હતો પોલીસે તેના મકાનની તલાસી લેતા બાથરૂમમાં સંતાડી રાખેલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તેની ગણતરી કરતા કુલ ૧૩૬ નંગ બોટલો થઈ હતી જેની અંદાજિત કિંમત ૨૦૪,૬૦૮ જેટલી થવા જાય છે પોલીસે સલમાન પઠાણની પૂછપરછ કરતા આ વિદેશી દારૂનો જથ્થો પેટલાદના કલાલ પીપળ માં રહેતા કુખ્યાત મોહસીન મિયાં લિયાકતમિયા ઉર્ફે એલ કે મલેક તેમજ રાજુભીયા અનવરમીયા મલેક અને મોઈન મિયા મુનાફ મિયાં મલેક નો હોવાનું કબૂલ્યું હતું. આણંદ એલસીબી અને એસઓજી પોલીસે ગઈકાલે પેટલાદના ત્રણ સ્થળોએથી વિદેશી દારૂનો જથ્થો પકડવા સાથે પેટલાદ શહેર પોલીસ મથકના એક કોન્સ્ટેબલને પણ ઝડપી પાડયો હતો. આ તમામ સ્થળોએ પેટલાદના કુખ્યાત બુટલેગર લિયાકતમિયા ઉર્ફે એલકેના પુત્ર મોહસીન મિયાનું નામ ખૂલ્યું છે.

## ઘડિયા ગામે 8 હજાર ચો. ફૂટ જમીન ખૂલ્લી કરાઈ : 150 શેડ- દુકાનો, ઓટલા તોડયા



# કપડવંજમાં 1650.50 ચો.મી. જમીન પરથી દબાણ હટાવાયા

કપડવંજ : કપડવંજમાં કાચા- પાકા ૪૭ ઝૂંપડા- મકાનોના દબાણો દૂર કરી રૂા. ૭૦.૫૫ લાખની જમીન ખૂલ્લી કરાઈ છે. ઘડિયા ગામે ૮,૦૦૦ ચોરસ ફૂટ જમીન ખૂલ્લી કરાઈ છે. જ્યારે કપડવંજ- મોડાસા રોડ પર ટ્રાફિકને અડચણરૂપ ૧૫૦ શેડ- દુકાનો દૂર કરાયા છે. કપડવંજ તાલુકા વહીવટી તંત્ર દ્વારા કપડવંજના સ.નં.૨૩૯ ક્ષે.૦.૩૬.૪૨ તથા સ.નં.૩૪૪ પૈકી ૧.૨૫૩૬ વાળી જમીનોના દબાણ દુર કરી કુલ રૂ.૭૦,૫૫,૪૪૫ કિંમતની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. કાચા પાકા ૪૭ ઝુંપડા- મકાનના દબાણો દૂર કરી જમીનને તાર ફેન્સિંગ કરી દેવાઈ હતી. કપડવંજ પાલિકાની ટીમે કપડવંજના ટાઉનહોલ પાસે, નાની રત્નાકર માતા રોડ પર ૧૭ દુકાનો, ફાયર સ્ટેશન પાછળ કોટની બહાર રસ્તા પૈકીની ૨૭ દુકાનો, બસ સ્ટેન્ડ સામે મટન ગલીમાં રસ્તા પૈકીની ૨૩ દુકાનો, મીનાબજાર અંધારિયા વડ નીચેની ૧૪ દુકાનો તથા ૩ કેબીન અને મુખ્ય કુમાર શાળા આગળ ૭ દુકાનો, નદી દરવાજા કોટની બહાર ૧૨ મકાનો, એમ ૧૬૫૦.૫૦ ચો.મી. જમીન પરના દબાણો ખુલ્લા કરવામાં આવ્યા હતા. ઘડિયા ગામ વિસ્તારમાં ગેરકાયદે રીતે દબાણ કરેલા અંદાજે ૮૦૦૦ ચોરસ ફુટ જમીન ખુલ્લી કરી જેની બજાર કિંમત આશરે ૩,૦૦,૦૦૦ જેટલી થાય છે. માર્ગ અને મકાન (સ્ટેટ) કપડવંજ તથા તેમની ટીમે કપડવંજ મોડાસા રોડ પર દબાણધારકોના ટ્રાફિકને અડચણ એવા ૧૫૦ જેટલા કાચા તથા પાકા શેડ- દુકાન તથા ઓટલાઓ દૂર કર્યા છે.

## રાપરમાં ધિંગાણું યુવાન ઉપર હુમલો કરી દુકાન સળગાવી

ગાંધીધામ | રાપરમાં બે જૂથ વચ્ચે ફરી લોહીયાણ ધીંગાણું સર્જાયું છે. જેમાં અગાઉ થયેલા ઝગડાનું મનદુઃખ રાખી પાંચ શખ્સોએ પ્રાણઘાતક હથિયારો વડે રાપરણા બગીચા પાસે મારી નાખવાનાં ઈરાદે હુમલો કર્યો હતો. જેમાં લાકડાનાં ધોકા અને લોખંડનાં પાઈપ વડે યુવાનને બેફામ મારમારી હાથ અને પગનાં ભાગે ફ્રેક્ચર સહીતની ઈજાઓ પહોંચાડી હતી. સામા પક્ષે ૩ મહિલા સહીત ૧૭ શખ્સો ગેરકાયદે મંડળી રચી સામા પક્ષનાં યુવાનની દુકાને જઈ દુકાનનાં શટરમાં પાવડાનો હાથો અને ત્રિકમ મારી નુકશાન કર્યું હતુ અને શટર ઉપર પેટ્રોલ છાંટી દુકાનને આંગ ચાંપી દીધી હતી. તમામ શખ્સો યુવાનના ઘરમાં ઘુસી ઘરમાં પાર્ક બે કારનાં આગળ - પાછળ અને સાઈડનાં તમામ કાચ તોડી દીધા હતા.

ટેમ્પાચાલક સાથે બોલાચાલી કરતા રોકવા જતાં બનાવ બન્યો

# કડિયા પાસે ફોરેસ્ટ ઓફિસરને ધમકી આપીઃ આધોઇનાં બે શખ્સો વિરૂધ્ધ FIR

(એજન્સી) ગાં ધીધામા| તા 26

સામખિયાળી - રાધનપુર નેશનલ હાઈવે પર આવેલી હોટલ પર આધોઈનાં બે શખ્સો પોતાની ઓળખ ફોરેસ્ટ ઓફિસર તરીકે આપી ટેમ્પા ચાલક સાથે માથાકુટ કરતા તેમના સમજાવવા જતા ફરજ પરના ઓફિસરને બે શખ્સોએ ધમકી આપી તેમના સાથે ગાળાગાળી કરતા તેમના વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે. મૂળ જામનગરનાં હાલે ભચાઉનાં આધોઈમાં રહેતા અને આધોઇ રોઉન્ડરમાં ફોરેસ્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા કરશનભાઈ દેવાયતભાઈ બડીયાવદરાએ ફરિયાદ નોંધાવી હતી કે,




ફરિયાદીને પોતાના ટેમ્પામાં ગાંડા બાવળનાં લાકડા ભરીને જતા મુકેશ કોળી નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. જેમાં તેણે જણાવ્યુ હતુ કે કારમાં આવેલા બે શખ્સો પોતાની ફોરેસ્ટ ઓફિસર તરીકેને ઓળખાણ આપી માથાકુટ કરી રહ્યા છે. જેથી ફરિયાદી પોતાની સાથે વનરક્ષક બ્રિજરાજસિંહ સાથે સામખિયાળી - રાધનપુર હાઈવે પર ઘરાણા સીમમાં આવેલી ભારત હોટલ ખાતે ગયા હતા. જ્યાં કાર નં જીજે ૧૨ ડીએમ ૭૦૩૮માં આવેલા ઈકબાલ આમદશા સૈયદ અને ફિરોજ કુરેશી (રહે. આધોઇ ભચાઉ) વાળા ટેમ્પા ચાલક સાથે માથાકુટ કરી રહ્યા હતા. જેથી ફરિયાદીએ બે આરોપી ઈકબાક અને ફિરોજને સરકારનું પરિપત્ર અંગે સમજાવી માથાકુટ ન કરવા જણાવતા બે શખ્સોએ ફરિયાદીને ભૂંડી ગાળો આપી અને ધાક ધમકી કરી હતી. જેથી ફરિયાદીએ બે શખ્સો વિરુદ્ધ લાકડીયા પોલીસ મથકે ફરજ રુકાવટ સહીતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

## બે ટ્રાન્સપોર્ટરનાં કન્ટેનર અને ટ્રેઈલરનું રૂપિયા 31 લાખ ભાડું ન ચૂકવી ઠગાઈ

(એજન્સી) ગાં ધીધામા| તા 26

રાજકોટની કંપનીએ ગાંધીધામનાં બે ટ્રાન્સપોર્ટરનાં વાહન પેટે ભાડાનાં કુલ ૩૧.૩૧ લાખ રૂપિયા ન ચૂકવી તેમના સાથે ઠગાઈ કરી છે. જેમાં રાજકોટ રહેતા શખ્સ અને તેની કંપનીએ વર્ષ ૨૦૨૨માં ગાંધીધામનાં બે અલગ અલગ ટ્રાન્સપોર્ટરનાં કન્ટેનર અને ટ્રેઈલર ભાડે લઇ અને ચલાવી અને ભાડા પેટે નીકળતા રૂપિયા આજ દિન સુધી બે ટ્રાન્સપોર્ટરને ચૂકવી ન આપતાં તેમના વિરુદ્ધ પોલીસ મથકે બે અલગ અલગ ફરિયાદ નોંધાઈ છે. ગાંધીધામનાં શક્તિનગરમાં રહેતા ધીરજ સત્યપાલ શર્માએ ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, રાજકોટ રહેતા આરોપી યોગેન્દ્ર માલુ અને રાજ એન્ડ કંપનીના માલિકને ફરિયાદીએ ગત ૧૨ માર્ચ ૨૦૨૨ થી ૨૮ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન પોતાની કંપની આઈ.એચ એ લોજીસ્ટીકમનાં ૪૭ કન્ટેનર ભાડા પર દીધા હતા.જેમાં ૪૭ પૈકી ૧૫ કન્ટેનરના ભાડા પેટે બાકી નિકળતા રૂ. ૨૪,૪૪,૯૧૫ આરોપી યોગેન્દ્ર માલુ અને રાજ એન્ડ કંપનીના માલિકે ફરિયાદીની કંપનીને ચૂકવ્યા ન હતા. જેમાં ફરિયાદીએ બે આરોપી સાથે ફોન પર અવાર નવાર સંપર્ક કરી અને પોતાની કંપનીનાં બાકી નીકળતા રૂપિયા ચૂકવી આપવાનું જણાવ્યા છતાં બે આરોપીઓએ ફરિયાદીની કંપનીનાં કન્ટેનરનાં ભાડા ન ચૂકવી ફરિયાદીની કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હતો.


રાત્રિના બંધ ઘરોમાં નિશાચરોએ હાથ માર્યો

# મુંદરામાં બે સોસાયટીમાં ત્રણ મકાનમાંથી 2.73 લાખની ચોરી

(એજન્સી) ભુજ | તા 26

મુંદરા શહેરમાં આવેલી બે અલગ અલગ સોસાયટીમાં તસ્કરોએ ત્રણ મકાનને નિશાન બનાવ્યા હતા. ઘરોના તાળા તોડી અંદરથી ૨.૩૪,૮૩૭ની કિંમતના સોના ચાંદીના દાગીના તેમજ ૩૮ હજાર રોકડા અને એક મોબાઈલ મળી કુલે રૂપિયા ૨,૭૩,૩૩૭ના મુદામાલની ચોરી કરી જતાં ચકચાર મચી ગઇ હતી. બનાવને લઇ મુંદરા પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા છે. મુંદરાના યોગેશ્વરનગરમાં રહેતા અને જી.એસ.પી.સી. એલ.એન.જી કંપનીમાં ઓફિસર તરીકે કામ કરતા રોહિતભાઈ કેશભાઈ વાઘેલાએ ફરિયાદમાં જણાવ્યું હતું. કે, રવિવારે બપોર બાદ તેઓ પરિવાર સાથે ભુજ ફરવા આવ્યા હતા. બાદમાં ભુજમાં મિત્રને ઘરે રોકાઈ ગયા હતા. સોમવારે સાંજે પરત ઘરે જતાં તેમના ઘરમાં ચોરી થઇ ગઇ હતી. દરવાજાનો નકુચો તુટેલો હતો. અંદર ઘરમાં સરસામાન વેરવિખર કરીને કોઇ અજાણ્યા શખ્સો કબાટમાંથી ૨૯,૯૭૭ની કિંમતની સોનાના ચેઈન, ૧૧,૯૬૦નું સોનાનું પેન્ડલ, ૩ નંગ સોનાની વીટી, સોનાની લકકી કિંમત રૂપિયા ૧,૫૫,૮૩૭ અને ૩૦ હજાર રોકડા મળીને કુલે રૂપિયા ૧,૮૫,૮૩૭ના મુદમાલની ચોરી કરી ગયા હતા. બીજીતરફ સુંદરમ સોસાયટીમાં શેરી નંબર ચારમાં રહેતા સુરેશભાઇ દેવાભાઇ પટેલના બંધ મકાનમાં શનિવારની રાત્રે કોઈ અજાણ્યા શખ્સોએ દરવાજાનું લોક તોડી અંદર કબાટમાંથી ૨૦ ગ્રામની સોનાની મગમાળા કિંમત રૂપિયા ૬૫ હજાર તેમજ ૮ હજાર રોકડ મળીને ૭૩ હજારનો મુદામાલ તેમજ પાડોશીના મકાનમાંથી ૨૦૦ ગ્રામની ચાંદીની ડીશ કિંમત રૂપિયા ૧૪ હજાર અને ૫૦૦ રૂપિયાના મોબાઈલ સહિત ૧૪,૫૦૦ની ચોરી કરી ગયા હતા. મુંદરા પોલીસે બનાવની નોંધ લઇ આગળની તપાસ હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.



**વૃષભ (બ,વ,ઉ)**
આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે.



**મિથુન (ક,છ,ઘ)**
ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે તકલીફ પણ જરૂરી છે. આજે તમારે ફક્ત તમારી અંદર જોવા ની જરૂર છે.



**કર્ક (ડ,હ)**
તમને નિર્ભેળ આનંદ મળશે-કેમ કે તમે જીવનને માણવાનો નિશ્ચય કર્યો છે. વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.



**સિંહ (મ,ટ)**
માંદગીમાંથી સાજા થવાની શક્યતા, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે ટેક્સ ચોરી કરે છે તે મુશ્કેલીમાં ફસાઈ શકે છે.




**કન્યા (પ,ઠ,ણ)**
તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સાબિત થશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.




**તુલા (ર,ત)**
મોટી ઉંમરના લોકોએ સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.




**વૃશ્ચિક (ન,ય)**
ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.




**ધન (ભ,ધ,ફ)**
આજે તમે લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો.



**મકર (ખ,જ)**
મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે.



**કુંભ (ગ,શ,સ)**
આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે.

# કૃષિ નિકાસ વધારવા છ વર્ષ જૂની નીતિની સમીક્ષા હાથ ધરવા સરકારની વિચારણા...

**વૈશ્વિક માગમાં ફેરબદલ, વેપાર ભાગીદારીમાં વિસ્તરણ તથા કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીના વિકાસે કૃષિ નિકાસ પદ્ધતિ તથા મથકો પર પ્રભાવ પાડયો હોવાનું સરકાર માની રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું**




(એજન્સી) મુંબઈ | તા 26

વૈશ્વિક બજારના બદલાઈ રહેલા ગણિતોને ધ્યાનમાં રાખી છ વર્ષ જૂની કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા સરકાર વિચારી રહી છે. ભારતની કૃષિ નિકાસ વધારવાના પ્રયાસો જરૂરી હોવાનું સરકાર માની રહી છે.કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા પાછળનો હેતુ દેશની કૃષિ જણશોની સ્પર્ધાત્મકતા વધારવા, વૈશ્વિક ધોરણોનું પાલન કરવા તથા વેલ્યુ એડેડ પ્રોડકટસને પ્રોત્સાહન આપવાનો રહેલો છે. પરંપરાગત ભાગીદારો સાથે નિકાસ સંબંધો જાળવી રાખી સરકાર નવી ઊભરતી બજારોમાં દેશની કૃષિ પેદાશોને સ્થાન અપાવવા માગે છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. બદલાઈ રહેલી બજાર માગને ધ્યાનમાં રાખી કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવી રહી જેથી નિકાસ ટાર્ગેટસ સિદ્ધ કરી શકાય. નાણાં વર્ષ ૨૦૨૩માં ભારતની કૃષિ નિકાસનો આંક જે ૫૧.૧૨ અબજ ડોલર હતો તે નાણાં વર્ષ ૨૦૨૪માં ઘટી ૪૮.૭૭ અબજ ડોલર જોવા મળ્યો હતો. વૈશ્વિક માગમાં ફેરબદલ, વેપાર ભાગીદારીમાં વિસ્તરણ તથા કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીના વિકાસે કૃષિ નિકાસ પદ્ધતિ તથા મથકો પર પ્રભાવ પાડયો હોવાનું સરકાર માની રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. કૃષિ નિકાસ નીતિની સમીક્ષામાં હાલની નીતિથી થયેલા ફાયદા અને જે ક્ષેત્રમાં સુધારો કરવાનો રહે છે, તેને ઓળખી કઢાશે. ભારતની કૃષિ નિકાસમાં ચોખા, ફળો, ચા, કોફી, ઘઉં વગેરેનો સમાવેશ થાય છે. જો કે વૈશ્વિક સ્તરે ઉદભવેલ ભૂ-રાજકીય પ્રતિકૂળતાને કારણે કૃષિ નિકાસ પર અસર થઈ છે.

**શેરોના ઓવરવેલ્યુએશન અને જીઓપોલિટીકલ ટેન્શનનું પરિબળ વિદેશી રોકાણકારોની વેચવાલી માટેનું પ્રમુખ પરિબળ**

# 2024માં FPIનું શેરોમાં રૂ.5050કરોડ, ડેટમાં રૂપિયા 1.12 લાખ કરોડનું રોકાણ

(એજન્સી) મુંબઈ | તા 26

વર્ષ ૨૦૨૩માં વિદેશી રોકાણકારોના ભારતીય શેરોમાં રોકાણમાં તેજી બાદ વર્ષ ૨૦૨૪માં ઓટ આવી નોંધપાત્ર ઘટાડો જોવાયો છે. શેરોમાં ખર્ચાળ વેલ્યુએશન અને જીઓપોલિટીકલ અનિશ્ચિતતાના કારણે સાવચેતીને લઈ વિદેશી રોકાણકારોની ભારતીય શેરોમાં વર્ષ ૨૦૨૪માં ખરીદી માત્ર રૂ.૫૦૦૦ કરોડ જેટલી રહી છે. પરંતુ વર્ષ ૨૦૨૫માં એફપીઆઈઝના રોકાણમાં ફરી રિકવરીની અપેક્ષા છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં ભારતીય શેર બજારોમાં માત્ર રૂ.૫૦૫૨ કરોડનું રોકાણ નોંધાયું છે. જે ડેટ માર્કેટમાં રૂ.૧.૧૨ લાખ કરોડનું રહ્યું હોવાનું ડિપોઝિટરીઝના આંકડા દર્શાવે છે. વર્ષ ૨૦૨૩માં શેરોમાં એફપીઆઈઝનું રૂ.૧.૭૧ લાખ કરોડનું જંગી ચોખ્ખું રોકાણ નોંધાયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૨માં વૈશ્વિક સેન્ટ્રલ




બેંકો દ્વારા વ્યાજ દરોમાં તીવ્ર વધારાના નેગેટીવ પરિબળે રૂ.૧.૨૧ લાખ કરોડની ચોખ્ખી જાવક કરી હતી. aઆ રોકાણ ઓટ પૂર્વે એફપીઆઈઝ દ્વારા વર્ષ ૨૦૧૯, વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧માં ત્રણ વર્ષમાં ચોખ્ખું રોકાણ રહ્યું હતું. વર્ષ ૨૦૨૪માં એફપીઆઈઝ દ્વારા જાન્યુઆરી, એપ્રિલ અને મે, ઓકટોબર તેમ જ નવેમ્બરમાં રોકાણ જાવક રહી હતી. જે વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના કારણે જોવાયું છે. ભારતીય શેરોમાં એફપીઆઈઝના રોકાણમાં ઘટાડો ખાસ શેરોના ઓવરવેલ્યુએશનના કારણે રહ્યો છે. આ સાથે જીઓપોલિટીકલ ટેન્શનનું પરિબળ પણ વિદેશી રોકાણકારોની વેચવાલી માટેનું પ્રમુખ પરિબળ બની રહ્યું છે. આ દરમિયાન વર્ષ ૨૦૨૪માં એફપીઆઈઝ દ્વારા ભારતીય ડેટ માર્કેટમાં રૂ.૧.૧૨ લાખ કરોડનું રોકાણ કરાયું છે. જે વર્ષ ૨૦૨૩ના રૂ.૬૮,૬૬૩ કરોડની તુલનાએ વધુ છે. ઈક્વિટીઝ-શેરોમાં એફપીઆઈઝની મોટી વેચવાલી ફાઈનાન્શિયલ સર્વિસિઝ ક્ષેત્રમાં રૂ.૫૪,૫૦૦ કરોડની રહી છે. ત્યાર બાદ ઓઈલ અને ગેસ ક્ષેત્રમાં રૂ.૫૦,૦૦૦ કરોડ અને એફએમસીજીમાં રૂ.૨૦,૦૦૦ કરોડની રહી છે.

# ઈન્ડીક્યુબ સ્પેસિસ લિમિટેડે રૂ. 850 કરોડના આઈપીઓ માટે ડીઆરએચપી ફાઈલ કર્યું

(એજન્સી) બેંગ્લોર | તા 26

વ્યાપક, સસ્ટેનેબલ અને ટેક્નોલોજી-સંચાલિત ઉકેલો દ્વારા પરંપરાગત ઓફિસ અનુભવમાં પરિવર્તન લાવવા માટે સમર્પિત એક મેનેજ્ડ વર્કપ્લેસ સોલ્યુશન્સ કંપની ઈન્ડીક્યુબ સ્પેસિસ લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા ભંડોળ ઊભું કરવા માટે મૂડીબજાર નિયામક સેબી પાસે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. ઈન્ડીક્યુબ જાણીતી વેન્ચર કેપિટલ કંપની વેસ્ટબ્રિજ કેપિટલ દ્વારા સમર્થિત છે અને પ્રસિદ્ધ ઈન્ડિવિઝ્યુઅલ ઈન્વેસ્ટર આશિષ ગુપ્તા દ્વારા સમર્થિત છે તેમજ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સીઈઓ ઋષિ દાસ તથા સીઓઓ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મેઘના અગ્રવાલ તેનું નેતૃત્વ કરે છે. બેંગ્લોર સ્થિત કંપનીના આઈપીઓમાં રૂ. 750 કરોડ સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ તથા પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ - ઋષિ દાસ અને મેઘના




અગ્રવાલ દ્વારા રૂ. 100 કરોડ સુધીના ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. ઈન્ડીક્યુબ સ્પેસિસ લિમિટેડ ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ નવા કેન્દ્રોની સ્થાપના કરવા માટે (રૂ. 462.6 કરોડ), કંપની દ્વારા લેવાયેલા કેટલાંક ઋણના સંપૂર્ણ અથવા હિસ્સાની પુનઃચૂકવણી અને પ્રી-પેમેન્ટ માટે (રૂ. 100 કરોડ) અને કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરવાની દરખાસ્ત છે. કંપનીની સ્થાપના વર્ષ 2015માં થઈ હતી, જે 13 શહેરોમાં 103 સેન્ટર્સનો પોર્ટફોલિયો મેનેજ કરે છે તથા 30 જૂન, 2024 સુધીમાં કુલ 172,451 બેઠક ક્ષમતા સાથે સુપર બિલ્ટ-અપ એરિયામાં 7.76 મિલિયન ચોરસફૂટનો એરિયા અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ધરાવે છે, જેમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) અને ઈન્ડિયન એન્ટરપ્રાઈઝિસનો સંતુલિત પોર્ટફોલિયો છે.



# ઘઉંની કિંમતમાં વધારો થતા લોટનો ભાવ 15 વર્ષની ટોચે પહોંચ્યો

## ઘઉંના ભાવમાં તોતિંગ વધારાના કારણે ઘઉંના લોટની કિંમત રૂ. 42 પ્રતિ કિગ્રાના સ્તરે પહોંચી છે

મુંબઈ |દેશમાં શાકભાજી-ફળો, અનાજ-કઠોળના ભાવો આસમાને પહોંચતાં સામાન્ય પ્રજા પર ખર્ચનો બોજો વધ્યો છે. ગૃહિણીઓના બજેટ પણ ખોરવાયા છે. બટાકાં, ડુંગળી-લસણ જેવા મુખ્ય શાકભાજી બાદ હવે ઘઉંના લોટની કિંમત પણ 15 વર્ષની ટોચે પહોંચી છે. ખાણીપીણીની ચીજોના ભાવમાં સતત વધારાના કારણે એફએમસીજી સેક્ટરનો ગ્રોથ મંદ પડ્યો છે. સૌથી વધુ માઠી અસર ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળી છે. ઘઉંના ભાવમાં તોતિંગ વધારાના કારણે ઘઉંના લોટની કિંમત રૂ. 42 પ્રતિ કિગ્રાના સ્તરે પહોંચી છે. જે જાન્યુઆરી, 2009 કરતાં વધુ છે. ઘઉંનું વાવેતર ઘટતાં સરકાર પાસે પણ ઘઉંનો સ્ટોક માગ કરતાં ઓછો છે. જેથી કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. શહેરી ક્ષેત્રોમાં ખાદ્ય ચીજો પર ફુગાવો 11.1 ટકાના દરે વધ્યો છે. મોટાભાગની એફએમસીજી પ્રોડક્ટ્સના ભાવ વધ્યા છે. ખાણીપીણીની ચીજોના ભાવ વધતાં એફએમસીજી કંપનીઓ કિંમતોમાં વધારો તેમજ પ્રમાણમાં ઘટાડો કરી રહી છે. જેના લીધે શહેરી વિસ્તારોમાં ઘરદીઠ ખર્ચ બે વર્ષમાં 13 ટકા વધ્યો છે. દેશભરમાં મોંઘવારીનું પ્રમાણ વધી રહ્યું છે. કંટારના રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે, હાલ મોંઘવારીમાં કોઈ રાહત મળશે નહીં. આગામી થોડા સમય સુધી કિંમતો વધવાની ભીતિ પણ વ્યક્ત કરી છે. આગામી વર્ષના પ્રથમ છ માસમાં મોંઘવારીનો દર વધવાની આશંકા છે.

**30 વર્ષથી ઓછી ઉંમરના લોકોનો હિસ્સો ૪૦ ટકા**

# શેરબજારમાં રોકાણકારોની સંખ્યા વધીને 11 કરોડની નજીક પહોંચી

(એજન્સી) મુંબઈ | તા 26

દેશમાં શેરબજારમાં લોકોનો રસ ઝડપથી વધી રહ્યો છે. શેરબજારોમાં લોકોની વધતી જતી રુચિને કારણે માર્કેટમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા ૧૧ કરોડની નજીક પહોંચી ગઈ છે. ઓગસ્ટ ૨૦૨૪માં આ સંખ્યા લગભગ ૧૦ કરોડ અને આ વર્ષે ફેબ્રુઆરીમાં ૯ કરોડ હતી. માહિતી અનુસાર, નવેમ્બરના અંતમાં દેશના સૌથી મોટા એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા (યુનિક પાન નંબર) ૧૦.૭ કરોડ હતી. એકલા મહારાષ્ટ્રમાં ૧૬.૫ ટકા (૧.૭૭ કરોડ) નોંધાયેલા રોકાણકારો છે. જોકે, માર્ચ



૨૦૧૫માં તેનો હિસ્સો ઘટયો છે. જો સમગ્ર રાજ્યમાં રોકાણકારોનું મોટા પાયે વિતરણ સૂચવે છે. તે જ સમયે, ઉત્તર પ્રદેશ એકમાત્ર બીજું રાજ્ય છે જેમાં એક કરોડથી વધુ નોંધાયેલા રોકાણકારો છે. છેલ્લા કેટલાક મહિનામાં તે નવા રોકાણકાર નોંધણી ચાર્ટમાં પણ આગળ છે. આ ઉપરાંત યુવા રોકાણકારો પણ બજાર તરફ આકર્ષાઈ રહ્યા છે. જો વયની દ્રષ્ટિએ જોવામાં આવે તો, કુલ નોંધાયેલા રોકાણકારોમાં, ૩૦ વર્ષથી નીચેના રોકાણકારોના આધારમાં લોકોનો હિસ્સો ૪૦ ટકા છે. માર્ચ ૨૦૧૯માં તે માત્ર ૨૨.૬ ટકા હતો. માહિતી અનુસાર, માર્ચ ૨૦૨૨ના અંતે મહિલા રોકાણકારોનો હિસ્સો ૨૨.૭ ટકાથી વધીને ૨૪ ટકા થવા સાથે લિંગ સમાવિષ્ટતામાં સતત સુધારો થઈ રહ્યો છે. ગોવા, ચંદીગઢ અને મિઝોરમમાં મહિલા રોકાણકારોનો કુલ હિસ્સો ૩૦ ટકાથી વધુ છે.

# Vi ગુજરાતમાં 4G વોઈસ એપ, ગેમિંગ અને ડાઉનલોડ સ્પીડ અનુભવ માટે ટોચની પ્રોવાઈડરઃ ઓપનસિગ્નલ રિપોર્ટ

(એજન્સી) અમદાવાદ| તા 26

વ્યાપક નેટવર્ક વિસ્તરણ અને L900, L2100 અને L2500 સ્પેક્ટ્રમ પર વધેલી 4G ક્ષમતાએ વધુ સારા ઈનડોર કવરેજ અને તેજ ડેટા સ્પીડની સાથે વપરાશકારોના અનુભવમાં સુધારો કર્યો અગ્રણી ટેલિકોમ ઓપરેટર વોડાફોન આઈડિયા (Vi)એ આજે જાહેરાત કરી છે કે તેમને ઓપનસિગ્નલના "4G નેટવર્ક એક્સપિરિયન્સના રિપોર્ટ નવેમ્બર 2024"માં માન્યતા મળી છે.

જે 4G વપરાશકારો માટે 4G નેટવર્ક અનુભવની ચકાસણી કરે છે. ઓપનસિગ્નલના રિપોર્ટ મુજબ Vi 4G વપરાશકારોની 4G ડેટા સ્પીડ, વોઈસ એપ અને ગેમિંગ અનુભવમાં ટોચ પર છે. આ વિજય સમગ્ર રાજ્યમાં તેના નેટવર્કની શ્રેષ્ઠતા સાબિત કરે છે. આ માન્યતા સમગ્ર ગુજરાતમાં નેટવર્ક પ્રદર્શનને સુધારવાના Vi ના નિરંતર પ્રયાસો દર્શાવે છે.

આ પ્રયાસોના ભાગરૂપે L900, L2100 અને L2500 સ્પેક્ટ્રમ બેન્ડ ઉપર Vi એ વિવિધ ક્ષેત્રમાં પોતાની 4G ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ કરી છે અને તે 13000થી વધુ નેટવર્ક લોકેશન પર કામ કરે છે, જેના પરિણામે ઉપયોગકર્તાઓ માટે નિરંતર નેટવર્ક કવરેજ અને વધુ ઝડપી ઈન્ટરનેટ સ્પીડ સુનિશ્ચિત થાય છે. તાજેતરના મહિનાઓમાં Vi એ પોતાના વપરાશકારો માટે એક મજબૂત ઈનડોર કવરેજ અનુભવ પૂરો પાડવા માટે લગભગ 4500 લોકેશન પર 900 મેગાહર્ટ્ઝ સ્પેક્ટ્રમના નવા સ્તર ઉમેર્યા છે.

# JSW MG મોટર ઈન્ડિયાએ MG એસ્ટર અને હેક્ટર પર ઝીરો ડાઉન પેમેન્ટની ઓફર કરી

(એજન્સી) મુંબઈ | તા 26

JSW એમજી મોટર ઈન્ડિયાએ તેના લોકપ્રિય SUV મોડલ્સ - એમજી એસ્ટર અને એમજી હેક્ટર પર ઝીરો ડાઉન પેમેન્ટ સ્કીમની જાહેરાત કરી છે. આ આકર્ષક સ્કીમ હેઠળ, કોઈપણ અપફ્રન્ટ ચુકવણીની જરૂરિયાતને દૂર કરીને ગ્રાહકો 100% સુધી ઓન-રોડ પ્રાઈસ ફંડિંગનો લાભ મેળવી શકે છે, આ ઑફર, 31 ડિસેમ્બર, 2024 સુધી મર્યાદિત સમયગાળા માટે માન્ય રહેશે. બ્રાન્ડના અધિકૃત ફાઈનાન્સ ભાગીદારો દ્વારા ધિરાણ લાભોના વ્યાપક લાભો પણ પુરા પાડે છે. JSW MG મોટર ઈન્ડિયા તેના ગ્રાહકોને મહત્તમ સુવિધા રજૂ કરવા માટે તથા 7 વર્ષ સુધીની વિસ્તૃત લોનની મુદત ઓફર કરી રહી છે. વધુમાં, ગ્રાહકો બંને મોડલના તમામ વેરીએન્ટમાં રૂ. 50,000 સુધીના એક્સેસરીઝ ફંડિંગનો લાભ મેળવી શકે છે. આ યોજનામાં વિસ્તૃત વોરંટી અને વાર્ષિક મેઈનટેનન્સ કરાર (AMC) માટે ધિરાણ વિકલ્પોનો પણ



સમાવેશ થાય છે, જે ખરીદદારો માટે સંપૂર્ણ માનસિક શાંતિ સુનિશ્ચિત કરે છે. વધુમાં, યોજનામાં સંપૂર્ણ પ્રોસેસિંગ ફી માફીનો સમાવેશ થાય છે, જે ખરીદી પ્રક્રિયાને વધુ અનુકૂળ અને કોસ્ટ ઈફેક્ટીવ બનાવે છે. એમજી એસ્ટરમાં ઘણી બધી આકર્ષક સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે - ફ્રન્ટ સાઈડમાં વેન્ટિલેટેડ સીટો, વાયરલેસ ચાર્જર, વાયરલેસ એન્ડ્રોઈડ ઓટો અને એપલ કાર પ્લે, અને વધારાની સુરક્ષા અને સગવડતા માટે ઓટો-ડિમિંગ IRVM, એડવાન્સ્ડ સાથે અપડેટેડ i-SMART 2.0 સાથે ઉપલબ્ધ છે. સર્વોચ્ચ ડ્રાઈવિંગ અનુભવ માટે વપરાશકર્તા ઈન્ટરફેસ માટે એમજી એસ્ટર 2024 એક સરળ અને અનુકૂળ ડ્રાઈવિંગ અનુભવ માટે i-SMART 2.0 અને 80+ કનેક્ટેડ ફીચર્સથી સજ્જ છે. તેની વિશિષ્ટ સુવિધાઓમાં JIO વૉઈસ રેકગ્નિશન સિસ્ટમ છે, જે હવામાન, ક્રિકેટ અપડેટ્સ, કેલ્ક્યુલેટર, ઘડિયાળ, તારીખ/દિવસની માહિતી, જન્માક્ષર, શબ્દકોશ, સમાચાર અને જ્ઞાન માટે અદ્યતન વોઈસ કમાન્ડને સક્ષમ કરે છે.

# સરકારની ઘણી યોજનાઓ નાણાકીય સંઘવાદને મંદ કરે છે

મુંબઈ | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના રાજ્યોના ખર્ચ પરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકારની ઘણી બધી યોજનાઓ સહકારી નાણાંકીય સંઘવાદની ભાવનાને મંદ કરે છે અને રાજ્ય સરકારની ખર્ચની લવચીકતા ઘટાડે છે. મધ્યસ્થ બેંકના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, સેન્ટ્રલ સ્પોન્શર્ડ સ્કીમ્સ (સીએસએસ)નું તર્કસંગતીકરણ રાજ્ય વિશિષ્ટ ખર્ચની જરૂરિયાતોને પહોંચીવળવા માટે બજેટરી જગ્યા ખાલી કરી શકે છે અને સરકારોને નાણાંકીય બોજને ઘટાડી શકે છે. કેન્દ્રીય યોજના હેઠળનું વિતરણ જે 2020-21 અને 2021-22ના પ્રારંભિક બે વર્ષમાં રૂ.11,000 કરોડથી રૂ.15,000 કરોડની વચ્ચે હતું. તે 2022-23માં વધીને રૂ.81,195 કરોડ અને આગળ જતાં રૂ.1,09,523 કરોડ થયું હતું. 2023-24માં એકીકૃત રાજ્યોના મૂડી ખર્ચમાં આ લોનનો હિસ્સો 14.4 ટકા હતો. કેન્દ્ર તરફથી આ વ્યાજમુક્ત લોનને બાકાત રાખ્યા પછી પણ 2021-22થી રાજ્યોના મૂડી ખર્ચમાં સતત વધારો થયો છે. 2024-25 માટેના કેન્દ્રીય બજેટમાં રાજ્યોને સહાય કરવા માટે લાંબા ગાળાની વ્યાજમુક્ત લોન હેઠળ ફાળવણીને વધારીને 2024-25માં રૂ.1.5 લાખ કરોડ કરવામાં આવી છે. જે અગાઉના વર્ષમાં રૂ.1.3 લાખ કરોડ હતી.

# 1 જાન્યુઆરી, 2025થી કેટલાક નિયમોમાં થશે ફેરફાર

(એજન્સી) મુંબઈ | તા 26

1 જાન્યુઆરી, 2025 થી કઈ મહત્વની બાબતો બદલાવા જઈ રહી છે? તમારા માટે એ જાણવું ખૂબ જ જરુરી છે કે 1 જાન્યુઆરી, 2025 થી કઈ મહત્વપૂર્ણ બાબતો બદલાવા જઈ રહી છે.આની સીધી અસર તમારા ખિસ્સા પર પડશે. ઘણી કાર કંપનીઓએ તેમની કિંમતો વધારવાની જાહેરાત કરી છે. આ સિવાય GST પોર્ટલમાં ત્રણ મહત્વપૂર્ણ ફેરફારો થશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ પણ ફિક્સ્ડ ડિપોઝિટ (FD) સંબંધિત નીતિઓમાં ફેરફાર કર્યા છે. ટેલિકોમ કંપનીઓ માટે 1 જાન્યુઆરી, 2025થી કેટલાક નવા નિયમો લાગુ થશે. આ નિયમો હેઠળ કંપનીઓએ ઓપ્ટિકલ ફાઈબર અને નવા મોબાઈલ ટાવર લગાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. તેનાથી કંપનીઓને તેમની સેવાઓ સુધારવામાં મદદ મળશે. ટાવર લગાવવાની પ્રક્રિયામાં ઓછી ઝંઝટ પડશે.

**એમેઝોન પ્રાઈમમાં ફેરફાર |** એમેઝોન ઈન્ડિયાએ 1 જાન્યુઆરી, 2025થી તેની પ્રાઈમ મેમ્બરશિપના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે પ્રાઈમ વીડિયો એક એકાઉન્ટમાંથી માત્ર બે ટીવી પર સ્ટ્રીમ કરી શકાશે.આનાથી વધુ ટીવી પર સ્ટ્રીમિંગ માટે વધારાનું સબસ્ક્રિપ્શન લેવું પડશે. પ્રથમ પાંચ ઉપકરણો (devices) સુધી કોઈ પ્રતિબંધ ન હતો.

### GST પોર્ટલમાં ફેરફારો

GSTN એ 1 જાન્યુઆરી, 2025 થી GST પોર્ટલમાં ત્રણ મહત્વપૂર્ણ ફેરફારોની જાહેરાત કરી છે. આમાંના બે ફેરફારો ઈ-વે બિલની સમય મર્યાદા અને માન્યતા સાથે સંબંધિત છે.એક ફેરફાર GST પોર્ટલની સુરક્ષિત ઍક્સેસ સાથે સંબંધિત છે. જો આ નિયમોનો યોગ્ય અમલ ન થાય તો ખરીદનાર, વેચનાર અને ટ્રાન્સપોર્ટરને નુકસાન થઈ શકે છે.

### RBIના FD નિયમોમાં ફેરફાર

ભારતીય રિઝર્વ બેંકે 1 જાન્યુઆરી, 2025 થી NBFCs અને HFCsની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) સંબંધિત નીતિઓમાં ફેરફાર કર્યો છે.આમાં જનતા પાસેથી ડિપોઝીટ લેવા, પ્રવાહી સંપત્તિ (liquid assets) રાખવાની ટકાવારી અને ડિપોઝિટનો વીમો લેવાના નિયમો સંબંધિત ફેરફારોનો સમાવેશ થાય છે.

**એલપીજીની કિંમત |** તેલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજીના ભાવની સમીક્ષા કરે છે. છેલ્લા પાંચ મહિનામાં 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે.પરંતુ 14.2 કિલોના ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હવે દિલ્હીમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત 803 રૂપિયા છે.

# સેન્સેક્સ 78472 પર બંધ થયો: નિફ્ટીમાં 22 પોઈન્ટનો ઉછાળો

(એજન્સી) મુંબઈ | તા 26

શેરબજારમાં આજે એટલે કે 26મી ડિસેમ્બરે ફ્લેટ ટ્રેડિંગ જોવા મળ્યું છે. સેન્સેક્સ કોઈપણ ફેરફાર વગર 78,472 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 22 પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો, તે 23,750ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 15માં ઘટાડો અને 15માં તેજી જોવા મળી છે. જ્યારે નિફ્ટીના 50 શેરોમાંથી 31માં તેજી અને 18માં ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે 1 શેર ફ્લેટ બંધ થયો .IT અને FMCG શેર ઘટ્યા હતા. જ્યારે ઓટો અને બેન્કિંગ શેરમાં તેજી રહી હતી. આજે યુનિમેક એરોસ્પેસ એન્ડ મેન્યુફેક્ચરિંગ લિમિટેડના IPO માટે બિડિંગનો ત્રીજો અને છેલ્લો દિવસ છે. કંપનીના શેર 31 ડિસેમ્બરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. અગાઉ 24 ડિસેમ્બરે શેરબજારમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 67 પોઈન્ટના ઘટાડા સાથે 78,472 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 25 પોઈન્ટ ઘટીને 23,727ના સ્તરે બંધ થયો હતો. તેમજ, BSE સ્મોલકેપ 205 પોઈન્ટની તેજી સાથે 55,023ના સ્તરે બંધ થયો. ક્રિસમસની રજાના કારણે 25મી ડિસેમ્બરે શેરબજાર બંધ હતું. બીજી બાજુ સોના અને ચાંદીના ભાવમાં સામાન્ય વધારો જોવા મળી રહ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 24 કેરેટ સોનાના 10 ગ્રામની કિંમત 411 રૂપિયા વધીને 76,285 રૂપિયા થઈ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, માગશર વદ-12

# નિષ્ફળ પ્રયોગમાં સુધાર



**એમ માનવામાં આવ્યું કે છાત્રોને નાપાસ કરવાથી તેમના આત્મસન્માનને ઠેસ પહોંચે છે**

હવે કેન્દ્ર સરકારે શિક્ષણ નીતિમાં એ નિર્ણયમાં સુધારો કર્યો છે જેમાં પાંચમા અને આઠમા ધોરણમાં કોઈ વિદ્યાર્થીને નાપાસ નહિ કરીને ઉપલા ધોરણમાં જવાનો સરળ રસ્તો આપવામાં આવ્યો હતો. કહેવાતું હતું કે આ નિર્ણયને કારણે છાત્રો દ્વારા પરીક્ષાઓને ગંભીરતાથી ન લેવાથી શૈક્ષણિક ગુણવત્તામાં ઘટાડો જોવા મળતો હતો. છાત્રોને લાગવા માંડ્યું હતું કે જ્યારે તેઓ નાપાસ જ નથી થવાના અને આગલા ધોરણમાં ભણ્યા વિના જ જવાના છે તો ભણવું શું કામ? તેને કારણે શૈક્ષણિક સ્તરમાં સતત ઘટાડો જોવા મળતો હતો. અસલમાં પહેલાં સરકારે આ મુદ્દા પર સંવેદનશીલ અને માનવીય દૃષ્ટિકોણ અપનાવતાં છાત્રો પ્રત્યે ઉદાર વલણ અપનાવ્યું. એમ માનવામાં આવ્યું કે છાત્રોને નાપાસ કરવાથી તેમના આત્મસન્માનને ઠેસ પહોંચે છે. કેટલીક વાર નાપાસ થવાના તણાવમાં આત્મહત્યાના બનાવો પણ પ્રકાશમાં આવ્યા હતા. એ જ કારણ હતું કે વિદ્યાર્થીઓના સ્વાભાવિક વિકાસ અને તેમનું મનોબળ ઊંચું રાખવા માટે તેમને નાપાસ નહિ કરવાની નીતિ અપનાવવામાં આવી. અસલમાં નો ડિટેન્શન નીતિ લાગુ કરવાનો મકસદ એ જ રહ્યો કે વંચિત અને પછાત સમાજના છાત્રોને સ્કૂલોમાં વધુને વધુ એડમિશન લેવાનો મોકો મળે. આ નીતિ રાઈટ ટુ એજ્યુકેશનનો હિસ્સો હતી. પરંતુ આ કોશિશનું પરિણામ એ આવ્યું કે મોટી સંખ્યામાં છાત્રો ભણતરથી વિમુખ થવા લાગ્યા. તેમના મનમાંથી પરીક્ષાની ગંભીરતાનો ભાવ જતો રહ્યો. જોકે, આ જ થવાનું હતું! આને કારણે જ ૨૦૧૮માં રાઈટ ટુ એજ્યુકેશનને સંશોધિત કરવા માટે લોકસભામાં બિલ લવાયું. તેમાં સ્કૂલોમાં લાગુ નો ડિટેન્શન પોલિસી ખતમ કરવા પર વિચાર કરવામાં આવ્યો. સમયાંતરે ૨૦૧૯માં રાજ્યસભામાં પણ આ બિલ પસાર થયું. સંશોધિત નીતિ અંતર્ગત પરીક્ષાઓમાં ફેલ થનારા વિદ્યાર્થીઓ માટે બે મહિનાની અંદર ફરીથી પરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી. સંસદમાં સંશોધન બિલ પસાર થયા બાદ રાજ્ય સરકારોને છૂટ આપવામાં આવી હતી કે તે નો ડિટેન્શન નીતિ હટાવી શકે છે. તેને રાજ્યોના વિવેક પર છોડવામાં આવ્યું, કારણ કે શિક્ષણ રાજ્યોનો વિષય હોયછે. હવે કેન્દ્ર સરકારે શૈક્ષણિક સુધારાની દિશામાં પગલું ભરતાં નવી નીતિ અંતર્ગત કેન્દ્રીય વિદ્યાલયો, નવોદય વિદ્યાલયો અને સૈનિક સ્કૂલોમાં નો ડિટેન્શન નીતિને ખતમ કરી દીધી છે. પરીક્ષામાં નાપાસ વિદ્યાર્થીઓને વધુ એક પરીક્ષાનો મોકો આપવામાં આવશે, પરંતુ તેમને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં નહીં આવે. ફરીથી નાપાસ થાય તો તેઓ એ જ ધોરણમાં ફરીથી ભણશે. આ નિર્ણય બાદ છાત્રો પરીક્ષાઓને ગંભીરતાથી લેશે અને પરીક્ષાની ગરિમા પણ જળવાઈ રહેશે. ઉલ્લેખનીય છે કે પહેલાં જ વીસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો નો ડિટેન્શન પોલિસી ખતમ કરી ચૂક્યાં છે. પરંતુ અહીં જરૂરી છે કે સ્કૂલોમાં શિક્ષણના બુનિયાદી માળખાને મજબૂતી આપવામાં આવે. તેના માટે જરૂરી છે કે શિક્ષણમાં છાત્રોની રુચિ વધારનારા અભ્યાસક્રમ લાગુ થાય, વ્યક્તિગત શિક્ષણ દૃષ્ટિકોણ તથા વ્યાપક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમને ઉત્તેજન મળે. કેન્દ્રના આ પગલાથી પ્રાથમિક શિક્ષણના સ્તરમાં સુધાર જોવા મળશે. હવે વિદ્યાર્થીઓ પોતાના ભણતર પ્રત્યે બેપરવા નહીં રહે અને ભણવામાં પૂરતું ધ્યાન આપશે, જે તેમના જ ભવિષ્ય માટે આશીર્વાદરૂપ બની રહેશે.

## નાંદોદ તાલુકા કૉંગ્રેસ દ્વારા ઝઘડિયામાં શ્રમિક પરિવારની દુષ્કર્મ બાદ મૃત્યુ પામેલ બાળકીને શ્રદ્ધાંજલિ અપાઈ



ભરત શાહ | નર્મદા

ઝઘડિયા તાલુકામાં જીઆઈડીસી ની અંદર શ્રમિક પરિવારની ૧૦ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ કરી અત્યંત ક્રૂર કૃત્ય કર્યું અને બાળકી ને જીવ ગુમાવવો પડ્યો તેની આત્માની શાંતિ માટે નાંદોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મૌન પાડી કેન્ડલ માર્ચ કરી બાળકી ની આત્માં માટે ઈશ્વરને પ્રાર્થના કરી. શ્રદ્ધાંજલિ આપ હત્યારા ને ફાંસી ની સજા થાય એવી માંગ કરી હતી. આ શ્રદ્ધાંજલિ માં નાંદોદ ના પૂર્વ ધારાસભ્ય પીડી વસાવા, નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રફુલ પટેલ, નાંદોદ તાલુકા કૉંગ્રેસ પ્રમુખ પ્રકાશ વસાવા, રાજપીપલા શહેર પ્રમુખ માલવ બારોટ , તાલુકા કૉંગ્રેસ સેવાદળ પ્રમુખ પ્રતિક વસાવા, જિલ્લા મહામંત્રી હંમેશ વસાવા, નગર પાલીકા પૂર્વ સદસ્ય ડૉ. કમલ ચૌહાણ, પૂર્વ નગરપાલીકા પ્રમૂખ મહેશ વસાવા, જિલ્લા મંત્રી મુકેશ વસાવા પૂર્વ યુથ પ્રમુખ વાસુદેવ વસાવા સહિતનાં આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**હૃદયદ્રાવક ઘટના..... પાલનપુર શહેરમાં આબુરોડ હાઈવે ઉપર આવેલ તિરુપતિ રાજનગર સોસાયટીમાં**

# બાથરૂમમાં ગીઝરના ગેસથી ગૂંગળાઈ જવાથી કિશોરીનું મોત

મહેશ સોલંકી | પાલનપુર

પાલનપુર શહેરમાં આબુરોડ હાઈવે ઉપર આવેલ તિરુપતિ રાજનગર સોસાયટી માં બાથરુમ માં નાહવા ગયેલી માસૂમ 13 વર્ષ ની બાળકી નું ગેસ ગીજર નાં કારણે ગુંગળામણ થી કરુણ મોત નિપજ્યું હતું મૂળ વડગામ તાલુકાના વેસા ગામ નાં વતની દુષ્યંતભાઈ વ્યાસ જેઓ બિલ્ડિંગ કન્ટ્રકસન નાં વ્યવસાય સાથે સંકળાયેલા છે તેમનાં પરિવાર માં ત્રણ સંતાનો છે વિશ્વા દક્ષ અને વચોટ દિકરી દુર્વા 13 વર્ષ ની દિકરી આજે ક્રિસમસ હોવાથી સ્કૂલમાં રજા હોવાથી મોડાં ન્હાવા માટે લગભગ 11,30 નાં સમયે તેમનાં ઘરના બાથરુમમાં ન્હાવા માટે ગયા હતાં ન્હાવા મા વાર 15 મીનીટ જેટલો સમય લાગતા પરિવાર માં દિકરી ની માતા એ દરવાજો ખખડાવ્યો તો કોઈ અવાજ નાં આવતાં દિકરીની મા મિતલબેન ઘરના બહાર નીકળી બાથરુમ ની કાચવાળી જાળી માંથી અંદર જોતાં દુર્વા ફર્સ પર પડી હતી આથી ઘરના બધાં એકત્રિત થયાં હતાં અને બાથરૂમ નો દરવાજો તોડી દુર્વા ને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી જ્યાં ડોક્ટર દ્વારા જણાવાયું હતુ કે આ બાળકીનું મોત થયું છે.



### બાથરૂમમાં ગેસ ગીઝરનો ઉપયોગ કરનાર સાવધાન

ગીઝરના ગેસથી ગૂંગળાઈ જવાથી કિશોરીનું મોત થયું છે.કિશોરી સ્નાન કરવા બેઠી હતી અને ઈલેકટ્રીક ગેસ ગીઝરમાંથી ગેસ લીકેજ થતા આ ઘટના બની હતી,આબુ હાઈવે નજીક આવેલી તિરૂપતિ રાજનગર સોસાયટીમાં સવારે આ ઘટના બની હતી કિશોરીને 15 મિનીટ કરતા વધારે સમય ગયો તેમ છત્તા તે બહાર નીકળી નહી એટલે માતાએ બારીમાંથી અંદર ડોકીયું કર્યુ તો ખબર પડી કે દીકરી બેભાન હાલતમાં પડી છે તો તાત્કાલિક તેને સારવાર હેઠળ ખસેડવામાં આવી હતી પણ ફરજ પરના ડોકટરે કહ્યું કે તેના શ્વાસ થંભી ગયા છે જેને લઈ પરિવારમાં માતમ છવાયો હતો.

**ગીઝરના ફાયદા :** ગીઝરનો સૌથી મોટો ફાયદો એ છે કે તે તરત જ ગરમ પાણી આપે છે. ઠંડા વાતાવરણમાં તેની ખૂબ જ જરૂર હોય છે.નવા મોડલના ગીઝર ઓછી ઉર્જા વાપરે છે. જેનાથી વીજળીનું બિલ ઓછું થાય છે. ખાસ કરીને જ્યારે તમે ગીઝરની યોગ્ય ક્ષમતા અને પ્રકાર પસંદ કરો છો, ત્યારે તે લાંબા સમય સુધી ટકી શકે છે.

**પૂરતી માત્રામાં ઓકસિજન ના મળે ત્યારે આવું થાય છે :** જો ગેસ ગીઝર બાથરૂમમાં રાખવામાં આવ્યું હોય અને પૂરતી માત્રામાં ઓક્સિજન ન મળે તો એલપીજી-બળતણ ગેસનું આંશિક દહન થાય છે. જેથી ઝેરી ગેસ કાર્બન મોનોક્સાઈડ પેદા થાય છે. આ ઝેરી ગેસનો કોઈ રંગ અને કોઈ ગંધ નથી. એટલે એની હાજરીની ખબર નથી પડતી પરંતુ એ એક સાઈલન્ટ કિલર છે. ગેસના સંપર્કમાં આવતા મિનિટમાં વ્યક્તિને તેની અસર થવા લાગે છે અને તે બેભાન પણ થઈ શકે છે.

## NEWS BRIEF

### કોળી કર્મચારી મંડળ દાહોદ જિલ્લાની કારોબારી બેઠક યોજાઈ

દિપક રાવલ | દાહોદ



તા - 25/12/2024 ને બુધવારના રોજ કોળી કર્મચારી મંડળ દાહોદ જિલ્લાની કારોબારી બેઠક જિલ્લા અધ્યક્ષ શ્રી મહેશભાઈ જે પટેલ ( પૂજ્ય મહેશ્વરનંદ ભારતી બાપુ) ની અધ્યક્ષતામાં અવંતી હનુમાનજી મંદિર દેવગઢ બારીયા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં મહત્ત્વના એજન્ડા જેવા કે - કાર્યકારી પ્રમુખ શ્રી દીપસિંગભાઈ પટેલની કાયમી પ્રમુખ તરીકેની વરણીને બહાલી આપવામાં આવી.સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવું,વ્યસન મુક્તિ અભિયાન,સમાજમાં થતા ખોટા ખર્ચાઓ અટકાવવા,14 મી જાન્યુઆરી 2025 શ્રી ભગવાન વીર માંધાતા પ્રાકટ્ય દિવસની ઉજવણીના કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપવો,લીમખેડા ખાતે બનનાર શ્રી માંધાતા લાયબ્રેરી નાં કાર્યમાં સહકાર,કોળી કર્મચારી મંડળ દાહોદ જિલ્લાનું બેંક ખાતું ખોલાવવા જેવા મહત્વના એજન્ડા પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.દ્વિતીય સરસ્વતી સન્માન સમારંભ કાર્યક્રમ 2024 માટે આર્થિક સહયોગ આપનાર સૌ કર્મચારીઓનો અભિનંદન સાથે હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### જાફરાબાદ નગરપાલિકા 20 દિવસ સુધી પાણી દેવામાં થતાં ઠાગાઠૈયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ નગરપાલિકા નાગરિકો ની સવલતો પૂરી પડવાને બદલે ટેન્શન આપી રહી હોય તેવો ઘાટ સર્જાયો છે. સામાકાંઠા વિસ્તારમાં અમુક સોસાયટીમાં જીવનજરૂરી પાણી આપવામાં થતાં ઠાગાઠૈયા બાલકૃષ્ણ સોસાયટી તથા સાંઈ મંદિર વિસ્તાર તેમજ અન્ય વિસ્તારોમાં ૧૫ થી ૨૦ દિવસ સુધી પાણી વિતરણ કરાયું ન હોવાથી અહીં ના લોકો દ્વારા વાલ મેનને તા/૨૨/૧૨/૨૦૨૪ ના રોજ ફોન કરતાં તેઓ દ્વારા જણાવાયું કે જે સાંઈ મંદિર તેમજ બાલકૃષ્ણ સોસાયટી ની લાઈન રિપેરિંગ કામ ચાલુ હોય રિપેરિંગ થાય ત્યારે પાણી આપવામાં આવશે તેવું જણાવ્યું હતું આજે ચાર દિવસ થયા હોવા છતાં પાઈપલાઈન રિપેરિંગ કામ પુરુ કરવા ન આવતા આજુબાજુના વિસ્તારના લોકો માં રોષ વ્યાપી ગયો છે. કારણકે અહીં અવારનવાર પાણી વિતરણ પંદરથી વીસ દિવસ સુધી કરવામાં આવતું નથી તા/૨૫ ના રોજ રિપેરિંગ કામ પૂર્ણ થઈ જવા છતાં પણ પાણી વિતરણ કરવામાં ન આવતા પાલિકા સામે મહિલાઓમાં રોષ જોવા મળી રહ્યો છે. પરંતુ જવાબદાર અધિકારી જ્યાં રિપેરિંગ કામ ચાર દિવસ થયા હોવા છતાં થર ઉપર તપાસ તો ઠીક પરંતુ ડોકાવા પણ આવતા નથી આમજનતા ને જીવનજરૂરી પાણી આપવામાં પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે.

## રેવન્યુ વિસ્તારમાં શિકાર ઝુંટવી લેવાથી સિંહો બન્યાં રઘવાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

વિસાવદરના બરડીયામાં સિંહણના હુમલામાં નિર્દોષ તરૂણીનું કમકમાટીભર્યું મોત થતા ગમગીની વ્યાપી ગઈ છે. સિંહો માનવ પર હુમલો કરતા નથી તેવો દાવો કરનાર વન વિભાગને લપડાક સમાન કિસ્સાઓ સતત વધી રહ્યા છે. માનવ પર સતત વધતા જતા હુમલા અંગે વનતંત્રએ તેના મુખ્ય કારણ શોધી આવી ઘટનાને અટકાવવી જરૂરી બની છે. જો આવું જ ચાલું રહ્યું તો સિંહને પ્રેમ કરતા લોકો તેમને ધુતકારતા થઈ જતા વાર નહી લાગે. સિંહ પ્રેમીઓના જણાવ્યા મુજબ જ્યારે રેવન્યુ વિસ્તારમાં મારણ કરે ત્યારે વનતંત્ર મારણ સિંહના મોઢેથી આંચકી અન્યત્ર નાખી દે છે. તે પણ એક મુખ્ય કારણ છે. અંતે આજે સાંજે વનતંત્રને હુમલાખોર સિંહણ અને તેના બંને બચ્ચાને પકડી લેતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. બરડિયામાં હુમલાખોર સિંહણ અને બે બચ્ચાં થયા કેદ તરૂણીએ જીવ ગુમાવ્યો, સિંહણ અને બે બચ્ચા જેલમાં બરડીયામાં જે ઘટના બની છે તેમાં પણ વનતંત્રની આવી નીતિ જ જવાબદાર હોવાનું સિંહપ્રેમીઓ માની રહ્યા છે. સિંહણના હુમલાની ઘટનામાં તરૂણીએ જીવ ગુમાવ્યા બાદ વનતંત્ર દ્વારા પાંચ જેટલા પાંજરાઓ મુકવામાં આવ્યા હતા. સાંજના સિંહણ અને તેના બંને બચ્ચાને પકડવામાં સફળતા મળી છે. ખેતરે જવાના રસ્તાઓ બંધ કરી સિંહણને પકડવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. વનતંત્રની મારણ આંચકી લેવાની નીતિના કારણે એક પરિવારે તેમની વ્હાલસોઈ પુત્રી ગુમાવવી પડી છે. આ ઉપરાંત સિંહણને અને તેમના બે બચ્ચાને બચ્ચાને વનતંત્રની ગુલામી (કેદ)માં જવાનો વારો આવ્યો છે. સિંહોની મોટાભાગની વસ્તી રેવન્યુ વિસ્તાર અને ગામડાઓમાં વસવાટ કરતી હોવાનું ખુદ વનતંત્ર સ્વીકારે છે.

**ડેડીયાપાડાથી માલસામોટ જતા રાજ્ય ધોરી માર્ગ પર કામ કરતી**

# એજન્સી લેબરોને સુરક્ષા વિના ગરમ ડામરનું કામ કરાવતી હોવા છતાં તંત્રનું આશ્ચર્યજનક મૌન

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા થી માલસામોટ જતા ગુજરાત રાજ્ય ધોરી માર્ગ પર ડામર રસ્તા નુ કામ એકતા કન્સ્ટ્રકશન નામની એજન્સી દ્વારા ચાલું કરવામાં આવ્યુ છે પરંતુ સવાલ એ ઊભો થાય છે કે અગાઉ ડેડીયાપાડા થી મોવી સુધીનો રસ્તો પણ આજ એજન્સી દ્વારા બનાવવામાં આવ્યો હતો. અને એ હલકી ગુણવત્તા વાળો રોડ બનાવતા મહારાષ્ટ્રથી લઈ અને સાગબારા, ડેડીયાપાડા નાં મુસાફરોને અવર જવર માટે ખૂબ હાલાકી ભોગવવી પડે છે, ત્યારે ફરીવાર આજ એજન્સી ને પુર્વ પટ્ટી ના ડેડીયાપાડા થી માંલસામોટ ગુજરત રાજ્ય ધોરી માર્ગ બનાવવા માટેની કામગીરી અપાઈ છે, પરંતુ તેમના લેબરો ને કોઈ પણ જાતની સુરક્ષા ના સાધનો અપાવમાં આવ્યા નથી તેવી બુમ છે અને ત્યાં કામ કરતા લેબરોને ગરમ ડામરનું કામ કરતા જોવા મળ્યા હતા, ત્યાંના લેબરોને પૂછવામાં આવ્યું હતું ત્યારે જણાવ્યું કે અમને કોઈ પણ પ્રકારની સેપ્ટી આપવામાં આવતી નથી ત્યારે સવાલ એવો ઊભો થાય છે કે જે એજન્સી લેબરોને સેપ્ટી આપ્યા વિનાજ કામ કરાવી રહી છે ત્યારે કામગીરી દરમિયાન કોઈ અણબનાવ બનશે તો જવાબદારી કોની..? શું માર્ગ મકાન વિભાગ દ્વારા નિયમોનુસાર કામ કરાવવા એજન્સી સામે પગલા લેવાતા નથી..?

**હું આ બાબતે તપાસ કરાવીશ : ઈજનેર |** જ્યારે માર્ગ મકાન વિભાગ ના ડેપ્યુટી ઇજનેર ધવલ ગોહિલ સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે અમારા એન્જિનિયર ની દેખરેખ હેઠળ જ આ કામગીરી ચાલે છે અત્યારસુધી કોઈ ફરિયાદ આવી નથી, છતાં હું આ મુદ્દે તપાસ કરાવીશ.



### એજન્સીવાળાનો લૂલો બચાવ

મીડિયા કર્મી એ સ્થળ પર એજન્સી ના કર્મચારી ને સવાલ કર્યો કે ગરમ ડામર પાથરતા કામદારો ને સેફ્ટી માટે બુટ અને હાથ માં ગ્લોજ કેમ નથી આપ્યા..? જવાબ મળ્યો કે બુટ આપ્યા હતા પણ ચોરાઈ ગયા જ્યારે ગ્લોજ બાબતે કર્મચારી એ મૌન ધારણ કર્યું હતું. તેમ છતાં એજન્સી ના કર્મચારી દિલીપભાઈ સાથે આજે ટેલીફોનીક વાત કરી તો તેમણે કહ્યું કે અમારી કામગીરી નિયમોનુસાર ચાલે છે અને હાલમાં બધા કામદારો સુરક્ષા ના સાધનો પહેરી કામ કરે છે તેમ કહી લુલો બચાવ કર્યો હતો.

### નમારીયા | દરજીનું સિલાઈ મશીન પર કરંટ લાગતા મોત

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં આવેલાં નમારીયા ગામ માં દરજી કામ કરતા વ્યક્તિ ને કરંટ લાગતા તેમનું મોત નિપજ્યું હતું. મળતી વિગતો અનુસાર નગીનભાઈ ઉમેદભાઈ બારીયા રહે, નમારીયા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ મરનાર ગણપતભાઈ શીવાભાઈ બારીયા ઉ.વ.૫૭ ધંધો. દરજીકામ રહે.નમારીયા તા. તિલકવાડા જી.નર્મદા નાઓ તારીખ. ૨૫/૧૨/૨૦૨૪ ના રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામા પોતાના ઘરે કપડા સીવવાના સંચા ઉપર કપડા સીવતા હતા તે વખતે વીજ કરંટ લાગતા તેઓને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં તિલકવાડા સરકારી દવાખાનામાં લઈ આવેલા અને ડૉક્ટર સાહેબે તપાસ કરતા તેમને મૃત જાહેર કરતા તિલકવાડા પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.

## ઝઘડિયા | સંદીપ પટેલની પ્રમુખ તરીકે નિયુક્તિનો વિરોધ કરતા સાંસદ વસાવા



ભરત શાહ | નર્મદા

નર્મદા ભરૂચ જિલ્લા માં હંમેશા બોલતા આવેલા સાંસદ મનસુખભાઈ વસાવા એ હાલ સોશિયલ મીડિયા માં એક પોસ્ટ મૂકતા તાલુકા, જિલ્લા માં આ બાબત ભારે ચર્ચા માં છે મનસુખભાઈ વસાવા એ તેમના ઈન્સ્ટાગ્રામ પેજ પર મુકેલી પોસ્ટ માં જણાવ્યું છે કે... ભરૂચ લોકસભા મતવિસ્તારમાં બધા જ તાલુકા/શહેર એકમોમાં સંગઠનનાં પ્રમુખોની જે વરણી થઈ એ તમામ ને હું આવકારું છું. પરંતુ ઝઘડિયા તાલુકામાં સંદીપ પટેલ ની પ્રમુખ તરીકે નિયુક્તિ કરી છે જેનો હું સખત વિરોધ કરું છું. સંદીપભાઈ પટેલે તાલુકામાં ક્યારે ભાજપ નું કામ કર્યું નથી. તે તેમના ગામ પૂરતા જ સીમિત છે. તાલુકા અને જીલ્લા સંગઠનમાં જે વર્ષોથી સખત મહેનત કરી રહ્યા છે તેઓની અવગણના કરવામાં આવી છે અને જેઓ નું પાર્ટી માં યોગદાન નથી અને લોકસભામાં પણ જેને પાર્ટી વિરુદ્ધ કામ કર્યું છે અને ફૂલવાડી ગામે મારો કાર્યક્રમ હતો તેને પણ નિષ્ફળ બનાવવા તનતોડ મહેનત કરી છે. સેવસેતુનો કાર્યક્રમ અથવા તો કોઈ પણ મારા કાર્યક્રમમાં આ સંદીપ પટેલ ઉપસ્થિત રહ્યા નથી. તે માત્ર ધંધાકીય વ્યક્તિઓ સાથે જોડાયેલા છે.

# નરોડા ખાતે અટલ સ્મૃતિ કાર્યક્રમમાં 'તેજપુંજ' અને 'અટલ અંજલિ' પુસ્તકોનું લોકાર્પણ કરાયું

મહેશ એલ.સોની | નખત્રાણા

મેટ્રો કલ્ચરલ ક્લબ દ્વારા આપણા દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી, પ્રેરણાદાયી કવિ અને દુરંદેશી નેતા સ્વર્ગસ્થ શ્રી અટલ બિહારી વાજપાઈજીની ૧૦૦મી જન્મ જયંતિની પૂર્વ સંધ્યાએ અટલ સ્મૃતિ - સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટ, શ્રી રામ ચોક, નિકોલ-નરોડા રોડ, ન્યુ નરોડા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દસકોઈના માન. ધારાસભ્યશ્રી અને ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનાં પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, યુવાઓના લોક પ્રિય નેતા અને વિરમગામનાં માન ધારાસભ્યશ્રી હાર્દિકભાઈ પટેલ,અમદાવાદના ઠક્કરબાપા નગરના માન. ધારાસભ્ય શ્રીમતી કંચનબેન રાદડિયા , સાહિત્યકાર પદ્મ શ્રી વિષ્ણુભાઈ પંડ્યા, લાયન્સ ક્લબનાં હોદ્દેદારો માન. વાઈસ.ડીસ્ટ્રીક્ટ ગર્વનર શ્રી હિરેનભાઈ મેવાડા, માન. પૂર્વ ડીસ્ટ્રીક્ટ ગર્વનર શ્રી દેવજીભાઈ પટેલ, અમદાવાદ સીટીના માન. પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ વગેરે ઉપસ્થીત રહયા હતા. તદઉપરાંત બાલ મહિલા વિકાસના ચેરમેન અને નરોડાના કોર્પોરેટર અલકાબેન મિસ્ત્રી,વિશ્વ હિન્દુ પરિષદના સંયોજક કમલભાઈ રાવલ, અમદાવાદ શહેર ઉપ પ્રમુખ ડો. ચંદાબેન, ગાંધીનગર માહાનગર પાલિકાના કોર્પોરેટર અને બાંધકામ સમિતીના ચેરમેન શ્રી રાજુભાઈ પટેલ,ગુજરાત પત્રકાર સમિતિનાં પ્રમુખ બી.આર. પ્રજાપતી , ઠક્કર નગર વોર્ડના પૂર્વ કોર્પોરેટર વિષ્ણુભાઈ રાંદડીયા ,એલ. આઈ.સી. મહામંત્રી દિનેશભાઈ , બળદેવભાઈ ડોડીયા સૈજપુર વોર્ડ, મિડીયા સેલ પ્રો. મેહુલભાઈ બારોટ, પરેશભાઈ નોંદડીયા કમલભાઈ, રાવલ (દાદા સાહેબ) ભગવા સેના રાષ્ટ્રીય અધ્યક્ષ વગેરે ઉપસ્થીત રહયા હતા.




કાર્યક્રમની મધ્યે જાણીતાં કવયિત્રી , લેખિકા અને સાહિત્યકાર ડો. બીનાબેન પટેલ દ્વારા લખાયેલા શ્રી અટલ બિહારી વાજપાઈજીની વિચારધારાને ઉજાગર કરતા 'તેજપુંજ' અને 'અટલ અંજલિ' નામના બે વિશિષ્ટ પુસ્તકોના લોકાપર્ણ સાહિત્યકાર પદ્મ શ્રી વિષ્ણુભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત મેટ્રો કલ્ચરલ ક્લબનાં સભ્યો અને જે.જે. મેવાડા દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યુ અને જે.જે. મેવાડા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું . કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવોનું ટ્રોફી અને બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. અને અંતે મેટ્રો કલ્ચરલ ક્લબનાં પ્રમુખ મુકેશ પટેલ દ્વારા આભાર પ્રવચન અપાયુ હતું.

આ અટલ સમૃતિ- સંગીત સંધ્યા કાર્યક્રમને પ્રસિદ્ધ સંદીપ ક્રિશ્ચિયન ઓરકેસ્ટ્રાનાં દેશ - વિદેશમાં નામના મેળવનાર ખ્યાતનામ કલાકારો વર્સેટાઈલ સિંગર પ્રિયંકા બસુ, વિશ્વનાથ બાટુંગે , વોઈસ ઓફ કિશોરદા આંનદ વિનોદ વગેરે દ્વારા સંગીત સંધ્યાને પોતના સુરથી સંગીતમય બનાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

## ડેડિયાપાડા | ગારદા ગામે CNI ચર્ચ ખાતે નાતાલની ભવ્ય ઉજવણી કરાઈ



ભરત શાહ | નર્મદા

નાતાલ ખ્રિસ્તી ધર્મનો પવિત્ર દિવસ, આ દિવસે ભગવાન ઈસુના જન્મ દિવસની ઉજવણી કરાય છે.જેની ઉજવણી કરવા માટે દેડિયાપાડા તાલુકાના ગારદા, મંડાળા, ખાબજી, ખામ, અલ્માવાડી, ઘોડી સહિતના તમામ દેવળો તથા મકાનો રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા. નાતાલ પર્વના વધામણા સાથે ખ્રિસ્તી સમુદાય દ્વારા એકબીજાને મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવાઈ હતી. સી.એન.આઈ.ચર્ચ ગારદા ખાતે ખ્રિસ્તી બંધુઓ દ્વારા ખાસ નાતાલના પવિત્ર પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. અને ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. જેમાં નાના ભૂલકાંઓ તેમજ અલગ અલગ ગામો માંથી ઉપસ્થિત બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.ત્યારબાદ તમામ ખ્રિસ્તી બંધુઓ દ્વારા એક બીજાને નાતાલની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. પ્રભુના જન્મના વધામણા, નાતાલ પર્વની ગારદા સહિત દેડિયાપાડા તાલુકામાં તા.૨૫મી ડિસેમ્બર ના રોજ અનેક જગ્યાઓએ ઉજવણી કરાઈ હતી. નાતાલ પર્વ નિમિતે આસપાસથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજુલાની નવ નિર્મિત કોર્ટ બિલ્ડિંગ ખુલી મુકવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલામાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને સિનિયર સિવિલ કોર્ટ બિલ્ડિંગ જેનું રાજુલા શહેરમાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એમ.આર. મેંગડે નાં હસ્તે ખુલી મુકવામાં આવી . આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો તરીકે માનનીય ન્યાયમૂર્તિ શ્રી ગુજરાત હાઈકોર્ટના મેંગડે સાહેબ તેમજ અમરેલી જિલ્લાના જિલ્લા ન્યાયાધીશ બુખારી સાહેબ તથા રાજુલાના એડિશનલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબ શ્રી ત્રિવેદી સાહેબ તથા ફેમિલી જજ સાહેબ મિસ એમ.એસ સોની સાહેબ, પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ સાહેબ શ્રી સિંઘ સાહેબ તથા એડિશનલ સિનિયર સિવિલ જજ સાહેબ શ્રી એ એચ ત્રિવેદી સાહેબ તથા લીગલ વિભાગના જોઈન્ટ સેક્રેટરીશ્રી યુ.એમ ભટ્ટ સાહેબ તથા રાજુલા બાર એસોસિએશનના પ્રમુખ શ્રી વી એમ વરૂ તથા સેક્રેટરી શ્રી મૌલિનભાઈ ઠાકર ઉપસ્થિત રહેલા હતા.

# શિયાળામાં સૌંદર્યની સાચવણ અને ફેશનનો ફાળકો



બધી ઋતુઓમાં શિયાળો સૌથી શ્રેષ્ઠ મોસમ ગણાય છે. છતાં જ્યાં શિયાળામાં કાતિલ ઠંડી પડે છે એ પ્રદેશના લોકો આ ઋતુને સૌંદર્યની શત્રુ ગણે છે. ખરી વાત તો એ છે કે શિયાળામાં પણ સૌંદર્યની માવજત લેતા આવડે તો આ ઋતુને મન મૂકીને માણી શકાય. ઋતુઓનું પરિભ્રમણ આપણી ચામડી, શરીર અને કાર્યક્રમમાં ઘણો ફેરફાર લાવે છે. બદલાતી ઋતુઓ સાથે ત્વચામાં સ્વાભાવિક રીતે જ પરિવર્તન થાય છે. આથી બદલાતી ઋતુઓની સાથે સાથે જુદા જુદા પ્રકારની પ્રસાધન સામગ્રીનો ઉપયોગ જરૂરી છે. શિયાળામાં ત્વચાનું શુષ્ક થવું એક સમસ્યા છે. શરીરનું તાપમાન સામાન્ય રહે અને ત્વચામાં તૈલીય તત્ત્વોનું પ્રમાણ સરખું રહે તે માટે સારા ક્રીમ અને મોઈશ્ચરાઈઝીંગ લોશનનો ઉપયોગ હિતાવહ છે. સ્નાન કરતાં પહેલાં શરીર પર સરસવ, કોપરેલ, બદામ, તલના તેલની ૨૦ મિનિટ સુધી માલિશ કરો. જેથી રક્ત પરિભ્રમણ બરાબર થશે, અને ત્વચા તૈલીય, ચમકદાર અને મુલાયમ બનશે.` માલિશ કરતા પહેલા તેલને થોડું ગરમ કરી લો અને તેમાં થોડી હળદર ઉમેરો. આથી ત્વચાની ચમક વધશે. સ્નાન કર્યા બાદ હાથ, પગ, ચહેરા અને ગરદન પર ક્રીમ અથવા મોઈશ્ચરાઈઝર લગાડવું જોઈએ. જો ત્વચા વધુ તૈલીય હોય અને ખીલ હોય તો ચહેરા પર મોઈશ્ચરાઈઝર લગાડવું જોઈએ. ચહેરાની ત્વચા શરીરની અન્ય ત્વચાથી ભિન્ન હોય છે. ચહેરા પર ઋતુઓંનો પ્રભાવ તરત દેખાય છે. ચહેરાની ત્વચા સૂકાઈને ફાટવા લાગે છે. પણ તેનો ઉપયોગ સરળ છે. દરરોજ ક્રીમને ૨૦ મિનિટ સુધી ચહેરા પર લગાવી રાખો ત્યારબાદ ટીશ્યુ પેપર વડે સાફ કરી દો. કારણ કે ૨૦ મિનિટ બાદ ક્રીમ વ્યર્થ થઈ જાય છે. ઉપરાંત અઠવાડિયામાં એકવાર કોઈ સારા બ્યુટીપાર્લરમાં જઈ સંપૂર્ણ ફેશિયલ કરાવો. શિયાળામાં ચહેરાનું સૂકાપણું દૂર કરવાનો આ સર્વશ્રેષ્ઠ ઉપચાર છે. દિવસમાં ત્રણ ચારવાર ગ્લીસરીન અથવા ઓઈલયુક્ત સાબુ વડે ચહેરાને સાફ કરવો જોઈએ. શિયાળા માટે પિયર્સ સાબુ ઉત્તમ છે. આ રીતે ત્વચાને પોષણ મળે છે અને ત્વચા સ્વસ્થ અને ચમકદાર બને છે. સામાન્ય રીતે ત્વચા ચાર પ્રકારની હોય છે. સામાન્ય ત્વચા, તૈલીય ત્વચા, શુષ્ક ત્વચા અને રૂક્ષ ચીકણી ત્વચાને અનુરૂપ સૌંદર્ય પ્રસાધનો તથા ઘરેલું ઉપચાર કરવા જોઈએ. બજારમાં મળતાં ઘણાં ખરાં કોલ્ડક્રીમ ચીકણા હોવાથી હાથે પગે આ ક્રિમ લગાવ્યા બાદ શરીરે ધૂળ ચોંટે છે. ચામડી ચીપચીપ લાગે છે. આ સમસ્યાનો ઉકેલ એન્ટિ એજિંગ અને વિટામીન ઈ ધરાવતાં ક્રીમમાં મળી રહે છે. આ ક્રિમ સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો સામે પણ રક્ષણ આપે છે. તેમ જ શિયાળામાં શરીરનો જે ભાગ ખુલ્લો રહે તેને ઠંડા પવનથી થતી અસરથી બચાવે છે.



## તૈલીય ત્વચા માટે

આ પ્રકારની ત્વચા પર શિયાળાની અસર ઓછી થાય છે. જો ચહેરા પર વધુ તૈલીય ક્રીમનો ઉપયોગ કરવામાં આવે તો ખીલ થવાનો ભય રહે છે. તેથી રાત્રે સૂતી વખતે ગ્લીસરીન, લીંબુ તથા ગુલાબજળને સમાન માત્રામાં મિશ્ર કરી આ મિશ્રમ લગાડવું જોઈએ. આ મિશ્રણ હાથ પગ ઉપર પણ લગાવી શકાય. આનાથી ત્વચાનો રંગ ઉઘડે છે અને ડાઘ પણ દૂર થાય છે.

## સામાન્ય ત્વચા માટે

સામાન્ય ત્વચા માટે મોઈશ્ચરાઈઝર સૌથી ઉત્તમ છે. ચહેરાને પણ ધુઓ ત્યારબાદ મોઈશ્ચરાઈઝર લગાવો. નહાતા પહેલાં ચહેરા પર કોપરેલ તેલને થોડું ગરમ કરી તેમાં ચપટી હળદર ઉમેરી તેની પેસ્ટ બનાવી પાંચ મિનિટ સુધી રાખો. આ પેસ્ટ હાથપગ પર લગાવી શકાય. ત્યારબાદ ગરમ પાણી વડે સાફ કરો.


## શુષ્ક ત્વચા

આ પ્રકારની ત્વચા પર શિયાળાની ખૂબ માઠી અસર થાય છે. ચહેરા તથા હાથ પગની ત્વચા ફાટી જાય છે અને ક્યારેક તેમાંથી લોહી પણ નીકળે છે તથા બળતરા થાય છે. આ પ્રકારની ત્વચા માટે કોઈપણ સારી કોલ્ડક્રીમ દિવસમાં ત્રણથી ચાર વાર લગાડવી જોઈએ તથા અઠવાડિયામાં એકવાર બદામના તેલનું ફેશીયલ કરાવવું જોઈએ. ઉપરાંત ઘરેલું ઉપાયમાં છાંયડામાં સુકવેલા લીમડાના પાનને વાટી પાવડર બનાવો. એક ચમચી શુદ્ધ ઘીમાં એક ચમચી લીમડાનો પાવડર તથા અડધી ચમચી હળદર ઉમેરી ધીમી આંચ પર થોડું ગરમ કરો અને આ લેપ દિવસમાં એકવાર લગાવો. આનાથી ત્વચા સુંદર અને સ્વસ્થ બનશે.

## પગની ત્વચા માટે

પગની ત્વચા ફાટી જવાથી ખૂબ તકલીફ થાય છે . પગના તળિયા અને આંગળાની વચ્ચે ખૂબ બળતરા થાય છે અને ખંજવાળ આવે છે. આના માટે કોકમના તેલની માલિશ સૌથી ઉત્તમ છે. બીજી રીતમાં દિવેલને થોડું ગરમ કરી પગને મોટા વાસણમાં રાખી તેના પર દિવેલની લગભગ અડધા કલાક સુધી ધાર કરો. ત્યારબાદ મોજાં પહેરી લો.

## હોઠનું ફાટવું



શિયાળામાં હોઠ ફાટી જવાથી ખૂબ તકલીફ થાય છે. હોઠને વારંવાર થૂંક વડે ભીનું ન કરો. દિવસમાં ત્રણથી ચાર વાર સુગંધી વિનાની તથા રંગહીન વેસેલીન લગાવો. રાત્રે સૂતી વખતે શુદ્ધ ઘી અથવા કોપરેલનું તેલ લગાડી શકાય.



**શિયાળામાં મેકઅપ |** ત્વચા શુષ્ક થઈ જવાથી મેકઅપ ખૂબ ડ્રાય થઈ જાય છે અને દેખાઈ આવે છે. આથી ફાઉન્ડેશન લગાવતાં પહેલાં ચહેરા પર કોલ્ડક્રીમ લગાવો. ત્યારબાદ ઓઈલ બેઝ ફાઉન્ડેશન લગાવી સ્પંજ વડે બરાબર ફેલાવો. ફાઉન્ડેશન બાદ કોમ્પેક્ટ પાવડર લગાવો. ફરી સ્પંજની મદદથી ચહેરા પરનો પાવડર સરખો કરો. ત્યારબાદ બ્લશઓન, આઈ-મેકઅપ અને ચાંદલો કરો. હોઠ પર પહેલાં કોલ્ડક્રીમ લગાવી પછી લીપસ્ટિક લગાવો. શિયાળામાં મેકઅપ ઓઈલ બેઝવાળું જ ખરીદો. શિયાળામાં ડાર્ક રંગના કપડાં પહેરવાં જોઈએ. ઘાટો રંગ સૂર્ય રંગના કિરણોનું શોષણ કરી કત્વચાને વિટામીન ડી આપે છે. હુંફ વધારે છે. પુરુષો પણ આમાંની માફક આવે એ ટીપની અજમાયશ કરી શકે છે.



# નેઈલ આર્ટને લાંબો સમય ટકાવી રાખવા...

**નેઈલ-આર્ટ કર્યા બાદ એ થોડું સુકાઈ જાય એટલે તરત જ એક બાઉલમાં બરફવાળું ઠંડું પાણી લઈ એમાં નખને પાંચેક મિનિટ બોળી રાખો. આનાથી નેઈલ-પૉલિશ કઠણ થઈ જશે અને ફેલાશે નહીં. પૉલિશ થોડી-થોડી ભીની હોય ત્યારે આ પ્રયોગ કરવાથી એ ઝડપથી કડક થઈને સુકાઈ જશે.**

આજથી હજી પાંચેક વર્ષ પહેલાં નેઈલ-આર્ટ ફક્ત એક ખાસ ક્લાસ અને સેલિબ્રિટીઝ પૂરતી હતી, પરંતુ આજે નાની બાળકીઓથી લઈને કોલેજ જતી ટીનેજર અને ગૃહિણીઓ સુધી કોઈને પ્લેન-પૉલિશ લગાવવી ગમતી નથી. નખ પર ડિઝાઈન કરવાનો આ ટ્રેન્ડ બધાને ગમી ગયો છે. એક્સપર્ટો પાસે નેઈલ-આર્ટ કરાવવામાં આવે ત્યારે એમાં વપરાતી પ્રોડક્ટ્સ અને ટેક્નિકને લીધે એ નખ પર આઠથી દસ દિવસ સુધી ટકે છે, પરંતુ જાતે કરવામાં આવે ત્યારે બીજા જ દિવસે નેઈલ-પૉલિશ નીકળવા લાગે છે. આવું ન થાય એ માટેની કેટલીક ટિપ્સ જાણી લો. જો આર્ટિફિશ્યલ નખ લગાવવાના હો તો નખની લંબાઈ એટલી જ પસંદ કરો જેમાં તમે કમ્ફર્ટેબલ હો. નખ વધુ પડતા લાંબા હશે તો કામ કરતી વખતે એ નડશે અને નખ તૂટી જશે. નખ જ્યારે અડધો તૂટી જાય ત્યારે એ વધુ દુખાવો આપે છે. જો તમારે ઘરનું કામ કરવાનું હોય અથવા કી-બોર્ડ પર સતત ટાઈપ કરવું પડતું હોય તો લાંબા નખ અવૉઈડ કરો. નખ નેઈલ-આર્ટ માટે તૈયાર છે કે નહીં એ પણ જાણવું જરૂરી છે. નખને તૈયાર કરવામાં સૌથી પહેલું સ્ટેપ એટલે પહેલાં લગાવેલી કોઈ પણ નેઈલ-પૉલિશ નખ પરથી સારી



નખને તૈયાર કરવામાં સૌથી પહેલું સ્ટેપ એટલે પહેલાં લગાવેલી કોઈ પણ નેઈલ-પૉલિશ નખ પરથી સારી ક્વૉલિટીના નેઈલ-પૉલિશ રિમૂવરથી કાઢી નાખવી

ક્વૉલિટીના નેઈલ-પૉલિશ રિમૂવરથી કાઢી નાખવી. ત્યાર બાદ નખને બફરની મદદથી લીસા કરવા અને છેલ્લે નખ સાફ લાગે એ માટે ક્યુટિકલ્સ હોય તો એ કટ કરવા. મોઈસ્ચરાઈઝરની જરૂર ફક્ત ચહેરા અને હાથને જ નહીં, નખને પણ પડે છે. નખને ફાઈલિંગ અને બફિંગ કરી લીધા બાદ નખ પર સ્ક્રબ ઘસો. ધોઈને મોઈસ્ચરાઈઝર લગાવો. નખની આજુબાજુ ક્રીમ લગાવેલી હશે તો એનાથી નેઈલ-પૉલિશ લગાવ્યા બાદ આંગળીઓ પર લાગી ગયેલો રંગ દૂર કરવામાં આસાની રહેશે. નેઈલ-પૉલિશ ડાયરેક્ટ નખ પર લગાવવા કરતાં એને કોઈ બેઝ લગાવી એના પર સેટ કરતાં એ વધુ ટકે છે. બેઝ કોટ એક સુંદર મેનિક્યોરનું સીક્રેટ છે એવું પણ કહી શકાય. નેઈલ-પૉલિશને લાંબી સમય સુધી ટકાવી રાખવાની સાથે નખને નેઈલ-પૉલિશના ડાર્ક કલર સામે પ્રોટેક્ટ કરવાનું પણ કામ કરે છે. આ સિવાય ટોપ કોટ પણ એટલો જ મહત્ત્વનો છે. નેઈલ-આર્ટ કરી લીધા બાદ એના પર ટૉપ કોટ લગાવતાં એ ચમકે છે અને લાંબા સમય સુધી પ્રોટેક્ટેડ રહે છે. જો સસ્તી પ્રોડક્ટથી નેઈલ-આર્ટ કરવા જશો તો એ લાંબો સમય નહીં જ ટકે. કોઈ પણ દુકાન કે ટ્રેનમાંથી નેઈલ-પૉલિશ ખરીદવાને બદલે યોગ્ય કોસ્મેટિક સ્ટોરમાં જઈને બ્રેન્ડેડ નેઈલ-પૉલિશ ખરીદો. બેઝ કોટથી લઈને મેઈન નેઈલ-આર્ટ અને ત્યાર બાદ ટોપ કોટની વચ્ચે યોગ્ય સમયાંતર હોવો જરૂરી છે. પહેલો કોટ પૂરી રીતે સુકાયો નહીં હોય અને એના પર બીજો કોટ લગાવવામાં આવશે તો પહેલો પણ બગડશે. માટે બેઝ કોટ સુકાય એ પછી જ નેઈલ-પૉલિશ અને એ પૂરી રીતે સુકાઈ જાય ત્યાર બાદ જ ટોપ કોટ લગાવવો.

# સ્ત્રીઓ માટે શિયાળાની સવારમાં બાળકોને એની મીઠ્ઠી નીંદર માંથી જગાડવા એ મોટી સમસ્યા...

દિવાળી પૂરી થતાંજ ધીમે ધીમે ઠંડા પવનો એ જય મંગલ સોસાયટી માં આખરે દસ્તક દઈ દીધી છે.શિયાળાનાં દિવસો માં રાત લાંબી ને દિવસ ટૂંકો હોવાના કારણે રાત ફટાફટ પડી જાય છે.સ્ત્રીઓ માટે શિયાળાની સવાર માં બાળકોને એની મીઠ્ઠી નીંદર માંથી જગાડવા એ મોટી સમસ્યા છે,પરંતુ છતાંય બાળકો ફટાફટ રેડી થઈને સ્કૂલ ભેગા થઈને બપોરે ઘરે પરત ફરે છે. નોકરિયાત અને ધંધાદારી ટિફિન પકડી ને નીકળી સીધા રાત્રે જ ઘરે પધરામણી કરે છે.મતલબ ઘરમાં હાઉસ વાઈફ ને વડીલો જ ઉપસ્થિત હોઈ છે.વડીલો તો ઠંડી ની શરૂઆત થીજ માંથા પર ટોપી ને સ્વેટર માં સજજ થઈને જાય છે.વડીલો તો ઘરની બહાર નીકળવાનું ઓછું પસંદ કરે છે પરંતુ કૂણો તડકો નીકળતા જ હાથ પગમાં મોજા ધારણ કરીને ઓટલા પરિષદ માં વ્યસ્ત થઈ જાય છે...

શું? શાંતિ ને એ પણ જય મંગલ સોસાયટી માં,25વર્ષ થી તો કદાચ.. મે તો નથી સાંભળ્યું. ચર્ચાઓ અને વિવાદ ને ઝગડાઓ છતાંય અંદરો અંદર સંપ એ જય મંગલ સોસાયટી નું ટ્રેડમાર્ક છે...સોસાયટી તો ભમરા ની જેમ સતત ગુંજ્યા જ કરે છે...હકીકત તો એ છે કે જય મંગલ સોસાયટી ને શાંતિબેન કરતા શાંતા બાં સાથે વધારે ફાવે છે...કમળા બેન ની બાં અને મહેસાણા ના મોર્ડન એન આર આઈ શાંતા બેન પટેલ ની વચ્ચે પાક્કી મિત્રતા. બન્નેની મિત્રતા શિયાળુ શાકભાજી માં વધારે પડતી બધાને આંખે વળગતી હતી.બધું ડોશી મંડળ સહેલીઓ સાથે ભેગુ થઈને મેથી,લીલું ,લસણ ,વટાણા તુવેર,વાલોળ, આદુ,હળદર વગેરે સાફ કરવામાં કૂણા તડકામાં સોસાયટી ના બાકડા પર બેસીને કલાકો ને કલાકો વિતાવે. બધી આધેડ ઉંમરની સ્ત્રીઓ ઓટલા પરિષદ માં વાતનો વિષય ‘વહુ‘ અને ‘જમાઈ‘ જ હોવાનો નક્કી.. શાંતા બાં બોલ્યાં એલી મોંઘી,શું ક્યારની વિદેશના ભજન ગાયા કરે છે?તું પહેલીવાર દીકરાના ત્યાં યુએસ જાય છે એટલે આટલી બધી ખુશ છો.બાકી ત્યાં ઠંડી ને એકલતા સિવાઈ કશું નથી.મારે તો બળી મજબૂરી શું કરું? પાસપોર્ટ ની લપમાં યુ એસ દર વર્ષે જવું પડે છે, જય મંગલ સોસાયટી જેવું સુખ અને આનંદ બીજે ક્યાંય નથી. મોટાને ત્યાં જાવ ભેગા અંગ્રેજ વહુ દીકરા સામુ જોઈને કહે છે કે બાં ની રસોઈ માટે તો મનુ તરસી જાય છે,બાં તમારા હાથનો સ્વાદ વર્ષમાં ત્રણ મહિના જ મનુ ને મળે છે.. દીકરો પણ વહુઘેલો એટલો છે કે વહુ નું સિગ્નલ મળતા જ પોપટ ની જેમ બોલવા લાગે છે કે હા!!!નીલું એકદમ સાચી વાત કરે છે,બાં આજ તો નીલુંની બેસ્વાદ રસોઈ ખાઈ લવ છું, પણ કાલથી રસોડું તું સાંભળી લેજે. બા અહીંયા છો ત્યાં સુધી તારી રસોઈ મનભરી ને ખાવી છે કાલથી નીલું તારી રસોડામાં નો એન્ટ્રી સમજી...



પંચાત રસ

- રુપાલી દવે

નાના ની બાયડી ગોમડા ની એટલે ત્યાં જવ ત્યારે એ સંસ્કાર ની પૂતળી મને જોઈને બોર બોર જેવડા આંસુડાં પાડીને ભેટી પડે છે.એલી મંજુડી મને તો એના અચાનક આંખોના વરસાદ સમજતા જ નથી. એ ગામડાની એટલે ખાસ ભણી નથી તો નોકરો ક્યાંથી મળવાનો.એટલે જ્યારે એને ત્યાં હોવ ત્યારે રસોઈ તો એ ખુદ જ બનાવે છે પણ એની સતત રોક ટોક ‘બાં,તમે યુ એસમાં આવ્યા છો ગામડે નથી,સમજો ગરમ કપડા પૂરેપૂરા પહેરો‘....રેસ્ટોરન્ટ માં જઈએ ત્યારે માંડ પીઝાનો કટકો મોમાં મૂક્યો હોઈ ત્યાજ બોલી ઊઠશે ‘ બાં ધીમેધીમે ચાવીને ખાજો,પીઝા મેંદાનો બને ને ઉપરથી ભરપુર ચીઝ બટર નો ઉપયોગ.પચશે નહિ તો પેટમાં દુખશે,..‘ ગાર્ડન વગેરેમાં ફરવા જઈએ ત્યારે તો નાની વહુ હદ વટાવી દે છે,એક્સ્ટ્રા ધાબળા જેવી શાલ ભરપુર ગરમ



કપડા માં ઓઢાડતા કહે છે કે બાં,યુ એસની ઠંડી આકરી હોઈ છે બીમાર પડશો.‘...ચીકુ,બન્ને વહુઓ મોટી કારીગર છે,પરંતુ મોટાની અંગ્રેજ દિલ ની ભોળી છે.નાની ગામડા ની એટલે માળી ખૂબ ચાલક છે,સતત દીકરાની સામે ધ્યાન રાખવાના ડોળ કરીને એક કાકારે બે પક્ષીઓ મારે છે.. કાંતા, બાં ને ભોળી સમજે છે પણ દીકરા ની ગૃહસ્થી સારી રહે એટલે ચૂપ છું.ખબર છે મને એ એવું સમજે છે કે વધારે રોકટોક થી કંટાળી ને મોટાના ઘરની રાહ પકડી લઈશ. શાંતા જેનું નામ એમ એના કાવાદાવા થી હારે એવી બલા નથી......પુરા ત્રણ મહિના મસ્ત એની માં ની હારે પૂજા પાઠ ને પંચાત માં કાઢવાના આખરે મારા દીકરાનું ઘર છે એ થોડી દહેજમાં લાવી છે.બોલો મારાથી ચાર વર્ષ મોટી એની માં છે તોય એની ઠંડી કે પેટ ની ચિંતા નથી.....

સાચું કહું યુ એસ જવાનું મન તો થતું નથી પરંતુ મોટા ની લાગણીઓ ને એના વિદેશી સાસરિયાં ખૂબ મજાના છે.બિચારા બધા ધોળિયા ભોળિયા ભટક છે.... શાંતા બાં થોડું શરમાઈ ને બોલ્યાં કે ચીકુ, મોટા નો સસરો તો 75વર્ષેય હિરો જેવો તંદુરસ્ત લાગે છે, મને તો શાંતુ કહીને બોલાવે છે....ઓટલા પરિષદ નું ડોશી મંડળ તો મોર્ડન શાંતા બાં ની વાત સાંભળીને ખડખડાટ હસવા લાગ્યા.સુરત ના મધુબા તો બોલ્યાં પણ ખરા કે ગાંડી ધ્યાન રાખજે ડોસો તારા પર લાઈનો મારતો લાગે છે,તું રૂપકડી રહીને એટલે. શાંતા બાં બોલ્યાં કે અરે!!! બહેનો,વિદેશમાં પોચ વર્ષનું છોકરું હોઈ કે 100વર્ષ નુ ઘરડું બધાને તુંકારે જ બોલાવે છે,મોટો ખુદ એના સસરા ને જોસેફ કહીને બોલાવે છે.હું ભાઈસાબ બોલતી હતી તો ખુદ મારી વહુ સમજાવ્યું કે બાં વોટ ઈઝ ભાઈસાહેબ? ડેડીને જોસેફ કહો...મને આટલું લાંબુ નામ યાદ રહે નહિ. એને ‘જોસ‘ નામથી બોલવું છું ને ત્યારે એનો સસરો કહે છે કે શાંતુ યુ આર અન બિલિવેબ્લ. ત્યારે મને તો સમજાતું નથી કે ‘જોસ‘ શબ્દ માં શું સમજવા જેવું નથી? ગંગા બાં એ વણમાંગી સલાહ પણ આપી દીધી કે ધ્યાન રાખજે પરદેશ છે બાપા... 15રેક ડોશીઓનું મંડળ સવારના 9 વાગ્યા થી 12વાગ્યા સુધી મસ્ત અડ્ડો જમાવીને શંતા બાં ની યુએસ ગાથા સભલવામાં વ્યસ્ત હતું.પરંતુ ડોશી મંડળ નાં પ્રમુખ વિમળા બાં ગેરહાજર હતા. વિમળા બાં એના દીકરાના દીકરા યોગીની બર્થ ડે પાર્ટી મા પતિ સાથે રેસ્ટોરન્ટ જમવા ગયા હતા.12:30 એ સોસાયટી ના દરવાજા આગળ રિક્ષા ઊભી રહી ને એમાંથી વિમળાબેન ઉતરીને સીધા ડોશી પરિષદ તરફ ચિંતાતુર ચહેરે આવ્યા. વિમળાબાં તરફ જોઈને કમળા બેન ના બા ચીકુ બેન બોલ્યાં કે નક્કી વહુ એ ફરી પાછી બબાલ કરી લાગે છે,જગાભાઈ પણ સાથે દેખાતા નથી...બિચારી વિમળા નું તો નસીબ જ પતિ અને વહુ વચ્ચે ફર્યા કરે છે. શાંતા,મને તો એજ સમજાતું નથી કે વિમળા ની વહુએ જગાભાઈ પર શું જાદુ કરી નાખ્યું છે? જગાભાઈ ને પત્ની કરતા વહુ ની વાતો પર ભરોસો છે...

વિમળા બાં એ ચીકુ બાં ની નજીક જઈને બોલ્યાં કે નજરે જોયેલું કાશ ખોટું હોઈ,મારું તો એ દ્રશ્ય જોઈને હૃદય ધડકારો ચૂકી ગયું.....થયું કે ભૂતના સરદાર ને બેત્રણ જીકી દવ પણ તારો ને કમળા નો વિચાર કરીને ચૂપ રહી... ચીકુ બાં એ ગભરાઈ ને કહ્યું કે એલી વાતમાં તેલ પાણી નાખવાના બદલે મૂળ વાત પર આવી જા...વિમળા બાં એ પૂરી તાકાત એકઠી કરીને કહ્યું કે ‘કમળા નો પટેલ રૂપાળી ફટકડી સાથે રેસ્ટોરન્ટ ના ખૂણાના ટેબલ પર.... હાય હાય બોલતાય શરમ આવે છે..તારો પટેલ એનાથી અડધા ઉંમરની છોકરી ને હની હની કરતો હતો..‘ ... હે!!!!હે!!!!હે!????...હોઈ નહિ ના નાદ સાથે બધું ડોશી મંડળ વિખરાઈ ગયું ને ચીકુ બાં ગુસ્સામાં લાલ ચોળ થતાં બોલ્યાં કે ઘરે આવે એટલે એવો સબક શીખવીશ ને એના મગજ માંથી પ્રેમનું ભૂત ઉડી જશે.. ચીકુબાં મેથી,તુવેર વગેરેની કોથળી લઈને E blok તરફ જવા રવાના થયા.....

# આમિર ખાને ખરાબ આદતો વિશે જણાવ્યું...

## નાના પાટેકર સાથે વાત કરતી વખતે કહ્યું- હું ખૂબ આળસુ છું, સિગારેટ પણ પીઉં છું, દારૂ હમણાં જ છોડ્યો...



(એજન્સી) મુંબઈ | તા.26

આમિર ખાને હાલમાં જ પોતાની ખરાબ આદતો વિશે જણાવ્યું છે. તેણે કહ્યું કે હવે તે માત્ર સ્મોક કરે છે, દારૂ પીવાનું બંધ કરી દીધું છે. એક્ટરે કહ્યું કે તે સમયને ત્યારે જ મહત્વ આપે છે જ્યારે તેની પાસે ફિલ્મ હોય. બાકી પોતાના અંગત જીવનમાં તે સમયને ખાસ મહત્ત્વ આપતો નથી.

હું ખૂબ જ ઈનડિસિપ્લિન અને આળસુ છું - આમિર નાના પાટેકર સાથે વાત કરતી વખતે આમિર ખાને તેની ખરાબ આદતો વિશે જણાવ્યું. નાનાએ આમિરને પ્રશ્ન પૂછ્યો કે શું તેને કોઈ ખરાબ આદતો છે? જેના જવાબમાં આમિરે કહ્યું- હું ખૂબ જ ઈનડિસિપ્લિન અને આળસુ છું, સમયસર ફિલ્મના સેટ પર જઉં છું, પ્રોફેશનલ લાઈફમાં ડિસિપ્લિનમાં રહું છું પરંતુ પર્સનલ જીવનમાં એકદમ આળસુ છું. હું હવે ખાલી સ્મોક કરું છું, દારૂ છોડી દીધો- આમિર આમિરે વાતચીતમાં આગળ કહ્યું- હું સિગારેટ પીઉં છું, દારૂ મેં છોડી દીધો છે. પહેલા હું પણ દારૂ પીતો હતો. અગાઉ જ્યારે હું દારૂ પીતો હતો ત્યારે આખી-આખી રાત પીતો હતો. નાનાએ આમિરને અટકાવ્યો અને કહ્યું - આદત ખરાબ ત્યારે બની જાય છે જ્યારે તમે તેને વધારે કરો છો.

હું જે પણ કરું છું, હમેંશા વધારે જ કરું છું- આમિર આમિરે જવાબ આપ્યો - હા, મારી તકલીફ એ છે કે હું એક એક્સટ્રીમ વ્યક્તિ છું, હું જે પણ કરું છું, હું તે વધારે જ કરું છું. મને ખ્યાલ છે કે તે સારી આદત નથી. હું પોતે જાણું છું કે હું ખોટું કરી રહ્યો છું. પણ હું મારી જાતને રોકી શકતો નથી. મને ખરાબ ટેવો છે. જ્યાં સુધી ફિલ્મ ન આવે ત્યાં સુધી હું શિસ્તબદ્ધ નથી રહેતો. હું ફિલ્મો માટે સંપૂર્ણપણે શિસ્તબદ્ધ બની જાવ છું.

નાના પાટેકરે આમિરને આપી સલાહ આમિરનો જવાબ સાંભળીને નાનાએ તેને સલાહ આપી અને કહ્યું- ફિલ્મ આપણી દવા છે. હું તમને ફિલ્મો કરવાનું ચાલુ રાખવાની સલાહ આપું છું. આમિરે કહ્યું- મેં વિચાર્યું છે કે હવે હું વર્ષમાં એક ફિલ્મ કરીશ, હાલમાં મારી પાસે ત્રણ વર્ષમાં એક ફિલ્મ આવી રહી છે.

હાલમાં જ નાનાની ફિલ્મ વનવાસ રીલિઝ થઈ છે નાના પાટેકર પોતાની ફિલ્મ વનવાસને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં, તેણે એક વૃદ્ધ વ્યક્તિની ભૂમિકા ભજવી હતી, તેના બાળકો તેને ઘરની બહાર કાઢી મૂકે છે અને તેને બનારસની ગલીઓમાં ભટકતા છોડી દે છે. આ ફિલ્મમાં નાના પાટેકર ઉપરાંત ઉત્કર્ષ શર્મા, રાજપાલ યાદવ, અશ્વિની કાલસેકર અને સિમરિત કૌર પણ જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન અનિલ શર્માએ કર્યું છે. વનવાસ ફિલ્મ 20 ડિસેમ્બર 2024ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.આમિરની ફિલ્મ વર્ષ 2025માં આવશે આમિર ખાનની વાત કરીએ તો તેણે તેની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. એક્ટર આ ફિલ્મ વર્ષ 2025માં રિલીઝ થશે. આ સિવાય તે 'લાહોર 1947' ફિલ્મ પણ પ્રોડ્યુસ કરી રહ્યો છે. આ ફિલ્મમાં સની દેઓલ, આમિરના પુત્ર જુનેદ ખાન અને સાઈ પલ્લવી મુખ્ય ભૂમિકામાં હશે.

## ન ડર કે ડ્રામા, સલમાન ખાનના જન્મદિવસ માટે

# પ્લાનિંગ પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે...

(એજન્સી) મુંબઈ | તા.26

સલમાન ખાન 27 ડિસેમ્બરે પોતાનો 59મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યો છે.

સલમાનના જન્મદિવસને લઈને માત્ર તેનો પરિવાર જ નહીં પરંતુ સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી ઉત્સાહિત છે. બિગ બોસ દ્વારા તેમના જન્મદિવસની ભવ્ય ઉજવણીનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. મતલબ કે સતત જાનથી મારી નાખવાની ધમકીઓ છતાં પણ સલમાન કોઈ પણ ડર અને ડ્રામા વગર પોતાનો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યો છે.

વર્ષ 2024 સલમાન ખાન માટે ખૂબ જ પડકારજનક રહ્યું છે. એક તરફ તેને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. બીજી તરફ તેણે પોતાના ભાઈ જેવો મિત્ર બાબા સિદ્દીકી ગુમાવ્યો છે. જો કે, 'શો મસ્ટ ગો ઓન'ને યાદ કરીને, સલમાન પોતાનું કામ પૂરા સમર્પણ સાથે કરી રહ્યો છે. બોલિવૂડના દબંગ ખાન અત્યારે કોઈ પણ ઉજવણીના મૂડમાં નથી. પરંતુ તેના ચાહકો તેના જન્મદિવસનું જોરશોરથી આયોજન કરી રહ્યા છે. સલમાન ખાનના જન્મદિવસની ઉજવણી તેના જન્મદિવસના એક દિવસ પહેલા એટલે કે આજે 26મી ડિસેમ્બરે શરૂ થવા જઈ રહી છે અને તે 'બિગ બોસ'ના સેટથી શરૂ થશે. કડક સુરક્ષા વચ્ચે સલમાન ખાનનો જન્મદિવસ કોઈપણ ડર અને ડ્રામા વગર ઉજવવામાં આવશે.

સલમાન ખાનના જન્મદિવસને ખાસ બનાવવા માટે તેના પરિવારના ઘણા સભ્યો શોમાં હાજરી આપવાના છે.

બિગ બોસના મંચ પર આવનારા આ ખાસ મહેમાનોમાં સલમાન ખાનનો નાનો ભાઈ સોહેલ ખાન, તેનો ભત્રીજો અરહાન ખાન (અરબાઝ ખાનનો પુત્ર), નિર્વાણ ખાન (સોહેલ ખાનનો પુત્ર) અને તેનો ભત્રીજો આહિલ શર્મા (અર્પિતા ખાન અને આયુષ શર્માનો પુત્ર)નો સમાવેશ થાય છે. સલમાન પોતાના જન્મદિવસની ઉજવણી પરિવાર સાથે શરૂ કરશે. આ ખાસ અવસર પર બિગ બોસના સ્પર્ધકો પણ તેને શાનદાર ડાન્સિંગ ટ્રિબ્યુટ આપતા જોવા મળશે. બિગ બોસના ઘરમાં સામેલ તમામ સ્પર્ધકો સલમાનની ફિલ્મના પ્રખ્યાત ગીતો પર ડાન્સ કરતા જોવા મળશે. જો કે આ સેલિબ્રેશન જોવા માટે દર્શકોએ શનિવારની રાહ જોવી પડશે.

સૂત્રોનું માનીએ તો સલમાન બિગ બોસનું શૂટિંગ પૂરું કર્યા પછી તેના ઘરે જશે.

તે પોતાના પરિવાર અને કેટલાક નજીકના મિત્રો સાથે ત્યાં પોતાનો જન્મદિવસ ઉજવશે. જો કે, તેમની આસપાસ કેટલા લોકો હશે તેના પર પ્રતિબંધ હોવાને કારણે, આ ઉજવણી મર્યાદિત લોકો સાથે જ થશે.



# અન્ના યુનિવર્સિટી દુષ્કર્મ મામલે થલાપતિ વિજયનું નિવેદન...

## આરોપીઓને જલ્દી સજા મળે, મહિલાઓની સુરક્ષા પર ધ્યાન આપવાની જરૂર

(એજન્સી) મુંબઈ | તા.26



એક્ટર અને તમિલગા વેત્રી કઝગમ (TVK) પાર્ટીના અધ્યક્ષ થલાપતિ વિજયે ચેન્નાઈની અન્ના યુનિવર્સિટીની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ કેસમાં નિવેદન આપ્યું છે. તેમણે આ ઘટનાને દર્દનાક ગણાવી અને તમિલનાડુ સરકાર પાસેથી આરોપીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહીની માગ કરી. ચેન્નાઈ પોલીસે આ મામલામાં બિરયાની વેચનારની ધરપકડ કરી છે. એક્ટર વિજય થાલાપતિએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું કે, અન્ના યુનિવર્સિટીની એક વિદ્યાર્થીની સાથે યૌન શોષણની ખબર ગંભીર રૂપથી ચોંકાવનારી છે. જોકે, પોલીસે માહિતી આપી છે કે જાતીય શોષણ કરનાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. હું તમિલનાડુ સરકારને વિનંતી કરું છું કે તેના વિરુદ્ધ વહેલી તકે કાનૂની કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત આ જઘન્ય ગુનામાં અન્ય કોઈ સંડોવાયેલ હોય તો તેની સામે પણ કાર્યવાહી થવી જોઈએ.

વિજયે કહ્યું, આપણને દર વર્ષે મળતા નિર્ભયા ફંડનો ઉપયોગ કરીને આપણે એવી જગ્યાઓ ઓળખવી જોઈએ જ્યાં મહિલાઓ સુરક્ષિત નથી. આ પછી ત્યાં સ્માર્ટ પોલ, ઈમરજન્સી બટન, સીસીટીવી કેમેરા અને ટેલિફોન જેવી સુવિધાઓ લગાવવી જોઈએ. તમામ શહેરોની બસોમાં મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવી જોઈએ, મહિલાઓ માટે જાહેર સ્થળોએ શૌચાલય બનાવવું જોઈએ, મહિલાઓની સુરક્ષા માટે ઈમરજન્સી ટેલિફોન અને મોબાઈલ એપની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ. ઉપરાંત, આ તમામ સુવિધાઓ યોગ્ય રીતે કામ કરી રહી છે કે નહીં તેની ખાતરી કરવા માટે આ તમામ સુવિધાઓનું નિરીક્ષણ કરવું જોઈએ.

જાણો શું છે સમગ્ર મામલો? ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર, અન્ના યુનિવર્સિટીની એન્જિનિયરિંગ સ્ટુડન્ટનું યૌન શોષણ થયું હતું. આ બાબત ત્યારે પ્રકાશમાં આવી જ્યારે વિદ્યાર્થિનીએ પોતે આ અંગે ફરિયાદ કરી. વિદ્યાર્થીએ જણાવ્યું કે સોમવારે રાત્રે લગભગ 8 વાગ્યાની આસપાસ તે કોલેજ કેમ્પસમાં તેના મિત્ર સાથે વાત કરી રહી હતી. ત્યારબાદ આરોપી ત્યાં પહોંચ્યો અને તેની સાથે દુષ્કર્મ કર્યું.

ગ્રેટર ચેન્નાઈ મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું કે પીડિતાએ કોટ્ટુરપુરમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી અને કેસ નોંધવામાં આવ્યો.

# રણવીર અલ્હાબાદિયા ડૂબતાં-ડૂબતાં રહી ગયો

## યુટ્યૂબર ગોવામાં ગર્લફ્રેન્ડ સાથે દરિયામાં સ્વિમિંગ માટે ગયો હતો, IPS ઓફિસરે બચાવ્યો જીવ



(એજન્સી) મુંબઈ | તા.26

યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા ઘણીવાર કોઈને કોઈ પોડકાસ્ટને કારણે હેડલાઈન્સમાં રહેતો હોય છે. હાલમાં, રણવીર તેની ગર્લફ્રેન્ડ સાથે ગોવામાં વેકશન મનાવા માટે ગયો હતો. યુટ્યૂબરે તેની ગર્લફ્રેન્ડ સાથે કેટલીક તસવીરો શેર કરતી વખતે એક ખરાબ અનુભવ શેર કર્યો. તેણે જણાવ્યું કે તે ડૂબતાં-ડૂબતાં રહી ગયો હતો. એક IPS ઓફિસરના પરિવારે જીવ બચાવ્યો હતો. રણવીર અલ્હાબાદિયાએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. આ દરમિયાન તેણે ઈમોજી વડે તેની ગર્લફ્રેન્ડનો ચહેરો છુપાવ્યો છે. આ તસવીરોની સાથે એક લાંબુ કેપ્શન પણ લખવામાં આવ્યું છે.

રણવીર અલ્હાબાદિયા લગભગ ડૂબી ગયો હતો, IPSએ બચાવ્યો રણવીર અલ્હાબાદિયાએ તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખ્યું કે, આ મારા જીવનની સૌથી ખરાબ ક્રિસમસ હતી.

હવે અમે એકદમ ઠીક છીએ. પરંતુ ગઈકાલે સાંજે 6 વાગ્યાની આસપાસ, હું અને મારી ગર્લફ્રેન્ડ એક ખરાબ પરિસ્થિતિમાંથી બચી ગયા. અમને બંનેને દરિયામાં સ્વિમિંગ કરવું ગમે છે. હું નાનપણથી જ કરતો આવ્યો છું. પરંતુ ગઈકાલે અમે પાણીની અંદર ગયા હતા. જો કે મારી સાથે આ પહેલા પણ આવું બન્યું છે, પરંતુ ત્યારે મારી સાથે બીજું કોઈ નહોતું.

# કિયારાએ રેપિસ્ટ કોરિયોગ્રાફરની પ્રશંસા કરતાં ચાહકોમાં ભારે રોષ.....



મુંબઈ | કિયારા અડવાણીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં સગીર આસિસ્ટન્ટ પર બળાત્કારના આરોપી કોરિયોગ્રાફર જાની માસ્ટરનાં પણ વખાણ કરી નાખતાં ચાહકો ભારે ઉકળી ઉઠયા છે. તેમણે કિયારાને ભારે ટ્રોલ કરી છે.

કિયારા જેવા સ્ટાર્સ યાંત્રિક રીતે પોસ્ટ કરતા જાય છે અને તેમને કોઈની સંવેદનાઓની કદર નથી કે આવા સ્ટાર્સ જાણે અજાણે ગુનાખોરીને પ્રોત્સાહન આપે છે તેવી ટીકા થઈ રહી છે.

કિયારાએ તેની રામચરણ સાથેની આગામી ફિલ્મ 'ગેમ ચેન્જર'નું એક ગીત રીલિઝ થયા બાદ આ ગીત માટે કેવી રીતે બધાએ મહેનત કરી હતી તેનો શૂટિંગ અને પ્રેક્ટિસ વખતનો વીડિયો શેર કર્યો છે. તેમાં તેણે અન્ય લોકોની સાથે સાથે જાની માસ્ટરનાં પણ વખાણ કરી નાખ્યાં છે.

ત્યારબાદ કિયારાની પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં તેની ઝાટકણી કાઢતી પોસ્ટસનો ઢગલો થઈ ગયો છે. કેટલાકે તો એમ પણ લખ્યું છે કે કિયારાએ 'કબીરસિંઘ ' ફિલ્મમાં ગર્લફ્રેન્ડને માલિકીની ચીજ જ ગણતા હિરોના અત્યાચારને વેઠી લેતી હિરોઈનનો રોલ પણ કર્યો છે. એટલે તેને કદાચ સ્ત્રી સન્માન જેવી કોઈ ભાવના જ નથી.

# 'નવી પેઢી આત્મવિશ્વાસ સાથે કામ કરે છે'

## અતુલ કુલકર્ણીએ યુવા કલાકારોની પ્રંશસા કરી, કહ્યું- તેમની પાસેથી શીખવું જોઈએ

(એજન્સી) મુંબઈ | તા.26



એક્ટર અતુલ કુલકર્ણી હાલમાં વેબ સિરીઝ 'બંદિશ બેન્ડિટ્સ'ની સીઝન 2માં જોવા મળી રહ્યો છે. તેમના સિવાય ઋત્વિક ભૌમિક, તમન્ના શર્મા, યશસ્વિની દાયમા, રોહન ગુરબક્ષાની જેવા ઘણા ઉભરતા કલાકારો પણ આ સિરીઝમાં સામેલ છે.

તેણે એ પણ જણાવ્યું કે કોરોનાને કારણે સીઝન 1નું પ્રમોશન યોગ્ય રીતે થઈ શક્યું નહીં. જોકે, હવે સીઝન 2નું પ્રમોશન ઘણી સારી રીતે થઈ રહ્યું છે.

અતુલે કહ્યું, 'ચાર વર્ષ પહેલા કોરોનાને કારણે અમે સીઝન 1ને સારી રીતે પ્રમોટ કરી શક્યા ન હતા. પરંતુ હવે સીઝન 2 સાથે, અમે આખી પ્રક્રિયાનો આનંદ લઈ રહ્યા છીએ. મને લાગે છે કે જ્યારે અમે નાટકો કરતા હતા ત્યારે અમે દિવસમાં 11-12 શો કરતા હતા. આજે અમે એ જ રીતે પ્રમોશન કરી રહ્યા છીએ. જ્યારે મારું કામ લોકો સુધી પહોંચે છે ત્યારે મને ખૂબ આનંદ થાય છે. આ સમય દરમિયાન, મને કહેવાનો મોકો મળે છે કે મેં કેટલી મહેનત કરી છે અને કેવી તૈયારી કરી છે. આ એક એવી પ્રક્રિયા છે જેનો મને હંમેશા આનંદ થાય છે.

એક્ટરે વધુમાં કહ્યું કે આજની યુવા પેઢી ખૂબ જ સ્માર્ટ છે. તેણે કહ્યું, નવી પેઢી આપણા કરતાં વધુ જાણતી હોય છે અને તેને પોતાના પર વિશ્વાસ હોય છે. તે ખૂબ જ ઝડપથી કામ પૂર્ણ કરે છે, જે શરૂઆતમાં ખૂબ જ મુશ્કેલ લાગ્યું હતું. અમારી પેઢીમાં 'હીનતા સંકુલ' હતું. જ્યારે યુવા પેઢી પાસે જે 'સમાનતા સંકુલ' છે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આપણા જમાનામાં વડીલોની સામે ઉભા રહીને વાત કરવાની રીત હંમેશા હતી, પરંતુ હવે નવી પેઢી પોતાની વિચારસરણી અને આત્મવિશ્વાસથી કામ કરે છે. જો તમારે કંઈક શીખવું હોય તો તમારે હંમેશા યુવા પેઢી પાસેથી શીખવું જોઈએ. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, શું તે સેટ પર યુવા કલાકારોને કોઈ સલાહ આપે છે.

# હાઉસફૂલ ફાઈવનું શૂટિંગ પૂરું થયું...

## ફિલ્મ આવતા જૂન મહિનામાં રજૂ થવાની છે : અભિષેક, રીતેશ દેશમુખ સહિતના કલાકારોની સેટ પરની છેલ્લી તસવીર પોસ્ટ કરાઈ



મુંબઈ | અક્ષય કુમાર સહિતના કલાકારોની ફિલ્મ 'હાઉસફૂલ ફાઈવ'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શનમાં જશે. ફિલ્મ આગામી જૂનમાં રીલિઝ થવાની છે. ફિલ્મના કલાકારોમા અભિષેક બચ્ચન, રિતેશ દેશમુખ, ચંકી પાંડે, શ્રેયસ તળપદે, જેક્લિન ફર્નાન્ડિઝ, નરગીસ ફખરી તથા અન્યોનો પણ સમાવેશ થાય છે.

ફિલ્મના સર્જકોએ સેટ પરથી એક તસવીર પોસ્ટ કરી હતી. જેમાં અભિષેક, રિતેશ સહિતના કલાકારો દેખાય છે. આ તસવીર સાથે શૂટિંગ પૂર્ણ થયાની ઘોષણા કરાઈ હતી.

# સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રી 'પુષ્પા'ની પડખે:પ્રતિનિધિમંડળ CMને મળ્યું, રેવંત રેડ્ડીએ કહ્યું- કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સમાધાન નહીં...



(એજન્સી) મુંબઈ | તા.26

ફિલ્મ 'પુષ્પા 2'ના પ્રીમિયર દરમિયાન નાસભાગની ઘટના બની હતી. આ સંબંધમાં, ગુરુવારે તેલંગાણા ફિલ્મ વિકાસ નિગમના અધ્યક્ષ અને નિર્માતા દિલ રાજુ, એક્ટર નાગાર્જુન અને વેંકટેશ દગ્ગુબાતી સહિત ફિલ્મ ઉદ્યોગની ઘણી જાણીતી હસ્તીઓ તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીને મળવા આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ તેલુગુ ફિલ્મ ઉદ્યોગના કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને કહ્યું કે કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં. રાજ્ય સરકાર ફિલ્મ ઉદ્યોગની સાથે છે. તેણે એમ પણ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ પોતાની જવાબદારી સમજવી જોઈએ.

'પુષ્પા-2' ટીમે પીડિત પરિવારને 2 કરોડ આપ્યા 'પુષ્પા' ફિલ્મની ટીમે હૈદરાબાદમાં પુષ્પા-2 ના સ્ક્રિનિંગ દરમિયાન નાસભાગમાં જીવ ગુમાવનાર મહિલાના પરિવારને 2 કરોડ રૂપિયાની મદદ કરી છે. અલ્લુ અર્જુનના પિતા અલ્લુ અરવિંદને આ માહિતી આપી હતી. તેણે કહ્યું હતું કે અલ્લુ અર્જુને 1 કરોડ રૂપિયા આપ્યા હતા, જ્યારે પુષ્પાના ડિરેક્ટર સુકુમાર અને મૈત્રેયી પ્રોડક્શન હાઉસે 50-50 લાખ રૂપિયા આપ્યા હતા.

તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ શનિવારે વિધાનસભામાં કહ્યું હતું - અલ્લુ અર્જુને બેદરકારી દાખવી અને મોતની માહિતી મળવા છતાં થિયેટરમાંથી બહાર ન આવ્યો અને રોડ શો કર્યો. અકસ્માતમાં જીવ ગુમાવનાર મહિલા રેવતીએ તેના પુત્ર શ્રીતેજનો હાથ એટલો મજબૂતીથી પકડ્યો હતો કે પોલીસ પણ તેને અલગ કરી શકી નહીં. પીડિત પરિવાર દર મહિને 30 હજાર રૂપિયા કમાય છે, પરંતુ દરેક ટિકિટ પર 3000 રૂપિયા ખર્ચે છે, કારણ કે પુત્ર અલ્લુ અર્જુનનો ફેન છે. જાણો શું છે સમગ્ર મામલો હૈદરાબાદમાં 4 ડિસેમ્બરે 'પુષ્પા-2' ફિલ્મના સ્ક્રિનિંગ દરમિયાન નાસભાગમાં એક મહિલાનું મોત થયું હતું જ્યારે તેનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયો હતો.

# પહેલા જ દિવસે કાંગારુઓનો ઘોડો દોડ્યો

## ટીમ ઈન્ડિયાના ફિલ્ડર્સને થકવી નાખ્યા, છેલ્લે-છેલ્લે બુમરાહે પોતાનો દમ દેખાડ્યો



(એજન્સી) મેલબોર્ન તા 26

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયાએ ભારત સામે 6 વિકેટે 311 રન બનાવ્યા છે. ગુરુવારે સ્ટમ્પ્સ સુધી, સ્ટીવ સ્મિથ 68 અને કેપ્ટન પેટ કમિન્સ 8 રન પર અણનમ પરત ફર્યા હતા.

મેલબોર્નના MCG ગ્રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાની ટીમે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. 19 વર્ષના યુવા ઓપનર સેમ કોન્સ્ટાસ (60 રન) અને ઉસ્માન ખ્વાજા (57 રન)એ કાંગારૂ ટીમને સારી શરૂઆત અપાવી હતી. બંનેએ 116 બોલમાં 89 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી.

માર્નસ લાબુશેને 72 રન અને વિકેટકીપર એલેક્સ કેરીએ 31 રનનું યોગદાન આપ્યું હતું. મિચેલ માર્શ 4 રનના અંગત સ્કોર પર અને ટ્રેવિસ હેડ ઝીરો પર આઉટ થયા હતા. દિવસના પ્રથમ સત્રમાં ઓસ્ટ્રેલિયાનો દબદબો રહ્યો હતો. જ્યારે બીજું સત્ર મિક્સ્ડ રહ્યું હતું. ત્યાર બાદ દિવસના છેલ્લા સેશનમાં ભારતે કમબેક કર્યું હતું.

હાલમાં 5 મેચની સિરીઝ 1-1 થી બરાબર છે. ભારતે પ્રથમ ટેસ્ટ અને બીજી ટેસ્ટ ઓસ્ટ્રેલિયાએ જીતી હતી. ત્રીજી ટેસ્ટ ડ્રો રહી હતી.

## ગલી ક્રિકેટ રમી રહ્યો..! જયસ્વાલ પર ભડક્યો રોહિત શર્મા



જ્યારે સ્ટીવ સ્મિથ અને માર્નસ લાબુશેન બેટિંગ કરી રહ્યા હતા, ત્યારે રોહિતે જયસ્વાલને બેટ્સમેનની બરાબર નજીક મેદાનમાં ઉભો હતો. જે બાદ જયસ્વાલ બોલ તેના સુધી પહોંચે તે પહેલા જ હવામાં કૂદતો જોવા મળ્યો, રોહિત શર્મા ગુસ્સે થઈ ગયો. રોહિતે જયસ્વાલને કહ્યું, "અરે જૈસુ, તું ગલી ક્રિકેટ રમી રહ્યો છે કે શું? જ્યાં સુધી બેટ્સમેન ના રમે ત્યાં સુધી ઉભો થતો નહીં.' રોહિતનો આ અવાજ સ્ટમ્પ માઈકમાં કેદ થઈ ગયો હતો.

## મેલબોર્ન ટેસ્ટમાં શા માટે લંબાવવામાં આવ્યો સમય?

પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયા તરફથી શાનદાર બેટિંગ જોવા મળી હતી, પરંતુ દિવસના અંતે ભારતીય બોલરોએ ટીમ ઈન્ડિયા માટે વાપસી કરી હતી. ઓસ્ટ્રેલિયાએ પહેલા દિવસે 6 વિકેટ ગુમાવી દીધી હતી. પહેલા દિવસે મેચ અડધો કલાક લંબાવવામાં આવી હતી, જેની પાછળનું કારણ પણ સામે આવી રહ્યું છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારતીય સમય અનુસાર સવારે 5 વાગ્યે શરૂ થઈ હતી. પ્રથમ દિવસે 90 ઓવરની આખી રમત જોવા મળી હતી, પરંતુ આ 90 ઓવર પૂરી કરવા માટે 30 મિનિટ વધુ રમત રમાઈ હતી. વાસ્તવમાં, જ્યારે 90 ઓવર સમયસર પૂર્ણ થતી નથી, ત્યારે ટેસ્ટ મેચનો સમય લંબાવવામાં આવે છે, જેમાં વધારાનો અડધો કલાક ઉમેરવામાં આવે છે. જો વરસાદ અથવા અન્ય કોઈ કારણોસર રમતમાં વિક્ષેપ આવે તો મેચનો સમય પણ લંબાવી શકાય છે.

# કોહલીએ કાંગારુ ખેલાડીને ધક્કો માર્યો, મેદાનમાં ઉગ્ર બોલાચાલી થઈ

## સેમ કોન્સ્ટાસની બેટિંગથી વિરાટે પિત્તો ગુમાવ્યો, ICC કોહલી પર પ્રતિબંધ મૂકી શકે

(એજન્સી) મેલબોર્ન તા 26

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલી તેના આક્રમક સ્વભાવ માટે જાણીતો છે અને તે ઘણી વખત મેદાન પર વિરોધી ખેલાડીઓ સાથે ઉગ્ર ચર્ચા અથવા સ્લેજિંગ કરતા મળ્યો છે. જેના કારણે ઘણી વખત મેદાનમાં ગરમા-ગરમી પણ જોવા મળી છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષોમાં કોહલીએ પોતાનો સ્વભાવ ઘણો બદલ્યો છે અને હવે તે મેદાન પર કોઈની સાથે લડતો જોવા નથી મળતો. પરંતુ મેલબોર્ન ટેસ્ટમાં તેણે પોતાના પરનો કાબૂ ગુમાવી દીધો અને ઓસ્ટ્રેલિયાના 19 વર્ષીય બેટર અને ડેબ્યૂટન્ટ સેમ કોન્સ્ટાસને ધક્કો માર્યો. ત્યારથી, તેની સતત ટીકા થઈ રહી છે અને સોશિયલ મીડિયા પર એક વર્ગ ICC પાસે કોહલી પર પ્રતિબંધ મૂકવાની માગ પણ કરી રહ્યો છે. આ અંગેના નિયમો શું છે, અમે તમને આ આર્ટિકલમાં સંપૂર્ણ માહિતી આપીશું.



### કોહલી- મે કોન્સ્ટાસ વચ્ચે શું થયું?

હકીકતમાં ઓસ્ટ્રેલિયાની ઈનિંગ્સની 10મી ઓવર મોહમ્મદ સિરાજે ફેંકી હતી અને છેલ્લા બોલ પર એક રન આવ્યો હતો. આ પછી, કોન્સ્ટાસ છેડો બદલવા માટે બીજી બાજુ જઈ રહ્યો હતો ત્યારે સામેથી વિરાટ કોહલી આવ્યો અને યુવા ખેલાડીને ધક્કો માર્યો. જવાબમાં કોન્સ્ટાસે કોહલીને કંઈક કહ્યું, જેના પર ભારતીય ખેલાડી તેની તરફ વળ્યો અને ચર્ચા કરતો જોવા મળ્યો. બંને વચ્ચે ચર્ચા વધુ આગળ વધે તે પહેલા ઉસ્માન ખ્વાજા અને ઓન-ફીલ્ડ અમ્પાયર માઈકલ ગોફે મામલો શાંત પાડ્યો હતો.

### વિરાટ કોહલીને 3-4 ડીમેરિટ પોઈન્ટ્સનું નુકસાન થઈ શકે

cricket.com.au અનુસાર, આ બંને ખેલાડીઓ વચ્ચે જે પણ થયું છે, તેની હવે ICC ઑફિશિયલ્સ રિવ્યુ કરશે. એન્ડી પાયક્રોફ્ટ આ મેચમાં રેફરીની ભૂમિકામાં છે અને તેઓ આ મામલાને જોશે. તમને જણાવી દઈએ કે આવી ઘટનાને લઈને ICCના નિયમો કહે છે કે ક્રિકેટમાં કોઈપણ પ્રકારનો અયોગ્ય શારીરિક સંપર્ક પ્રતિબંધિત છે. જો કોઈ ખેલાડી જાણી જોઈને, વિચારીને/કોઈપણ રીતે બીજા ખેલાડી અથવા અમ્પાયરની સામે ચાલે અથવા દોડે અથવા ખભો મારે તો ખેલાડીઓ આ નિયમનો ભંગ કર્યો ગણાશે. જો પાયક્રોફ્ટ કોહલીએ કોન્સ્ટાસ સામેના લેવલ 2નો ગુનો માને છે, તો તેને ત્રણ કે ચાર ડીમેરિટ પોઈન્ટ્સ મળશે.

**ICC તપાસ કરશે, પોન્ટિંગના મતે વિરાટની ભૂલ :** હવે ICC આ મામલાના કોઈ નિષ્કર્ષ પર પહોંચવા માટે પહેલા ઘટનાની તપાસ કરશે. પરંતુ, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પહેલાથી જ લાગે છે કે આમાં વિરાટ કોહલીની ભૂલ છે. પોન્ટિંગે ચેનલ 7 પર કહ્યું કે વિરાટ આખી પિચ પર ચાલી રહ્યો છે, જે તેના ઈરાદા દર્શાવે છે. મને ખાતરી છે કે તે તેની ભૂલ છે. મને આશા છે કે અમ્પાયર અને રેફરીએ પણ જોયું હશે કે શું થયું. જ્યાં સુધી કોન્સ્ટાસની વાત છે.

# ગ્રેગ ચેપલે હેડને વિશ્વનો સર્વશ્રેષ્ઠ બેટર ગણાવ્યો



(એજન્સી) મેલબોર્ન તા 26

અનુભવી ક્રિકેટર ગ્રેગ ચેપલે ટ્રેવિસ હેડને હાલમાં વિશ્વનો સર્વશ્રેષ્ઠ બેટર ગણાવ્યો છે. તેમણે કહ્યું- BGTમાં જસપ્રીત બુમરાહ સામે હેડનું પ્રદર્શન તેના નીડર અભિગમ અને બેટિંગના ઓસ્ટ્રેલિયન ફોર્મ્યુલાનું ઉદાહરણ છે.

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન ચેપલ માને છે કે ટેસ્ટ બેટર તરીકે હેડની સફળતા પાછળનું કારણ તેની સહજતા અને આક્રમકતા છે. હેડે ભારત સામેની પ્રથમ 3 ટેસ્ટ મેચમાં બે સદી અને એક અડધી સદીની મદદથી 409 રન બનાવ્યા છે. તે સિરીઝનો ટૉપ સ્કોરર છે. હાલમાં બુમરાહ સામે હેડનું પ્રદર્શન તેના નીડર અભિગમનું ઉદાહરણ છે. જ્યારે અન્ય બેટર્સ બુમરાહની બિનપરંપરાગત ક્રિયા, ગતિ અને સતત સચોટ બોલિંગ સામે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે હેડે તેને અન્ય મજબૂત ઈરાદા સાથે બુમરાહનો સામનો કર્યો અને તેની સામે રન બનાવવાનો પ્રયાસ કરીને માત્ર તેનો ખતરો ઓછો કર્યો જ નહીં પરંતુ તેની લયમાં પણ ખલેલ પહોંચાડી.

# પાકિસ્તાન સાથે ટેસ્ટ રમવાનું સપનું અધૂરું રહી ગયું:અશ્વિન



(એજન્સી) ચેન્નાઈ તા 26

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રવિચંદ્રન અશ્વિને કહ્યું કે પાકિસ્તાન સામે ટેસ્ટ રમવાનું તેમનું સપનું અધૂરું રહ્યું. તે નાનપણથી જ પાકિસ્તાન સામે ટેસ્ટ રમવા માગતો હતો, પરંતુ કેટલાક કારણોસર તે થઈ શક્યું નહીં. અશ્વિને ગોબીનાથની યુટ્યુબ ચેનલ પર આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'સદગોપન રમેશને જોઈને મને ક્રિકેટ રમવાની પ્રેરણા મળી. તે તમિલનાડુના પહેલા બેટર હતો જેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોઈ ડર્યા વિના રન બનાવ્યા હતા. હું સપનામાં પણ પાકિસ્તાન સામેની તેમની ઈનિંગ્સને યાદ કરતો હતો.' અશ્વિન ગયા અઠવાડિયે જ નિવૃત્ત થયો હતો 18 ડિસેમ્બરે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બ્રિસ્બેન ટેસ્ટ બાદ અશ્વિને નિવૃત્તિ લીધી હતી. તેણે કેપ્ટન રોહિત શર્મા સાથે પ્રેસ કોન્ફરન્સ કરીને નિવૃત્તિની જાહેરાત કરી હતી. 38 વર્ષની ઉંમરે તેણે ભારત માટે 537 ટેસ્ટ વિકેટ લીધી હતી, પરંતુ તેને ક્યારેય પાકિસ્તાન સામે રમવાની તક મળી ન હતી.મેં તમિલનાડુના ઘણા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય મંચ પર રન બનાવતા જોયા, પરંતુ દરેકને કોઈને કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો. તે ચોક્કસપણે પછીથી સ્થાપિત થયા, પરંતુ રમેશ જે રીતે રમ્યા તે રીતે કોઈ ક્રિકેટ રમી શક્યું નહીં. તેમણે વસીમ અકરમ, વકાર યુનિસ અને શોએબ અખ્તર જેવા બોલરો સામે પણ કોઈ ચિંતા કર્યા વિના રન બનાવ્યા. તેમની પાસે હંમેશા શોટ રમવા માટે ઘણો સમય હતો.'

### એસ રમેશે મારા બાળપણમાં મને ઘણી પ્રેરણા આપી

અશ્વિને કહ્યું કે તે પાકિસ્તાન સામે ટેસ્ટ રમવા માટે તમિલનાડુના પૂર્વ બેટર એસ રમેશથી પ્રેરિત હતો. ઓફ સ્પિનરે કહ્યું, 'સદગોપન રમેશ મારા માટે મોટી પ્રેરણા છે. હું પોતે નથી જાણતો કે તેમણે મારા જીવનમાં કેટલો મોટો રોલ ભજવ્યો છે. તેઓ તમિલનાડુના પહેલા બેટર હતા જેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડર્યા વિના રન બનાવ્યા હતા.

# ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગ: બુમરાહે અશ્વિનના રેકોર્ડની બરાબરી કરી

(એજન્સી) દુબઈ તા 26



ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં 904 રેટિંગ પોઈન્ટ મેળવનાર બીજો ભારતીય બન્યો છે. તેણે રવિચંદ્રન અશ્વિનના રેકોર્ડની બરાબરી કરી. ડિસેમ્બર 2016માં અશ્વિનને આટલા રેટિંગ પોઈન્ટ મળ્યા હતા.

બીજી તરફ, ટ્રેવિસ હેડ તેના સતત શાનદાર પ્રદર્શન બાદ ICC મેન્સ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં ટોપ-4માં પહોંચી ગયો છે. તેનું કારણ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારત સામે તેનું સારું પ્રદર્શન છે. હેડ યશસ્વી જયસ્વાલને પાછળ છોડીને ચોથા સ્થાને પહોંચી ગયો છે. તો યશસ્વી હવે નંબર-5 પર પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડનો જો રૂટ ટોપ પર છે.

બોલિંગ રેન્કિંગમાં રબાડા બીજા સ્થાને બુમરાહે અત્યાર સુધી બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રણ પ્રારંભિક મેચમાં 21 વિકેટ ઝડપી છે. તે ટેસ્ટ રેન્કિંગમાં ટોપ પર યથાવત છે. સાઉથ આફ્રિકાનો કાગીસો રબાડા (856) હાલમાં બીજા સ્થાને છે અને ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર જોશ હેઝલવુડ (852) ત્રીજા સ્થાને છે. રવીન્દ્ર જાડેજાને વિકેટ ન મળવાને કારણે નુકસાન થયું છે અને તે 10મા નંબરે સરક્યો છે. કેએલ રાહુલને 10 સ્થાનનો ફાયદો થયો એડિલેડમાં સદી બાદ ગાબા ખાતે 152 રનની શાનદાર ઈનિંગ રમનાર ટ્રેવિસ હેડ 825 પોઈન્ટ સાથે ચોથા સ્થાને પહોંચી ગયો છે.

# કોહલી-અનુષ્કા ક્રિસમસ પર પિકનિક પર નીકળ્યા

(એજન્સી) મેલબર્ન તા 26

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટર વિરાટ કોહલી 25 ડિસેમ્બરની સવારે મેલબોર્નની એક સ્થાનિક રેસ્ટોરન્ટમાં જોવા મળ્યો હતો. તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. ક્રિસમસના અવસર પર તેણે પત્ની અનુષ્કા શર્મા સાથે મેલબોર્નની 'કેફે કોર્ટ' રેસ્ટોરન્ટમાં બ્રેકફાસ્ટ કર્યો હતો. બ્રેકફાસ્ટ કર્યા બાદ વિરાટે રેસ્ટોરન્ટ સ્ટાફ સાથે ફોટો ક્લિક કરાવ્યો




હતો. કેફેએ સોશિયલ મીડિયા પર સ્ટાફ સાથે વિરાટ કોહલીનો ફોટો પોસ્ટ કર્યો છે. તેમણે એ પણ જણાવ્યું કે વિરાટ કેફેના રસોડામાં ગયો હતો અને બધાનો આભાર માન્યો હતો અને ફોટોગ્રાફ્સ પણ લીધા હતા."આજે સવારે, જ્યારે અમે હજી પણ જાહેર રજાના દિવસે અમારું કેફે ખુલ્લું રાખવું કે કેમ તે અંગે વિચારી રહ્યા હતા, ત્યારે અમને ખ્યાલ નહોતો કે અમે અમારા નાના કેફેમાં કિંગ વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા અને તેમના પરિવારની સેવા કરવાનો અનુભવ દયાળુ હતા કે તેઓ અમારા રસોડામાં આવ્યા, શેફનો આભાર માન્યો અને અમને તેમની સાથે ફોટોગ્રાફ્સ લેવાની તક આપી.

# ગિલને મળીને બદલાઈ હરલીન દેઓલની કિસ્મત?

(એજન્સી) નવી દિલ્હી તા 26

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની પ્રખ્યાત ખેલાડી હરલીન દેઓલે વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝ રમાઈ રહી છે. તેની બીજી વનડેમાં હરલીન દેઓલે 115 રનની સદીની ઈનિંગ રમી હતી. આ તેની વનડેમાં પ્રથમ સદી હતી. આ પછી તેણે તેને 'ઈશ્વરની યોજના' કહ્યું. આ સાથે, મને હરલીન દેઓલ અને ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી શુભમન ગિલ વચ્ચેની મુલાકાત પણ યાદ છે જ્યારે ગીલે મેદાન પર હરલીનને બેટિંગની ટીપ્સ આપી હતી અને હવે થોડા મહિનાઓ પછી હરલીને તેની પ્રથમ વનડે સદી ફટકારી હતી.



વડોદરા ક્રિકેટ સ્ટેડિયમમાં પોતાની પ્રથમ ODI સદી ફટકાર્યા બાદ હરલીન દેઓલે મીડિયા સાથે વાત કરતા કહ્યું, 'આવું હંમેશા થતું નથી. તે હંમેશા આ વિશે નથી કે તમે કેવી રીતે વસ્તુઓનું આયોજન કરો છો.

# પૂર્વ ભારતીય ક્રિકેટરના પિતાએ કર્યું કરોડોનું કૌભાંડ

(એજન્સી) નવી દિલ્હી તા 26

ભારતીય ક્રિકેટ ટીમમાં રમી ચૂકેલા એક ક્રિકેટરના પિતાએ કંઈક એવું કર્યું છે જેના વિશે જાણીને દરેક આશ્ચર્યચકિત થઈ જશે. અહીં તેમને કરોડો રૂપિયાથી વધુનું કૌભાંડ ચલાવવા માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. સાત વર્ષની જેલની સજા ઉપરાંત લોકોને દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ટીમ ઈન્ડિયા તરફથી રમતા વિકેટકીપર બેટ્સમેન નમન ઓઝાના પિતાને 7 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. બેતુલમાં બેંક ઓફ મહારાષ્ટ્રની જૌલખેડા શાખામાં વર્ષ 2013માં લગભગ 1.25 કરોડ રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. હવે આ મામલે નિર્ણય આવ્યો છે. અપર સેશન્સ કોર્ટે સજાની જાહેરાત કરતી વખતે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટે તેને સાત વર્ષની જેલની સજા ઉપરાંત 14 લાખ રૂપિયાનો દંડ ભરવાનો પણ આદેશ આપ્યો છે. નમન ઓઝાના પિતાનું નામ વિનય ઓઝા છે. બે વર્ષ પહેલા તેની ધરપકડ પણ કરવામાં આવી હતી.

# 43 છગ્ગા, 66 ચોગ્ગા, 815 રન ભારતીય ખેલાડીએ રન કર્યા

(એજન્સી) નવી દિલ્હી તા 26

યુપી અને વિદર્ભ વચ્ચેની મેચમાં કંઈક અનોખું જોવા મળ્યું હતું. વિદર્ભની ટીમ 406 રન બનાવવા છતાં મેચ હારી ગઈ હતી. યુપીના કેપ્ટન સમીર રિઝવીએ એકલા હાથે વિદર્ભની બોલિંગનો નાશ કર્યો હતો. આ બેટ્સમેને બેવડી સદી ફટકારી હતી. 43 છગ્ગા, 66 ચોગ્ગા, 815 રન, ODI મેચમાં ભારતીય બેટ્સમેનોએ તબાહી મચાવી વડોદરાના જીડીએફસી ગ્રાઉન્ડ પર યુપી અને વિદર્ભ વચ્ચેની મેચ દરમિયાન કંઈક એવું જોવા મળ્યું જેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ હતો. આ મેચમાં વિદર્ભે 406 રન બનાવ્યા હતા યુપી અને વિદર્ભ વચ્ચેની આ મેચમાં કુલ 43 સિક્સર ફટકારવામાં આવી હતી

# મિચેલ સ્ટાર્ક સ્પેશિયલ રેકોર્ડથી માત્ર પાંચ વિકેટ દૂર

(એજન્સી) મેલબોર્ન તા 26

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ ટેસ્ટ મેચની સિરીઝની ચોથી મેચ ગુરુવારથી મેલબોર્ન પર રમાશે. આ મેચમાં ઓસ્ટ્રેલિયાની નજર ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક પર રહેશે, જે મેચમાં પોતાના નામે મોટી સિદ્ધિ કરી શકે છે. ડાબોડી ઝડપી બોલર સ્ટાર્ક હાલ શાનદાર ફોર્મમાં છે અને જો સ્ટાર્ક આ ટેસ્ટ મેચમાં પાંચ વિકેટ ઝડપી લેશે તો તે ઓસ્ટ્રેલિયાનો ચોથો એવો બોલર બનશે જેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 700 વિકેટ ખેરવી હોય.મિચેલ સ્ટાર્ક વર્તમાન ક્રિકેટ સિરીઝમાં હજુ સુધીમાં 14 વિકેટ ઝડપી ચૂક્યો છે. તેણે પિન્ક બોલ ટેસ્ટમાં 6 વિકેટ ઝડપી હતી. આ સિરીઝમાં તે જસપ્રીત બુમરાહ બાદ સૌથી વધારે વિકેટ ઝડપવાના મામલે બીજા ક્રમે છે. જોકે, સ્ટાર્કના નિશાન પર મેલબોર્ન ટેસ્ટમાં પાંચ વિકેટ




ઝડપવાનું ટાર્ગેટ રહેશે જો તે પાંચ વિકેટ ઝડપી લેશે તો ઓસ્ટ્રેલિયા વતી 700 વિકેટ ઝડપનારા બોલર્સની ક્લબમાં સામેલ થઈ જશે. ક્રિકેટમાં હાલ સ્ટાર્કના નામે 695 આંતરરાષ્ટ્રીય વિકેટ છે. ઓસ્ટ્રેલિયાનો મહાન સ્પિનર દિવંગત શેન વોર્ન (1001 વિકેટ), પૂર્વ ઝડપી બોલર ગ્લેન મેકગ્રા (949 વિકેટ) અને બ્રેટ લી (718 વિકેટ) ઓસ્ટ્રેલિયા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધારે વિકેટ ઝડપી ચૂક્યા છે. સ્ટાર્કે 284 આંતરરાષ્ટ્રીય મેચમાં 25.67ની સરેરાશથી 695 વિકેટ ઝડપી છે.

# ક્રિસમસમાં ધોનીનો નવો સાન્તાક્લોઝ લૂક



(એજન્સી) દુબઈ તા 26

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન એમએસ ધોની ક્રિસમસ પર સાન્તાક્લોઝ લુકમાં જોવા મળ્યો હતો. તેની પત્ની સાક્ષીએ ધોનીની તસવીર ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી છે. બુધવારે માહીએ તેના પરિવાર સાથે ક્રિસમસની ઉજવણી કરી હતી. સાક્ષીએ શેર કરેલી તસવીરમાં તે તેની પુત્રી ઝીવા ધોનીને ગળે લગાવતો જોવા મળી રહ્યો છે અને ઝિવા તેને કિસ કરતી જોવા મળી રહી છે. ફોટોમાં ધોની મોટી દાઢી અને લાલ ટોપી સાથે સાન્તાક્લોઝ લુકમાં જોવા મળી રહ્યો છે. ધોનીએ ખૂબ જ મસ્તી કરી દીકરી ઝિવાએ એમએસ ધોની સાથે ખૂબ મસ્તી કરી હતી. સાક્ષી પણ માહી સાથે ગ્રીન ડ્રેસમાં જોવા મળી હતી.



ધોનીની સાન્ટા કેપ પર માહી લખેલું છે અને ધોની પાસે સાન્ટા તરીકે ઘણી ગિફ્ટ પડી છે.

ધોની IPL 2025માં જોવા મળશે. IPL-2025ના ઓક્શન પહેલા તેને ચેન્નઈ સુપર કિંગ્સે અનકેપ્ડ ખેલાડી તરીકે રિટેન કર્યો હતો. ગાયકવાડને કેપ્ટનશિપ સોંપી હતી

ચેન્નઈ સુપર કિંગ્સે ધોનીની કેપ્ટનશિપમાં 2023માં પાંચમું ટાઈટલ જીત્યું હતું. આ પછી, આગામી સિઝનમાં, માહીએ ઋતુરાજ ગાયકવાડને કેપ્ટનશિપ સોંપી હતી. પરંતુ 2024 IPLમાં ચેન્નઈને ગ્રૂપ સ્ટેજમાંથી જ બહાર થવાનો વારો આવ્યો હતો.

# એશિયાડ ગોલ્ડ મેડલિસ્ટ હિમા દાસ પર 16 મહિનાનો પ્રતિબંધ

(એજન્સી) નવી દિલ્હી તા 26



હિમા દાસ પર પ્રતિબંધ જાકાર્તા એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતનારી ભારતની સ્ટાર એથ્લીટ હિમા દાસ પર વ્હેર એબાઉટ ફેલ્યોર (ટેસ્ટ માટે સરનામાની જાણકારી નહીં આપવી) માટે તેની પર 16 મહિનાનો પ્રતિબંધ લદાયો હતો. તેની પર આ પ્રતિબંધ 22 જુલાઈ, 2023થી લગાવાયો હતો. વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી (વાડા) અને નેશનલ ડોપિંગ એજન્સી (નાડા)એ હિમા પર કેસના પરસ્પર સમાધાન સમજૂતી હેઠળ આ પ્રતિબંધ લાદ્યો છે.અન્યથા તેની પર બે વર્ષનો પ્રતિબંધ પણ લાગી શકતો હતો. હિમા પરનો આ પ્રતિબંધ આ વર્ષે 22 નવેમ્બરના રોજ સમાપ્ત થઈ ગયો હતો. હિમા દાસને ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં વ્હેર એબાઉટ ફેલ્યોર માટે નાડાએ અસ્થાયી રીતે પ્રતિબંધિત કરી દીધી હતી. નાડાની ટીમ ત્રણ વાર તેણે આપેલા સરનારા પર સેમ્પલ લેવા પહોંચી હતી પરંતુ ત્રણેય વાર હિમા મળી નહોતી. નાડાની સુનાવણી પેનલે હિમા સામે લગાવાયેલા તમામ આરોપ પરત લઈ તેને મુક્ત કરી દીધી હતી. નાડાએ તેની સામે અપીલ કરી હતી. ત્યારબાદ વાડાએ આ કેસને સ્પોર્ટ્સ ટ્રિબ્યૂનલમાં પડકારવાનો નિર્ણય લીધો હતો. તે વિશે હિમાને જણાવાયું હતું કે તે વાડાના કોડ 10.8.2 હેઠળ કેસમાં પરસ્પર સમજૂતી માટે તૈયાર છે.

# બાંગ્લાદેશમાં ક્રિસમસ પર ખ્રિસ્તીઓના 17 ઘર સળગાવી દેવાયાં

(એજન્સી) ઢાકા તા 26

બાંગ્લાદેશમાં ક્રિસમસના તહેવાર પર ખ્રિસ્તી સમુદાયના લોકોના 17 ઘર સળગાવી દેવામાં આવ્યા હતા. આ ઘટના બંદરબન જિલ્લાના ચટગાંવ પહાડી વિસ્તારમાં બની હતી. પીડિતોનો દાવો છે કે જ્યારે તેઓ નાતાલના પ્રસંગે પ્રાર્થના કરવા ચર્ચમાં ગયા હતા ત્યારે તકનો લાભ ઉઠાવીને તેમના ઘરોને આગ ચાંપવામાં આવી હતી. ખ્રિસ્તી સમુદાયના લોકોએ જણાવ્યું કે આ ઘટનામાં તેમને 15 લાખ ટાકા (બાંગ્લાદેશી ચલણ)થી વધુનું નુકસાન થયું છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે બુધવારે બપોર સુધી આગ લગાડવાના સંબંધમાં કોઈ ફરિયાદ નોંધવામાં આવી નથી, પરંતુ જો ફરિયાદ કરશે તો કાર્યવાહી કરવામાં આવશે. મળતી માહિતી મુજબ, બંદરબન (ચટગાંવ હિલ ટ્રેક્ટ)ના લામા સરાયના એસપી ગાર્ડનમાં ત્રિપુરા સમુદાયના 19 પરિવારો રહેતા હતા. આ બગીચો હસીના સરકારના ઉચ્ચ અધિકારી બેનઝીર અહેમદનો છે. તે એસપી ગાર્ડન તરીકે ઓળખાય છે.

5 ઓગસ્ટ પછી બેનઝીર અહેમદ અને તેના પરિવારના સભ્યોએ આ વિસ્તાર છોડી દીધો હતો. આ પછી ત્રિપુરા સમુદાયના 19 પરિવારો આવ્યા અને અહીં રહેવા લાગ્યા. ગઈકાલે સાંજે, જ્યારે દરેક લોકો ક્રિસમસ પર પ્રાર્થના કરવા માટે પડોશી ગામના ચર્ચમાં ગયા હતા, ત્યારે બદમાશોએ આ તકનો લાભ ઉઠાવીને ઘરોને સળગાવી દીધા હતા. ખ્રિસ્તી સમુદાયના લોકોએ કહ્યું કે આ તેમની જમીન છે. પહેલા આ વિસ્તારનું નામ તંગઝીરી પારા હતું. તેને બેનઝીર અહેમદના લોકોએ કબજે કરી લીધું અને નામ બદલીને એસપી ગાર્ડન કરી દેવામાં આવ્યું. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, ત્રિપુરા સમુદાયના 19 ઘરોમાંથી 17 ઘર બળીને રાખ થઈ ગયા. તેમણે કહ્યું કે ત્રિપુરા સમુદાયના લોકો લાંબા સમયથી આ વિસ્તારમાં રહે છે.



**ડેપ્યુટી કમિશનર ગામની મુલાકાત લેશે :** પીડિતોએ જણાવ્યું કે, ક્રિસમસનો દિવસ અમારા માટે વર્ષનો સૌથી ખુશીનો દિવસ માનવામાં આવે છે. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે નાતાલના દિવસે આપણી સાથે આવું કંઈક થશે. તેમણે ગુનેગારોને કડક સજાની માંગ કરી હતી. બંદરબન પોલીસને ટાંકીને સીએનની પ્રેસ વિંગે કહ્યું કે આ ઘટનાના સંબંધમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ડેપ્યુટી કમિશનર ગામની મુલાકાત લેશે.



**નવેમ્બરમાં ધમકીઓ મળી હતી, ફરિયાદ બાદ પણ પોલીસે કાર્યવાહી કરી નહીં :** પીડિત પરિવારના સભ્ય ગંગા મણિ ત્રિપુરાએ જણાવ્યું હતું કે તેમને 17 નવેમ્બરથી વિસ્તાર ખાલી કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. તેઓ અહીં રહેવા માટે મોટી રકમની માંગણી કરતા હતા. ગંગાએ કહ્યું કે તેમણે લામા પોલીસ સ્ટેશનમાં સ્ટીફન ત્રિપુરા સહિત 15 લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી કરી ન હતી. હવે ઘર સળગી જવાના કારણે તમામ પરિવારો ખુલ્લા આકાશ નીચે રહેવા મજબૂર બન્યા છે. ગંગાએ કહ્યું કે હવે અમારી પાસે કંઈ નથી કે ઘર બળીને રાખ થઈ ગયું છે.

## કેનેડામાં સ્થાયી નહીં થઈ શકે ભારતીયો! જસ્ટિન ટ્રુડોએ એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમમાં કર્યો મોટો બદલાવ



(એજન્સી) કેનેડા તા 26

કેનેડાએ તેના દેશમાં આવતા ઈમિગ્રન્ટ્સ માટે એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમમાં મોટા ફેરફારની જાહેરાત કરી છે. આ સિસ્ટમમાં ફેરફારની સૌથી વધુ અસર ભારતના તે લોકો પર પડશે જેઓ કેનેડાને પોતાનું નવું ઘર બનાવવા માંગે છે. કેનેડા સરકારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હવે એક્સપ્રેસ એન્ટ્રી મેળવવા માંગતા લોકોને જોબ ઓફર પર વધારાના પોઈન્ટ્સ નહીં મળે. નોકરીની શોધમાં કેનેડા જતા ભારતીય નાગરિકો પર આનાથી ભારે અસર થવાની ધારણા છે. કેનેડાએ આવું શા માટે કર્યું તેનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

કેનેડાના ઈમિગ્રેશન, શરણાર્થીઓ અને નાગરિકતાના મંત્રી માર્ક મિલરે જણાવ્યું હતું કે સરકાર છેતરપિંડી ઘટાડવા માટે પગલાં લઈ રહી છે, તેમજ કુશળ કામદારો લાવવાનું ચાલુ રાખી રહી છે. તેમણે કહ્યું કે ઈમિગ્રેશન હંમેશા કેનેડાની સફળતાનો પાયો રહ્યો છે અને અમે કેનેડામાં શ્રેષ્ઠ અને તેજસ્વી લોકોને આવકારવા માટે પ્રતિબદ્ધ છીએ. જેથી દરેકને ગુણવત્તાયુક્ત નોકરીઓ, ઘરો અને સફળ થવા માટે જરૂરી સમર્થન મળી શકે. સરકારનું નવું પગલું એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ જોબ ઓફર કરનારા તમામ ઉમેદવારોને લાગુ પડશે. ભારતે 2023 માં એક્સપ્રેસ એન્ટ્રી આમંત્રણોમાં તેનું વર્ચસ્વ ચાલુ રાખ્યું. જેમાં 52,106 ભારતીય નાગરિકોને કાયમી વસવાટ માટે અરજી કરવા માટે આમંત્રણ મળ્યું હતું. જે તે વર્ષે જારી કરાયેલા કુલ આમંત્રણોના 47.2 ટકા હતા. જો કે, જોબ ઓફર પોઈન્ટનું સંભવિત નિરાકરણ ભારત અને અન્ય દેશોના અરજદારો માટે નોંધપાત્ર પડકારો પેદા કરી શકે છે.એકવાર આ પ્રોગ્રામ લાગુ થઈ જાય, કેનેડામાં અસ્થાયી રૂપે કામ કરતા લોકો સહિત તમામ એક્સપ્રેસ એન્ટ્રી શોધનારાઓને અસર થશે. જો કે, જે લોકો પહેલાથી જ અરજી કરવા માટે આમંત્રણ પ્રાપ્ત કરી ચૂક્યા છે અથવા જેમની PR માટેની અરજીઓ ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) ખાતે પ્રક્રિયામાં છે તેઓને નવા પ્લાન હેઠળ અસર થશે નહીં.

**સરકારનું નવું પગલું એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ જોબ ઓફર કરનારા તમામ ઉમેદવારોને લાગુ પડશે.**

ભારતે 2023 માં એક્સપ્રેસ એન્ટ્રી આમંત્રણોમાં તેનું વર્ચસ્વ ચાલુ રાખ્યું. જેમાં 52,106 ભારતીય નાગરિકોને કાયમી વસવાટ માટે અરજી કરવા માટે આમંત્રણ મળ્યું હતું. જે તે વર્ષે જારી કરાયેલા કુલ આમંત્રણોના 47.2 ટકા હતા. જો કે, જોબ ઓફર પોઈન્ટનું સંભવિત નિરાકરણ ભારત અને અન્ય દેશોના અરજદારો માટે નોંધપાત્ર પડકારો પેદા કરી શકે છે.

## જાપાન એરલાઈન્સ પર સાયબર એટેક, હવાઈ સેવાઓ પ્રભાવિત




(એજન્સી) જાપાન તા 26

જાપાન એરલાઈન્સ પર સાયબર એટેક થયો છે. એરલાઈન્સને તેની અસર થઈ છે. ટિકિટનું વેચાણ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. જાપાન એરલાઈન્સ પર સાયબર એટેક થયો છે. એરલાઈન્સને તેની અસર થઈ છે. ટિકિટનું વેચાણ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. એરલાઈન્સની બેગેજ ચેક-ઈન સિસ્ટમમાં પણ સમસ્યા છે. જાપાન એરલાઈન્સ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહી છે. જાપાન એરલાઈન્સે ટ્વીટ કર્યું, 'અમારા આંતરિક અને બાહ્ય નેટવર્ક ઉપકરણો પર આજે સવારે 7.24 વાગ્યાથી સાયબર એટેક કરવામાં આવ્યો છે.'

જેના કારણે અમારી સિસ્ટમ સમસ્યાઓનો સામનો કરી રહી છે. જેના કારણે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ પર અસર પડી રહી છે. સાયબર હુમલાના કારણે ટિકિટનું વેચાણ બંધ કરી દેવામાં આવ્યું છે. અમે સમસ્યા હલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઓલ નિપ્પોન એરવેઝ (ANA) પછી જાપાન એરલાઈન્સ દેશની બીજી સૌથી મોટી એરલાઈન છે.

આ પહેલીવાર નથી કે જાપાનમાં સાયબર હુમલો થયો હોય. આવું પહેલા પણ બન્યું છે. આ વર્ષે જૂનમાં લોકપ્રિય જાપાનીઝ વીડિયો-શેરિંગ પ્લેટફોર્મ નિકોનિકો પર સાયબર એટેક થયો હતો. સાયબર હુમલાને કારણે તેને તેની સેવાઓ સ્થગિત કરવી પડી હતી. તે જ સમયે, 2022 માં, એક સાયબર હુમલાએ ટોયોટા સપ્લાયરની કામગીરીમાં વિક્ષેપ પાડ્યો હતો. જેના કારણે આખો દિવસ ઘરેલું પ્લાન્ટનું ઉત્પાદન બંધ રહ્યું હતું.

## NRI બન્યા બાદ ફરીથી ભારતીય નાગરિકતા મેળવી શકાય?

(એજન્સી) અમેરિકા તા 26

જે ભારતીયો અમેરિકા, બ્રિટન, કેનેડા જેવા વિકસિત દેશોમાં નોકરી કરવા જાય છે તેઓ થોડા સમય પછી ત્યાંની નાગરિકતા મેળવે છે. આવી સ્થિતિમાં તેઓને ભારતીય નાગરિકતા છોડવી પડે છે. આવી સ્થિતિમાં જો આ લોકો ફરીથી ભારતીય નાગરિકતા મેળવી શકે છે ? દર વર્ષે લાખો લોકો ભારતમાંથી વિદેશ જાય છે. કેટલાક લોકો અભ્યાસ માટે વિદેશ જાય છે તો કેટલાક નોકરી માટે અન્ય દેશોમાં જાય છે. ભારતીય લોકો મોટાભાગે અમેરિકા, બ્રિટન, કેનેડા અને મધ્ય પૂર્વમાં સ્થાયી થયા છે.

સામાન્ય રીતે જે ભારતીયો અમેરિકા, બ્રિટન, કેનેડા જેવા વિકસિત દેશોમાં નોકરી કરવા જાય છે તેઓ થોડા સમય પછી ત્યાંની નાગરિકતા મેળવે છે. આવી સ્થિતિમાં તેઓને ભારતીય નાગરિકતા છોડવી પડે છે. જો કોઈ ભારતીય નાગરિક NRI બન્યા પછી એટલે કે અન્ય કોઈ દેશની નાગરિકતા લે છે અને ભારતીય નાગરિકતા છોડી દે છે, તો તે ફરીથી ભારતીય નાગરિક બની શકે ?NRI બન્યા પછી વ્યક્તિ ફરીથી ભારતીય નાગરિક બની શકે છે. આ માટેની પ્રક્રિયા ભારતીય નાગરિકતા અધિનિયમ, 1955 હેઠળ નિર્ધારિત કરવામાં આવી છે. તમે નાગરિકતા માટે ફરીથી અરજી કરી શકો છો. ભારતીય નાગરિકત્વ પાછું મેળવવું શક્ય છે, પરંતુ નિર્ધારિત કાનૂની પ્રક્રિયાને અનુસરવી જરૂરી છે. ભારતીય નાગરિકતા પાછી મેળવવા માટે વ્યક્તિએ ભારત સરકારને અરજી કરવી પડશે. વ્યક્તિએ સાબિત કરવું પડશે કે તેણે તેની નાગરિકતાનો ત્યાગ કર્યા પછી પણ ભારત સાથે સંબંધ જાળવી રાખ્યો છે. આ ઉપરાંત ભારતમાં ચોક્કસ સમયગાળા સુધી રહેવાની શરત પૂરી કરવી પડે છે. જો કોઈ વ્યક્તિ ભારતીય નાગરિકતા સંપૂર્ણપણે પાછી મેળવી શકતો નથી, તો તે OCI કાર્ડ માટે અરજી કરી શકે છે. તે ભારતમાં રહેવા, કામ કરવા અને મિલકત ખરીદવાનો અધિકાર આપે છે.

## ઈસુના જન્મસ્થળે સતત બીજા વર્ષે નાતાલની ઉજવણી નહીં



(એજન્સી) જેરુસલેમ તા 26

સમગ્ર વિશ્વમાં ક્રિસમસને લઈને ઉત્સાહનો માહોલ છે. ચર્ચો સુશોભિત છે, બજારમાં રોનક છે. ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધાર્મિક નેતા પોપ ફ્રાન્સિસે વેટિકનમાં 24મીએ રાત્રે સેન્ટ પીટર્સ બેસિલિકા ચર્ચના પવિત્ર દરવાજાને ખોલીને ક્રિસમસની ઉજવણીની શરૂઆત કરી હતી. તે જ સમયે, પશ્ચિમ કાંઠે યુદ્ધના કારણે ઈસુ ખ્રિસ્તના જન્મસ્થળ બેથલહેમમાં વાતાવરણ ઉદાસ છે. તેમના જન્મસ્થળ પર બનેલા ચર્ચ ઓફ ધ નેટિવિટીને સતત બીજા વર્ષે પણ શણગારવામાં આવ્યું નથી. તે જ સમયે ક્રિસમસ પર રશિયાએ સમગ્ર યુક્રેન પર હુમલો કર્યો છે, જેમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

બીજી તરફ સિરિયામાં અસદના ભાગી ગયા બાદ ત્યાંના ખ્રિસ્તીઓ ઉત્સાહભેર નાતાલની ઉજવણી કરી રહ્યા છે. જોકે, સોમવારે રાત્રે અહીં ક્રિસમસ ટ્રીમાં આગ લાગી હતી. જે બાદ લોકોમાં રોષ જોવા મળ્યો હતો. વેટિકનઃ ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ નેતા પોપ ફ્રાન્સિસે વેટિકનમાં ચર્ચ ઓફ સેન્ટ પીટર્સ બેસિલિકાનો પવિત્ર દરવાજો ખોલીને ક્રિસમનું ઉદ્ઘાટન કર્યું હતું.

## સૂર્યની સૌથી નજીક પહોંચનારા પહેલા સ્પેસક્રાફ્ટને મળી સફળતા

(એજન્સી):અમેરિકા તા 26

NASAનું અવકાશયાન ઈતિહાસમાં પ્રથમ વખત સૂર્યની સૌથી નજીકથી પસાર થયું છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે સૂર્ય પર મિશન પર મોકલવામાં આવેલ 'ધ પાર્કર સોલર પ્રોબ' સૂર્યની ખૂબ નજીકથી પસાર થઈ ગયું છે. અમેરિકન સ્પેસ એજન્સી NASAનું 'ધ પાર્કર સોલર પ્રોબ' અવકાશયાન સૂર્યની ખૂબ નજીક પહોંચી ગયું છે. કહેવામાં આવી રહ્યું છે કે આ વિમાન સૂર્યની સપાટીથી લગભગ 61 લાખ કિલોમીટર દૂરથી સફળતાપૂર્વક પસાર થયું છે. જોકે, આ પછી તે સુરક્ષિત છે કે નહીં તે જાણી શકાયું નથી. જો તે સુરક્ષિત રીતે પરત ફરવામાં સફળ થશે તો સૂર્ય પર નવો ઈતિહાસ લખાશે તે નિશ્ચિત છે. તમને જણાવી દઈએ કે સૂર્યની નજીક પહોંચેલું આ વાહન એક નાની કારના આકારમાં છે. તે સૂર્યની સૌથી નજીકથી પસાર થનારો પ્રથમ માનવ પદાર્થ બન્યો છે. તમને જણાવી દઈએ કે સૂર્યની નજીકથી પસાર થતી વખતે વાહનની ઝડપ 6.90 લાખ કિલોમીટર પ્રતિ કલાક નોંધવામાં આવી છે. સૂર્ય જેમ જેમ નજીકથી પસાર થઈ રહ્યો છે તેમ તેમ વૈજ્ઞાનિકોનો ઉત્સાહ અનેકગણો વધી ગયો છે. તે આના પર ચાંપતી નજર રાખી રહ્યો છે અને વધુ માહિતીની રાહ જોઈ રહ્યો છે.નાસાના મિશન ડિરેક્ટોરેટના એસોસિયેટ એડમિનિસ્ટ્રેટર નિકોલા ફોક્સના જણાવ્યા અનુસાર, પાર્કર સ્પેસક્રાફ્ટે તે કાર્ય હાંસલ કરી લીધું છે જેના માટે તેને મોકલવામાં આવ્યું હતું. જો બધું બરાબર રહેશે તો 27 ડિસેમ્બર સુધીમાં તે અમને કેટલાક સંકેતો આપશે. આ પછી જ ખબર પડશે કે તે જીવિત છે કે સૂર્યની જ્વાળાઓમાં નાશ પામ્યો છે. અત્યાર સુધી કોઈ માનવ નિર્મિત વસ્તુ સૂર્યની આટલી નજીક પહોંચી શકી નથી. આવી સ્થિતિમાં, વૈજ્ઞાનિકોમાં ઉત્તેજના પછી, આ સ્પેસક્રાફ્ટ સૂર્યની આટલી નજીક પહોંચ્યા પછી જીવંત પરત ફરી શકશે કે કેમ તે અંગે પણ ચિંતા છે. કારણ કે અવકાશયાન સૂર્યની સપાટીની નજીકથી પસાર થયું ત્યારથી તેના વિશે કોઈ વધુ અપડેટ પ્રાપ્ત થયું નથી મિશનના પ્રોજેક્ટ વૈજ્ઞાનિક નૂર રવફીના જણાવ્યા અનુસાર, પાર્કર સ્પેસક્રાફ્ટે સૂર્યની નજીકથી પસાર થતી વખતે ઘણી તસવીરો પણ લીધી છે, જે જાન્યુઆરીમાં વૈજ્ઞાનિકોને મળશે. પાર્કર સૂર્યથી દૂર ગયા પછી સ્ટેટસ અપડેટ કરશે. વૈજ્ઞાનિકોના મતે સૂર્યની આટલી નજીકથી પસાર થનારી આ પ્રથમ માનવીય વસ્તુ છે.

**અમેરિકાએ કહ્યું- જ્યાં સુધી રશિયા સામે યુક્રેન જીતશે નહીં ત્યાં સુધી હથિયારો આપીશું**

## ઝેલેન્સકીએ કહ્યું- પુતિન માણસ નથી:ક્રિસમસ પર રશિયાએ 78 મિસાઈલો વરસાવી

(એજન્સી) અમેરિકા તા 26

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને બુધવારે યુક્રેન પર રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલાની નિંદા કરી છે. બાઈડને આરોપ લગાવ્યો હતો કે રશિયાએ મિસાઈલ અને ડ્રોન હુમલા દ્વારા યુક્રેનના એનર્જી ગ્રીડને નિશાન બનાવ્યું છે. તેના દ્વારા રશિયા શિયાળામાં યુક્રેનિયન લોકોને વીજળીનો પુરવઠો બંધ કરવા માંગે છે. રશિયન હુમલાની નિંદા કરતા, બાઈડને પણ યુક્રેનને સમર્થન આપ્યું હતું. બાઈડનના મતે અમેરિકાએ છેલ્લા કેટલાક મહિનામાં યુક્રેનને સેંકડો મિસાઈલો આપી છે. બાઈડને કહ્યું કે અમેરિકા યુક્રેનને હથિયારોનો સપ્લાય વધારશે. યુક્રેનને ટૂંક સમયમાં મિસાઈલોની નવી બેચ આપવામાં આવશે. આ માટે યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટને મિસાઈલોની સપ્લાય ઝડપી બનાવવા સૂચના આપવામાં આવી છે. તેમણે વિશ્વના અન્ય દેશોને પણ યુક્રેનને મદદ કરવા કહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે યુક્રેનના લોકોને શાંતિ અને સુરક્ષા સાથે રહેવાનો અધિકાર છે. બાઈડને કહ્યું કે જ્યાં સુધી યુક્રેન રશિયા સામે જીતશે નહીં ત્યાં સુધી અમે તેને સમર્થન આપવાનું ચાલુ રાખીશું. રશિયાએ પોતાના હુમલામાં યુક્રેનના અનેક શહેરોને નિશાન બનાવ્યા હતા. યુક્રેનિયન એરફોર્સના જણાવ્યા અનુસાર, રશિયાએ હુમલા માટે 78 મિસાઈલ અને 106 ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે 21 લોકો ઘાયલ થયા હતા. યુક્રેનના મીડિયા અનુસાર સૌથી મોટો હુમલો ખાર્કિવ શહેર પર કરવામાં આવ્યો હતો. આ સિવાય ડીનિપ્રો, ક્રેમેન્ચુક, ક્રિવી રિહ અને ઈવાનો-ફ્રેન્કિવસ્ક પર પણ હુમલા કરવામાં આવ્યા હતા. અહીં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા.સ્થાનિક મીડિયાના જણાવ્યા પ્રમાણે રશિયાએ બ્લેસ્ટીક મિસાઈલો વરસાવી હતી. ખાર્કિવના ગવર્નરે જણાવ્યું હતું કે રશિયાએ તેમના શહેર પર ઓછામાં ઓછી 7 મિસાઈલો વરસાવી હતી.



### ઝેલેન્સકીએ કહ્યું- પુતિન માણસ નથી

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ તેને 'અમાનવીય' ગણાવ્યું છે. તેમણે કહ્યું કે પુતિન માણસ નથી. હુમલા માટે તેઓએ જાણી જોઈને ક્રિસમસનો દિવસ પસંદ કર્યો. તેમજ, યુક્રેનની સૌથી મોટી ખાનગી ઉર્જા કંપની DTEKએ કહ્યું કે યુક્રેનની ઊર્જા વ્યવસ્થા પર રશિયાનો આ 13મો મોટો હુમલો છે.રશિયાએ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના હોમ ટાઉન ક્રીવી રિહ પર પણ મિસાઈલ હુમલો કર્યો છે. એક એપાર્ટમેન્ટ પર બેલેસ્ટિક મિસાઈલ વરસાવી હતી, જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને 15 ઘાયલ થયા હતા. તેમજ, યુક્રેનના અન્ય શહેર ડિનિપ્રો પર મિસાઈલ હુમલા થયા હતા.લાવરોવે ચેતવણી આપી હતી કે જો યુક્રેનનો હુમલો ચાલુ રહેશે તો રશિયા વધુ કડક પગલાં લેશે. આ યુક્રેને 8 ડ્રોન વડે રશિયન શહેર કઝાન પર હુમલો કર્યો હતો. તેમાંથી 6 હુમલા રહેણાંક મકાનો પર થયા હતા. કઝાન શહેર રશિયાની રાજધાની મોસ્કોથી 720 કિલોમીટર દૂર છે.અગાઉ, રશિયન વાયુસેનાએ કહ્યું હતું કે તેઓએ 24-25 શિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે યુક્રેનિયન હુમલા અંગે ચેતવણી આપી છે.

## યુરોપનું શાસન ધરાવતા વ્યૂહાત્મક ગ્રીનલેન્ડને ખરીદવાનો ટ્રમ્પનો વ્યૂહ

(એજન્સી) અમેરિકા તા 26

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ટ્રમ્પે 20 જાન્યુઆરીએ સત્તા સંભાળતા પહેલા જ કેટલાક વિવાદો સર્જ્યા છે. તેઓ અગાઉ અમેરિકા પાસે રહેલી પનામા નહેર પર ફરી અમેરિકાનો કબજો મેળવવા ઈચ્છે છે. આ ઉપરાંત ગ્રીનલેન્ડ પર ફરી કબજો જમાવવા માંગે છે. તેઓ અગાઉ 2019માં પણ ગ્રીનલેન્ડને ખરીદવાની વાત કરી ચૂક્યા છે. ગ્રીનલેન્ડ આમ તો ઉત્તર અમેરિકામાં આવેલો છે પણ તેનાં પર યુરોપનું શાસન છે આમ છતાં તેની સુરક્ષામાં અમેરિકાના હિતો સમાયેલા છે. ચીનના ખતરાને ધ્યાનમાં રાખીને ટ્રમ્પે ગ્રીનલેન્ડ ખરીદવાની વાત કરી છે. તેમનાં મતે રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડ પર અમેરિકાનો કબજો ઘણો મહત્ત્વનો છે. ગ્રીનલેન્ડ પર હાલ યુરોપનાં દેશ ડેનમાર્કનું શાસન છે. તેની રાજધાની ન્યૂક આરોગ્ય, કુદરતી સંસાધનો અને કાયદાના અમલના મુદ્દા સંભાળે છે. જ્યારે ડેનમાર્ક દ્વારા સંરક્ષણ, નાણાકીય બાબતોને લગતી કામગીરી સંભાળવામાં આવી છે.

## રાષ્ટ્રપતિ મુર્મુએ 7 છોકરા-10 છોકરીઓને બાળ પુરસ્કાર એનાયત કર્યો; PM મોદીએ પણ ભુલકાઓ સાથે મુલાકાત કરી

# સૌથી નાની ચેસ ખેલાડીને ચિલ્ડ્રન એવોર્ડ...

(એજન્સી) નવી દિલ્હી | તા.26

દિલ્હીના ભારત મંડપમ ખાતે ગુરુવારે વીર બાળ દિવસના અવસરે વડાપ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. આ વખતે 14 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના 17 બાળકોને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં 7 છોકરાઓ અને 10 છોકરીઓ સામેલ હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ 17 બાળકોને એવોર્ડ આપ્યા. આ એવોર્ડ સાત કેટેગરીમાં આપવામાં આવે છે. જેમાં કલા અને સંસ્કૃતિ, બહાદુરી, ઈનોવેશન, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક કાર્ય, રમતગમત અને પર્યાવરણનો સમાવેશ થાય છે.

આજે દિલ્હી ખાતે ભારત મંડપમમાં વીર બાલ દિવસ કાર્યક્રમમાં PM મોદીએ ભાગ લાધો હતો. આ કાર્યક્રમમાં મોદી વડાપ્રધાનના રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતાઓને મળ્યા હતા.

પીએમ મોદીએ કહ્યું- જો આપણે મેન્યુફેક્ચરિંગ પર કામ કરીશું તો દુનિયામાં સર્વશ્રેષ્ઠ બનીશું. જો સ્પેસ સેક્ટરમાં કામ કરો છો, તો વિશ્વમાં બેસ્ટ હશો. બેસ્ટ એ આપણું ધોરણ હોવું જોઈએ.







**વડાપ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર શું છે :** રાષ્ટ્રીય બાળ પુરસ્કાર કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1996માં શરૂ કરવામાં આવ્યો હતો. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરનારા બાળકોને સન્માનિત કરવાના હેતુથી રાષ્ટ્રીય બાળ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી. 1996થી એવોર્ડ મેળવનાર આ બાળકો કર્તવ્ય પથ પર યોજાતી ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લે છે.

કયા બાળકોને આ એવોર્ડ મળે છે? મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે બાળકોને પસંદ કરે છે. જે બાળકોની ઉંમર 5 વર્ષથી વધુ અને 18 વર્ષથી ઓછી છે. જેઓ ભારતના નાગરિક છે અને દેશમાં રહે છે. તેમને આ એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ 2018માં બહાદુરીના ક્ષેત્રમાં સિદ્ધિઓ હાંસલ કરનાર બાળકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એવોર્ડ 7 કેટેગરીમાં આપવામાં આવે છે શરૂઆતમાં આ એવોર્ડ 6 કેટેગરીમાં આપવામાં આવે છે.

### વીર બાલ દિવસ કાર્યક્રમમાં PMના ભાષણના 4 મોટા મુદ્દા...

- વીર બાળ દિવસ આપણને પ્રેરણાથી ભરી દે છે અને નવા સંકલ્પો માટે પ્રેરણા આપે છે. મેં લાલ કિલ્લા પરથી પણ કહ્યું હતું કે હવે ફક્ત બેસ્ટ જ આપણું ધોરણ હોવું જોઈએ. આપણા યુવાનો ગમે તે ક્ષેત્રમાં હોય તેમાં શ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઈએ.
- ઈતિહાસથી લઈને વર્તમાન સુધી, યુવા ઊર્જાએ હંમેશા ભારતની પ્રગતિમાં મોટી ભૂમિકા ભજવી છે. સ્વતંત્રતા સંગ્રામથી લઈને 21મી સદીના જન આંદોલનો સુધી દરેક ક્રાંતિમાં ભારતના યુવાનોએ યોગદાન આપ્યું છે.
- આજની ઝડપથી બદલાતી દુનિયામાં, નવી જરૂરિયાતો, નવી અપેક્ષાઓ, અપવાદો અને ભવિષ્ય માટે નવા વિઝન છે. આ યુગ મશીનોથી આગળ વધીને મશીન લર્નિંગ તરફ આગળ વધી રહ્યો છે.
- AIનો ઉપયોગ વધી રહ્યો છે, જે સામાન્ય સોફ્ટવેરની જગ્યા લઈ રહ્યું છે. આપણે દરેક ક્ષેત્રમાં નવા પડકારોનો સામનો કરી રહ્યા છીએ. તેથી, આપણે આપણા યુવાનોને જણાવવું પડશે કે આગળ કેવું ભવિષ્ય છે.

# તત્કાલ બુકિંગ સમયે જ IRCTCની વેબસાઈટ-એપ ઠપ : દેશભરમાં લાખો લોકો પરેશાન; ડિસેમ્બરમાં બીજી વખત સર્વિસ ડાઉન...

(એજન્સી) નવી દિલ્હી | તા.26

ભારતીય રેલવેનું ઈ-ટિકિટિંગ પ્લેટફોર્મ, ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)ની ઓનલાઈન વેબસાઈટ અને મોબાઈલ એપ ગુરુવારે (26 ડિસેમ્બર) ઠપ થઈ છે. તત્કાલ ટિકિટ બુકિંગ સમયે જ આ સમસ્યા સર્જાતા દેશભરમાં લાખો લોકોને ટિકિટ બુકિંગમાં સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. રેલવે ટિકિટિંગ પ્લેટફોર્મ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, મેન્ટેનન્સ એક્ટિવિટીને કારણે લોકોને આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ 9 ડિસેમ્બરે 1 કલાક સુધી સર્વિસ બંધ રહી હતી.

IRCTCની વેબસાઈટ પર લખેલા નોટિફિકેશન મુજબ, 'મેન્ટેનન્સ એક્ટિવિટીને કારણે હાલમાં ઈ-ટિકિટિંગ સેવા ઉપલબ્ધ રહેશે નહીં. કૃપા કરીને પછી પ્રયાસ કરો.' આ સાથે આપવામાં આવેલી માહિતી અનુસાર, 'ટિકિટ/ફાઈલ TDR રદ કરવા માટે, કૃપા કરીને કસ્ટમર કેર નંબર 14646,08044647999 અને 08035734999 પર કોલ કરો અથવા etickets@irctc.co.in પર મેઈલ કરો.' નોંધનીય છે કે સામાન્ય રીતે IRCTC પર તત્કાલ ટિકિટ બુક કરવાનો સમય સવારે 10 વાગ્યાનો છે. જ્યારે સ્લીપર ક્લાસ માટે તત્કાલ ટિકિટ બુક કરવાનો સમય સવારે 11 વાગ્યાનો છે.

પરંતુ આજે (26 ડિસેમ્બર) IRCTC ટિકિટિંગ પ્લેટફોર્મ બંધ થવાને કારણે દેશભરમાં લાખો લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.




IRCTC 1999માં ભારતીય રેલવેમાં જોડાઈ ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન (IRCTC) એ ભારત સરકારના રેલવે મંત્રાલય હેઠળનું 'મિની રત્ન (કેટેગરી-1)' કેન્દ્રીય જાહેર ક્ષેત્રનું સાહસ છે. IRCTC ને 27 સપ્ટેમ્બર 1999ના રોજ ભારતીય રેલવેની શાખા તરીકે સામેલ કરવામાં આવી હતી.

## અરુણીશ ચાવલાને રેવન્યુ સેક્રેટરી બનાવ્યા

### સરકારે બજેટના 5 અઠવાડિયા પહેલા વહીવટી ફેરબદલ કર્યો, બજેટ ટીમ તૈયાર

(એજન્સી) નવી દિલ્હી | તા.26

નવી દિલ્હી | કેન્દ્ર સરકારે બુધવારે બજેટના 5 અઠવાડિયા પહેલા કર્મચારી મંત્રાલયમાં વહીવટી ફેરબદલ કર્યો હતો. બિહાર કેડરના 1992 બેચના IAS અધિકારી અરુણીશ ચાવલાને મહેસૂલ સચિવ નિયુક્ત કરવામાં આવ્યા છે.

સંજય મલ્હોત્રાની ડિસેમ્બરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર તરીકે નિમણૂક થયા બાદ મહેસૂલ સચિવનું પદ ખાલી થયું હતું. ચાવલા હાલમાં ફાર્માસ્યુટિકલ્સ સેક્રેટરી છે. આધાર ઓથોરિટીના સીઈઓ અમિત અગ્રવાલ ચાવલાની જગ્યાએ ફાર્માસ્યુટિકલ્સ સેક્રેટરી તરીકે કામ કરશે.જો કે, નિયમિત પદ પર તેમની નિમણૂક ન થાય ત્યાં સુધી, ચાવલા સંસ્કૃતિ મંત્રાલયના સચિવનો વધારાનો હવાલો સંભાળતા રહેશે. ચાવલાની નિમણૂક સાથે બજેટ બનાવવાની ટીમ પણ પૂર્ણ થઈ ગઈ છે.

બજેટ ટીમમાં નાણામંત્રી, નાણાં સચિવ, મહેસૂલ સચિવ, ખર્ચ સચિવ, આર્થિક બાબતોના સચિવ, મુખ્ય આર્થિક સલાહકાર (CEA), બજેટ ચીફ, RBI, CBDT અને CBIC ચીફના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.



**કોણ છે અરુણીશ ચાવલા? :** અરુણીશ ચાવલા બિહાર કેડરના 1992 બેચના IAS છે. ચાવલા 1 નવેમ્બર, 2023થી મહેસૂલ સચિવ પદ પર તેમની નિમણૂક સુધી ફાર્માસ્યુટિકલ્સ સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા. ચાવલાએ આયોજન અને વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે સેવા આપી છે. તેઓ બિહાર રાજ્ય આયોજન બોર્ડના સચિવ અને બિહાર ડિઝાસ્ટર રિહેબિલિટેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન સોસાયટીના પ્રોજેક્ટ ડિરેક્ટર પણ રહી ચૂક્યા છે.

પબ્લિક અફેર્સ ફોરમ ઓફ ઈન્ડિયા અનુસાર, ચાવલાએ અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને હાઉસિંગ તરીકે શહેરી વિકાસ પ્રયાસોનું નેતૃત્વ કર્યું અને પટના મેટ્રો રેલ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકે પણ સેવા આપી છે.

ચાવલા વોશિંગ્ટન ડીસી, યુએસએમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ની ક્ષમતા વિકાસ સંસ્થામાં સીનિયર અર્થશાસ્ત્રી પણ હતા. 2020થી બે વર્ષ માટે તે પોસ્ટ પર નિમણૂક થયા. તેમને ઓગસ્ટ 2024 સુધી સંસ્કૃતિ મંત્રાલયના સચિવનું પદ પણ આપવામાં આવ્યું હતું.

## ગુજરાતની નંબર પ્લેટવાળી લેમ્બોર્ગીની મુંબઈમાં રસ્તા વચ્ચે સળગી, આગ ઓલવવામાં 45 મિનિટ લાગી..

(એજન્સી) મુંબઈ | તા.26

બુધવારે રાત્રે મુંબઈના કોસ્ટલ રોડ પર એક ચાલતી લેમ્બોર્ગિની કારમાં અચાનક આગ લાગી હતી, જેના કારણે આ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટના રાત્રે લગભગ 10.20 વાગ્યે બની હતી. જો કે રાહતની વાત એ છે કે આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી.

ફાયર બ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું કે ઘટનાની માહિતી મળતાની સાથે જ ફાયર એન્જિનને તાત્કાલિક સ્થળ પર મોકલવામાં આવ્યું હતું. આગ ઓલવવામાં લગભગ 45 મિનિટનો સમય લાગ્યો હતો. જોકે, આગ લાગવાનું કારણ અને કારમાં કેટલા લોકો હાજર છે તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી.

ગુજરાત નંબર પ્લેટવાળી આ ઓરેન્જ રંગની લેમ્બોર્ગીનીની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પ્રખ્યાત ઉદ્યોગપતિ અને કારના શોખીન ગૌતમ સિંઘાનિયાએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ઘટનાનો એક વીડિયો શેર કર્યો છે.



વીડિયોમાં જોઈ શકાય છે કે કારમાં આગની જ્વાળાઓ વધી રહી છે અને એક વ્યક્તિ તેને ઓલવવાનો પ્રયાસ કરી રહ્યો છે. વીડિયો શેર કરતાં સિંઘાનિયાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "મેં મુંબઈના કોસ્ટલ રોડ પર લેમ્બોરગીનીને આગમાં લપેટાયેલી જોઈ. આવી ઘટનાઓ લેમ્બોરગીનીની વિશ્વસનીયતા અને સલામતીના ધોરણો વિશે ગંભીર ચિંતાઓ ઊભી કરે છે.

ઘટના બાદ પોલીસ અને ફાયર વિભાગે કોસ્ટલ રોડ પર ટ્રાફિકને નિયંત્રિત કર્યો હતો જેથી આગ ઓલવવાની કામગીરી સરળતાથી થઈ શકે. કારની અંદર રહેલા લોકો સમયસર બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

## પીળા વટાણાની ડ્યૂટી ફ્રી આયાત સમયમર્યાદા લંબાવાઈ

(એજન્સી) મુંબઈ | તા 26

પીળા વટાણાની ડ્યૂટી ફ્રી આયાતની સમયમર્યાદા ભારતે વધુ બે મહિના લંબાવી ૨૦૨૫ના ફેબ્રુઆરી સુધી કરી છે. ગયા વર્ષના ડિસેમ્બરમાં સરકારે ડ્યૂટી ફ્રી આયાતની માર્ચ, ૨૦૨૪ સુધી છૂટ આપી હતી. દેશમાં કઠોળની એકંદર માગ કરતા ઉત્પાદન નોંધપાત્ર નીચુ રહે છે. જો કે આ મુદતમાં વારંવાર વધારો કરીને તેને ડિસેમ્બર સુધી લંબાવાઈ હતી. ઘરઆંગણે પીળા વટાણાનો પૂરવઠો વધારી ભાવને કાબૂમાં રાખવાના ભાગરૂપ જકાત મુકત આયાત માટેની મુદત વધુ લંબાવાઈ હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે નાતાલના કારણે સત્તાવાર બંધ રહી હતી. બંધ બજારે વેપારો ધીમા હતા તથા ખાદ્યતેલોના ભાવ બેતરફી વધઘટે અથડાતા રહ્યા હતા. દરમિયાન, હઝીરા ખાતે કોટન રિફાઈન્ડના ભાવ પાંચ જાન્યુઆરી સુધીના રૂ.૧૨૪૦ તથા ૬થી ૧૫ જાન્યુઆરીના રૂ.૧૨૪૫ રહ્યા હતા સોયાતેલ રિફાઈન્ડના ભાવ ૧થી ૧૦ જાન્યુઆરીના રૂ.૧૨૩૦ બોલાઈ રહ્યા હતા. મુંદ્રા ખાતે સોયાતેલના ફોરવર્ડ ભાવ રૂ.૧૨૨૦થી ૧૨૨૫ રહ્યા હતા.

## EVM મુદ્દે કોંગ્રેસને મોટો ઝટકો, દિગ્ગજ નેતાના દીકરીએ કહ્યું - પુરાવા વગર આરોપ ન લગાવાય

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ મહાવિકાસ અઘાડી ઈવીએમ પર સવાલો ઉઠાવી રહી છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને કોંગ્રેસે બેલેટ પેપર દ્વારા ફરીથી ચૂંટણી કરાવવાની માંગ કરી હતી. ઈવીએમને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, તેમના પોતાના સહયોગી શરદ પવારની એનસીપીએ તેને ફગાવી દીધી છે. શરદ પવારની પુત્રી અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલનેએ કહ્યું કે, 'જ્યાં સુધી તેમની પાસે છેડછાડના દાવાઓને સમર્થન આપવા માટે નક્કર પુરાવા ન હોય ત્યાં સુધી ઈવીએમને દોષી ઠેરવવુ ખોટું છે. મેં પોતે 4 વખત આ ઈવીએમનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી છે.' પુણેની મુલાકાતે આવેલા સુપ્રિયા સુલેએ પત્રકારો સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે , 'મને લાગે છે કે જ્યાં સુધી મારી પાસે કોઈ નક્કર પુરાવા નથી.

## ખેડા જિલ્લાના તમામ મંડલોમાં સર્વોચ્ચ બલિદાન ની યાદ માં વીર બાલ દીવસ યોજાયો



ખેડા : અશેષ વ્યાસ

ખેડા જિલ્લા ભાજપ દ્વારા વીર બાળદીવસ નિમિત્તે જીલ્લા માં કાર્યક્રમો યોજાયાં હતાં જેમાં ગુરુ ગોવિંદસિંહજી ના પુત્રો બાબા જોરાવરસિંહ અને બાબા ફતેસિંહ ના બલીદાન ની યાદ માં 26 ડીસેમ્બર બાલદીવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો જેમાં ખેડા જિલ્લાના વીસે વીસ મંડલો માં આ કાર્યક્રમ ઉજવાયો હતો ગુરૂ ગોવિંદ સિંહજી ની દેશ પ્રથમ ની પરંપરા પ્રેરણા રૂપ છે વીર બાળદીવસ દસ મા શીખ ગુરુ ઓ ના અપાર યોગદાન અને રાષ્ટ્ર ના સન્માન ની રક્ષા માટે શીખ પરંપરા ના બલીદાન ની યાદ અપાવે છે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે જીલ્લા પ્રમુખ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ તેમજ કાર્યક્રમ ના ઈનચાર્જ શ્રી અપુર્વ પટેલ તેમજ સહ ઈનચાર્જ શ્રી ચિરાગ સોઢા અને અશેષ વ્યાસે જહેમત લીધી હતી સમગ્ર જિલ્લામાં અલગ અલગ મંડલો માં વક્તાઓ એ શૌર્ય ગાથા રજુ કરી હતી જેમાં પ્રદેશ માંથી પ્રવક્તા શ્રી ભરતભાઈ ડાંગર સહિત જ્હાનવી બેન વ્યાસ,વિકાસભાઈશાહ,વિનોદ ખંભોળજા,દશરથભાઈ પટેલ, વિનુભાઈ પટેલ,અમિતભાઈ ડાભી,કીરણ સિંહ ડાભી,નટુભાઈ સોઢા,અપુર્વભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ,જનક સિંહ ઝાલા વગેરે એ વીરબાલ દીવસ ને તરૂણ યુવાનો ની ધર્મ ની ગરીમા અને સન્માન ની રક્ષા માટે સર્વોચ્ચ અને અકલ્પનીય બલીદાન ની શોર્ય ગાથા વર્ણવી હતી

## INDIA ગઠબંધનમાંથી કોંગ્રેસ બહાર થશે...?

### દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીની માગ, અન્ય પક્ષો સાથે કરશે વાતચીત...



(એજન્સી) નવી દિલ્હી | તા.26

દિલ્હી ચૂંટણી પહેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે તણાવ વધી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે આમ આદમી પાર્ટી (AAP) કોંગ્રેસને ઈન્ડિયા બ્લોકમાંથી બહાર કરવા માગે છે. આ માટે તે અન્ય પક્ષો સાથે વાત કરશે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહ બપોરે 1 વાગ્યે આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરશે.

આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, AAP નેતાઓમાં કોંગ્રેસને લઈને ભારે નારાજગી છે. તેથી, હવે AAP કોંગ્રેસને ઈન્ડિયા એલાયન્સમાંથી બહાર કરવા માટે અન્ય પક્ષો સાથે વાત કરશે. AAPનો આરોપ છે કે કોંગ્રેસ ભાજપ સાથે મળીને કામ કરી રહી છે.

AAP નેતાઓમાં કોંગ્રેસ સામે નારાજગી સૂત્રોના જણાવ્યા અનુસાર, AAP નેતાઓ કોંગ્રેસના નેતાઓના સતત નિવેદનોથી નારાજ છે. એક દિવસ પહેલા જ દિલ્હી યુથ કોંગ્રેસે અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ FIR દાખલ કરી હતી. આ અંગે AAP નેતાઓમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે.

AAP પર ગેરમાર્ગે દોરવાનો આરોપ વાસ્તવમાં, દિલ્હી યુથ કોંગ્રેસના અધ્યક્ષ અક્ષય લાકરાએ 25 ડિસેમ્બરની સાંજે સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપ લગાવ્યો હતો કે AAPએ તેની યોજનાઓ દ્વારા લોકોને ગેરમાર્ગે દોર્યા છે અને છેતર્યા છે.

કેજરીવાલ સામે કાર્યવાહીની માગ દિલ્હી સરકારના કેટલાક વિભાગોએ AAPની યોજનાઓની પ્રામાણિકતા પર સવાલ ઉઠાવ્યા છે ત્યારે યુથ કોંગ્રેસે આ ફરિયાદ નોંધાવી છે. આ યોજનાઓને ગેરમાર્ગે દોરનારી ગણાવીને જનતાને તેનાથી સાવધ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. કોંગ્રેસે આ મુદ્દાને પકડી લીધો છે અને કેજરીવાલ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### કોંગ્રેસના પોસ્ટરમાં ભારતનો નકશો ખોટો...

## ભાજપે કહ્યું - તેમાં PoK ગુમ, બેલગાવીમાં પોસ્ટર લાગ્યું; આજે અહીં CWCની બેઠક

(એજન્સી) બેંગલુરુ | તા.26

ગુરુવારે કર્ણાટકના બેલગાવીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક યોજાવાની છે. બેઠક પહેલાં, કાર્યકરોએ બેલાગવીમાં પોસ્ટરો લગાવ્યાં છે. જેમાં ભારતનો ખોટો નકશો બતાવવામાં આવ્યો છે.

બીજેપીના આઈટી સેલના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા X પર ખોટા નકશાની તસવીર પોસ્ટ કરી છે અને લખ્યું છે કે, કોંગ્રેસે તેના તમામ હોર્ડિંગ્સ પર ભારતનો ખોટો નકશો લગાવ્યો છે, જેમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રાની તસવીરો પણ છે, જેમાં કાશ્મીરને પાકિસ્તાનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યું છે.

બીજેપી સાંસદે કહ્યું- કોંગ્રેસ ભારત તોડનારા લોકોની સાથે છે બીજેપી સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, આજે એક એવી તસવીર સામે આવી છે જે દિલને ઠેસ પહોંચાડે છે. બીજેપી કર્ણાટકે એક ટ્વિટ કર્યું છે જેમાં જોઈ શકાય છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને અક્સાઈ ચીન ભારતના નકશામાં સામેલ નથી.

**જાહેર નોટિસ**

આ જાણ કરવા માટે છે કે અલ્ગોક્વન્ટ ફિનટેક લિમિટેડના નીચેના શેર પ્રમાણપત્રો કે જેઓ દિલ્હી ખાતે તેની રજિસ્ટર્ડ ઓફિસ ધરાવે છે, જે સ્વ. શ્રી વિજય કુમાર સચદેવાના નામે નોંધાયેલ છે, તેમના દ્વારા ખોવાઈ ગયા છે. પ્રમાણપત્ર નંબર – ૧૫૯૧ (૧૨૮૩૩૩ થી ૧૨૮૩૮૨), ૫૪૨૯ (૩૯૩૯૫૮ થી ૩૯૩૯૮૭), ૨૧૫૮૦ (૧૧૩૭૯૪૨ થી ૧૧૩૭૯૫૧), ૨૧૫૮૧ (૧૧૩૭૯૫૨ થી ૧૧૩૭૯૬૧), ૨૧૫૮૨ (૧૧૩૭૯૬૨ થી ૧૧૩૭૯૭૧), ૨૧૫૮૩ (૧૧૩૭૯૭૨ થી ૧૧૩૭૯૭૨), ૨૧૫૮૪ (૧૧૩૭૯૭૩ થી ૧૧૩૭૯૭૩) ૩૨૨૭૪ (૧૫૯૩૦૨૧ થી ૧૫૯૩૦૩૦), ૩૨૨૭૫ (૧૫૯૩૦૩૧ થી ૧૫૯૩૦૪૦), ૩૨૨૭૬ (૧૫૯૩૦૪૧ થી ૧૫૯૩૦૫૦), ૩૨૨૭૭ (૧૫૯૩૦૫૧ થી ૧૫૯૩૦૬૦), ૩૨૨૭૮ (૧૫૯૩૦૬૧ થી ૧૫૯૩૦૬૧), ૩૨૨૭૯ (૧૫૯૩૦૬૨ થી ૧૫૯૩૦૬૨), ૩૨૨૮૦(૧૫૯૩૦૬૩ થી ૧૫૯૩૦૬૩) અને ૩૨૨૮૧ (૧૫૯૩૦૬૪ થી ૧૫૯૩૦૬૪) – ૧૫૬ શેર, જે હવે કુલ ૭૮૦ શેર બની ગયા છે. કોઈપણ વ્યક્તિ કે જેની પાસે ઉપરોક્ત શેર પ્રમાણપત્ર/ઓના સંબંધમાં કોઈ દાવો હોય તેણે કંપની અથવા તેના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ લિંક ઈન્ટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, નોબલ હાઈટ્સ, પહેલો માળ, પ્લોટ નંબર-૨, સી-૧ બ્લોક, એલએસસી, સાવિત્રી માર્કેટ પાસે, જનકપુરી નવી દિલ્હી ૧૧૦૦૫૮ – આ સૂચના પ્રકાશિત થયાના ૧૫ દિવસની અંદર. જે પછી, કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહીં, અને કંપની ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર/ઓ જારી કરવા માટે આગળ વધશે.

સ્થળ: નવી દિલ્હી

કાનૂની દાવેદારનું નામ : શ્રીમતી સુંદર સચદેવ સ્વ. શ્રી વિજય કુમાર સચદેવની વિધવા

તારીખ: ૧૩/૧૨/૨૦૨૪

સિટી એક્સપ્રેસ
FRIDAY 27 DECEMBER-2024
AHMEDABAD

## આજે દેત્રોજ-ભંકોડા સેક્શન સ્થિત રેલવે ક્રોસિંગ નંબર 40 બંધ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના દેત્રોજ-ભંકોડા સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નં. 40 કિ.મી. 36/12-13 અતિ આવશ્યક સમારકામ માટે 27 ડિસેમ્બર 2024 ના રોજ સવારે 08:30 થી સાંજે 20:00 વાગ્યા સુધી બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન કટોસણ રોડ-દેત્રોજ વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. 39 થી મુસાફરી કરી શકશે. તારીખ 27મી ડિસેમ્બરે શુક્રવારે દેત્રોજ-ભંકોડા સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નંબર 40 બંધ રહેશે જેની ત્યાથી પસાર તથા વાહનચાલકો અને રાહગીરોએ નોંધ લેવી.

## ખેડામાં 5 વાહનનો અકસ્માત, યુવતી સહિત 4 ગંભીર!

નડિયાદ | પ્રાથમિક અહેવાલ અનુસાર ખેડા જિલ્લા નડિયાદથી પેટલાદ જતાં રોડ પર 5 વાહન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. મળતી માહિતી અનુસાર, હુન્ડાઈ I20 કારચાલકે એક સાથે 3 બાઈકચાલકોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક યુવતી સહિત 4 જેટલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ ત્વરિત બચાવ કામગીરી કરી ઈમરજન્સી સેવા 108 ને જાણ કરી હતી અને ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં મદદ કરી હતી. નડિયાદ ગ્રામ્ય પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી છે.



# વડોદરામાં રોયલ મેળામાં રાઈડમાંથી બાળક પડવાની ઘટના, 3 લોકોની પોલીસે ધરપકડ કરી

(એજન્સી) વડોદરા | તા.26



વડોદરા શહેરના લાલબાગ બ્રિજ પાસે આવેલા રોયલ મેળામાં ગઈકાલે રાત્રે હેલિકોપ્ટર રાઈડના બે દરવાજા ખૂલી જતાં ચાર બાળક ફંગોળાઈને નીચે પટકાયાં હતાં. આ ઘટના બાદ પોલીસ દોડતી થઈ ગઈ છે. આ દરમિયાન આજે સવારે રોયલ મેળામાં જ્યાં દુર્ઘટના બની એ સ્થળ પર પહોંચી હતી, જ્યાં ચોંકાવનારાં દશ્યો જોવા મળ્યાં હતાં. હાલ દુર્ઘટના બાદ રોયલ મેળાને હાલપૂરતો બંધ કરી દેવામાં આવ્યો છે. પોલીસે રોયલ મેળાના સંચાલક, મેનેજર અને રાઈડ ઓપરેટર સામે ગુનો દાખલ કરી ત્રણેય આરોપીની ધરપકડ કરી લીધી છે. મેળાની એક રાઈડ અને બીજી રાઇડ વચ્ચે અંતર નહોતું, કેટલાંક સ્થળોએ રાઇડમાં વીજવાયરો ખુલ્લા હતા. દુર્ઘટના બાદ હવે વીજવાયરોને કવર કરવામાં આવી રહ્યા છે. પરમિશન માત્ર 13 રાઇડની આપવામાં આવી અને 23 રાઇડ આયોજકે પોલીસની જાણબહાર લગાવી દીધી હતી.

### એક બાળક બેસે એવી જગ્યામાં બેને બેસાડ્યાં હતાં



વડોદરા હરણી બોટ દુર્ઘટના અને રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ પછી પણ તંત્ર ઘોર નિદ્રામાં હોય એમ લાગી રહ્યું છે. વડોદરા શહેરમાં ચાલતા રોયલ મેળામાં સંચાલકો દ્વારા પૂરતી સુરક્ષા રાખવામાં ન આવી રહી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. ગતરોજ (25/12/2024)ના દિવસે બનેલી ઘટના બાદ દ્વારા રોયલ મેળાનું રિયાલિટી ચેક કરવામાં આવ્યું હતું. જે હેલિકોપ્ટર રાઈડમાં બાળકોને બેસાડવામાં આવ્યાં હતાં એમાં બે બોક્સના દરવાજા ખેંચીએ તો ખૂલી જાય એવા હતા. અહીં બાળકોને પકડવા માટેના સ્ટીયરિંગ પણ ખખડી ગયેલાં છે. આ સ્ટીયરિંગ પકડે તો બાળકોને ઈજા થઈ શકે છે. રાઈડમાં બે બાળકને બેસવા માટે પૂરતી જગ્યા પણ નથી. એમાં માંડ એક બાળક બેસી શકે એવી જગ્યામાં બે બાળકને બેસાડવામાં આવ્યાં હતાં.

**રાઈડ્સની હાલત ખરાબ છતાં પરમિશન મળી :** કેટલીક રાઈડ્સ તો ખખડધજ હાલતમાં છે. આ રાઈડ્સ પર બાળક બેસે તો એની કોઈ સુરક્ષા નથી. આ રાઈડ્સ ગમે ત્યારે તૂટી શકે એવી સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં આ રાઈડ્સની પરમિશન કેવી રીતે આપવામાં આવી એનો પણ સવાલ છે. રોયલ મેળામાં બનેલી દુર્ઘટના બાદ આજે કેટલી રાઈડ્સને આજે સંચાલકો દ્વારા ચેક કરવામાં આવી છે. ચેક કર્યા પછી એને ઠીક કરવામાં આવશે અને કેટલીક રાઈડ્સ ઉપર વીજવાયરને કવર કરવામાં આવી રહ્યા છે અને ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

### રોયલ મેળાના 3 સંચાલકોની પોલીસે ધરપકડ કરી



વડોદરામાં રોયલ મેળામાં ગઈકાલે રાઈડમાંથી બાળક પડવાની ઘટના બની હતી જેને લઈ પોલીસ અને તંત્રમાં દોડધામ મચી હતી,આ સમગ્ર કેસમાં ફરિયાદીએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે જેમાં પોલીસે 3 રાઈડ સંચાલકોની ધરપકડ કરીને વધુ તપાસ હાથધરી છે.શહેરના માંજલપુરમાં ચાલી રહેલા રોયલ મેળામાં મોટી દુર્ઘટના ટળી હતી. નાના બાળકોની એક હેલિકોપ્ટર રાઇડ ચાલુ હતી ત્યારે અચાનક તેના લૉક ખુલી જતા બાળકો નીચે પટકાયા હતા.

# રાષ્ટ્રપતિના હસ્તે ઓમ જિજ્ઞેશ વ્યાસ રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત

*અમદાવાદના 17 વર્ષીય દિવ્યાંગ તરુણ ઓમ જિજ્ઞેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે પોતાનું તથા પોતાના પરિવાર સહિત સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું*

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



અમદાવાદના 17 વર્ષીય દિવ્યાંગ તરુણ ઓમ જિજ્ઞેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે પોતાનું તથા પોતાના પરિવાર સહિત સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ઓમ વ્યાસને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરાયો છે. દિવ્યાંગ ઓમ વ્યાસને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે તેની અદ્વિતીય સિદ્ધિઓ માટે આ નેશનલ એવોર્ડ એનાયત થયો છે.

વીર બાળ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત સમારંભમાં દેશના 17 બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. તેમાં ગુજરાતના દિવ્યાંગ બાળ ઓમ જિજ્ઞેશ વ્યાસને પણ બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દિવ્યાંગ બાળ ઓમ વ્યાસની સિદ્ધિઓની સરાહના કરતાં ગુજરાતનું ગૌરવ વધારવા માટે તેને અભિનંદન પણ પાઠવ્યા છે.

# અમદાવાદના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ

*ઈસનપુર, કાંકરીયા અને મણિનગર વિસ્તારમાં વરસાદ, ડીસામાં કમોસમી વરસાદને કારણે, ખેડૂતોની ચિંતા વધી*

(એજન્સી) અમદાવાદ | તા.26

અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં હાલમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. શહેરના ઈસનપુર, કાંકરીયા, મણિનગરના કેટલાક વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. શહેરના કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા વરસ્યા છે. નવરંગપુરા, બોપલ, નારણપુરા, ઈન્કમટેક્સના કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા જોવા મળ્યા છે.

બીજી તરફ ડીસામાં પણ કમોસમી વરસાદ જોવા મળ્યો છે. કમોસમી વરસાદી છાંટાથી ખેડૂતોની ચિંતા વધી છે. ખેડૂતોના એરંડા, રાયડા, જીરુ સહિતના અન્ય પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે બટાકા, ઈસબગુલ, ઘઉંના પાકને નુકસાન થવાની આશંકા જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીને લઈ ડિઝાસ્ટર વિભાગે જાહેર એલર્ટ આપ્યું છે. 26થી 28 ડિસેમ્બર દરમિયાન જિલ્લામાં કમોસમી વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ત્યારે જિલ્લાના માર્કેટયાર્ડઓ સહિત ખેડૂતોને પોતાનો પાક સહી સલામત રાખવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. કમોસમી વરસાદ દરમ્યાન માર્કેટયાર્ડ સંચાલકોને તકેદારીના પગલાં લેવા ડિઝાસ્ટર વિભાગે સૂચન કર્યું છે.

## પાટણ યુનિવર્સિટીમાં દારૂકાંડ મુદ્દે થયેલા પોલીસ ઘર્ષણમાં

# ધારાસભ્ય કિરીટ પટેલ સહિત 21 લોકોની ધરપકડ

(એજન્સી) પાટણ | તા.26



પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં દારૂકાંડ મામલે કોંગ્રેસના કાર્યકરો અને અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ કેસમાં કોર્ટ તરફથી જામીન મળવામાં વિલંબ થતાં કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ અને ચંદનજી ઠાકોર પોલીસ સમક્ષ હાજર થયા હતા. હાલ જ્યુડિશલ કોર્ટમાં જામીન અરજીનો મામલો ચાલી રહ્યો છે. ત્યારે આજે ધારાસભ્ય કિરીટ પટેલ સહિતના આગેવાનો પોલીસ સ્ટેશન હાજર થયા હતા, ત્યારે પોલીસ 21 વ્યક્તિઓની અટકાયત બાદ ધરપકડ કરી છે.

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં દારૂકાંડ મુદ્દે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ તેમજ કોંગ્રેસ અને NSUIના આગેવાનો દ્વારા ભૂખ હડતાલ, ધરણાં અને પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના આયોજન માટે કોઈપણ જાતની પરવાનગી લીધી ન હતી. જેથી પોલીસ જાહેરનામાનો ભંગ કરવા બદલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી 14 આગેવાનોની અટકાયત કરી હતી. પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં બાસ્કેટ બોલના ખેલાડીઓએ રાતના સમયે હોસ્ટેલમાં દારૂ પાર્ટી કરી હતી. આ દરમિયાન હોસ્ટેલના રેક્ટરે ચેકિંગ કરતાં દારૂની મહેફિલ માણતાં ઝડપાયા હતા અને ખેલાડીઓએ ભાગવાનો પ્રયત્ન કર્યો હતો.

જેના કારણે ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટનાના વિરોધમાં ધારાસભ્ય કિરીટ પટેલ, કોંગ્રેસ અને એનએસયુઆઈના આગેવાનોએ ભૂખ હડતાલ, ધરણાં અને પ્રદર્શનનો કાર્યક્રમ યોજ્યો હતો.

જો કે આ સંપુર્ણ કાર્યક્રમનું આયોજન કોઈપણ જાતની પરવાનગી લીધા વિના કરવામાં આવ્યું હતું જેને પગલે પોલીસે તેમના કાર્યક્રમમાં ભંગ પાડ્યો હતો. તે દરમિયાન કાર્યકરો અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણનો મામલો સર્જાયો હતો. એવામાં એક કાર્યકરે ધારાસભ્યની કિરીટ પટેલની હાજરીમાં એક પોલીસ કર્મીને લાફો ઝીંકી દીધો હતો. જેને કારણે આ મામલાએ મોટું સ્વરુપ ધારણ કર્યુ હતું. આ મામલે 14ના નામ જોગ તેમજ 200 લોકોના ટોળા સામે પોલીસ કર્મચારીઓ પર હુમલા બાબતે ફરિયાદ નોંધવામાં આવી હતી.

# એલિસબ્રિજ વિસ્તારમાં 20 લાખની લૂંટ, આંગડિયા પેઢીનો કર્ચમારી લૂંટાયો

(એજન્સી) અમદાવાદ | તા.26



ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી ચોરી અને લૂંટની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદમાં ફરી એકવાર આંગડિયા પેઢીનો કર્મચારી લૂંટાયો છે. એક્ટિવા પર આવેલા બે આજાણ્યા શખસોએ ધારા આંગડિયા પેઢીનો કર્મચારના 20 રૂપિયા લૂંટીને ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી અનુસાર, શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી ધારા આંગડિયા પેઢીનો કર્મચારી લૂંટાયો છે. સી.જી.રોડ સુપર મોલ ખાતે આવેલ ધારા આંગડિયા પેઢીમાંથી 20 લાખ રૂપિયા લઈને નીકળેલા આંગડિયા પેઢીના કર્મચારી કારમાં જઈ રહ્યા હતા.

સહજાનંદ કોલેજ ચાર રસ્તા પર એક્ટિવા પર આવેલા બે શખસોએ આંગડિયા પેઢીના કર્મચારીને રોક્યો હતો અને તમે મારા પગ ઉપર કાર ચઢાવી દીધી છે તેમ કહીને ઝઘડો કરવા લાગ્યા હતા. આ દરમિયાન એક શખસે એક્ટિવા પરથી ઉતરીને કારનો ડ્રાઈવર સાઈડનો દરવાજો તોડીને કારમાં રહેલી બેગ કાઢીને ફરાર થઈ ગયા હતા. આ લૂંટની ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે. આ મામલે પોલીસે અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંજારમાં ટપ્પર ડેમ વિસ્તારમાંથી 1 કરોડ વર્ષ જૂના વાનરના જીવાશ્મિ મળી આવ્યા

(એજન્સી) કચ્છ | તા.26



હિમાલયની પર્વતમાળામાં આવેલી શિવાલિક પર્વતમાળા આસપાસ જે પ્રકારના જીવાશ્મિ મળી આવ્યા છે તે જ પ્રકારના જીવાશ્મિ કચ્છના અંજાર પાસેની ટપ્પર ડેમ સાઈડ પર મળી આવ્યા છે. કચ્છના ટપ્પર ડેમ પાસેથી 1 કરોડ અને 5 લાખ (10.5 મિલિયન) વર્ષ જૂનાં વાનરના જીવાશ્મિ મળી આવ્યાં છે. જેની શોધ અને દાવો કચ્છી NRI સંશોધક ડૉ. હિરજી ભુડિયાએ કર્યો છે. જણાવી દઈએ કે, 19મી સદીમાં સૌપ્રથમ હિમાલય પર્વતમાળામાંથી વાનરના અશ્મિ મળ્યા હતા. આ વાનર જીવાશ્મિ 'માયોસિન' યુગના શિવાલિક પિથેક્સ એટલે ગ્રીક ભાષામાં તેનો અર્થ વાનર થાય છે.

ડૉ. ભુડિયાના જણાવ્યા અનુસાર, ટપ્પર ડેમ નજીકથી મળી આવેલા અશ્મિમાં થાપા, ખભા, હાથ અને પગના હાડકાંનો સમાવેશ થાય છે. આજથી 11 વર્ષ પહેલાં આજ ટપ્પર ડેમની આસપાસના વિસ્તારમાંથી વાનરના દાંતનો જીવાશ્મિ મળ્યો હતો. આ જીવાશ્મિ જોયા બાદ તેમણે ટપ્પર રેન્જમાં જઈને વધુ શોધખોળ કરવા નક્કી કર્યું હતું. ગત વર્ષે વ્યસ્તતાના કારણે ના જઈ શક્યાં પરંતુ આ વર્ષે તેમણે ટપ્પર ડેમ સાઈટમાં પડાવ નાખીને રીસર્ચ કર્યું અને આ જીવાશ્મિ મળી આવ્યાં. લાંબી મહેનત બાદ આ જીવાશ્મિ શોધવામાં તેમને સફળતા મળી છે અને આ સંદર્ભે તેઓ વધુ સંશોધન કરી રહ્યા છે.

### વાનરોના જીવાશ્મિ અંગે અલગ અલગ થિયરી

દરમ્યાન, કરોડો વર્ષ જૂનાં વાનરોના જીવાશ્મિ અંગે વિશ્વના પેલિઓન્ટોલોજીસ્ટમાં પ્રવર્તતી જુદી-જુદી થિયરી અંગે ડૉ. ભુડિયાએ જણાવ્યું હતું કે, ઉત્ક્રાંતિ પ્રમાણે વાનરોની પ્રજાતિમાંથી માનવ સર્જાયેલો છે. જો કે, આ વાનરો માનવોના પૂર્વજ વાનરોથી થોડાં અલગ હતાં. અન્ય કેટલાંક પેલિઓન્ટોલોજીસ્ટ શિવાલીક પિથેક્સને વર્તમાન ઊરાંગ ઊટાંગ અને ગોરિલાના પૂર્વજ માને છે.

### કોણ છે ડૉ. ભુડિયા?



જણાવી દઈએ કે, ડૉ. ભુડિયા મૂળ માધાપરના વતની છે અને હાલ તેઓ વર્ષોથી લંડનમાં સ્થાયી થયેલાં છે. ભૂતકાળમાં તે જી.કે. જનરલ હોસ્પિટલમાં સુપરિન્ટેન્ડેન્ટ તરીકે પણ સેવા આપી ચૂકેલાં છે. ડૉ. ભુડિયાએ તેમનો અભ્યાસ મેડિસિનમાં કરેલો છે પરંતુ છેલ્લાં ઘણાં વર્ષોથી તે પેલિઓન્ટોલોજીમાં ખૂબ રીસર્ચ કરી રહ્યાં છે.

# અમદાવાદમાં બિલ્ડર દ્વારા છેતરપિંડી મામલે SPએ કર્યો ચોંકાવનારો ખુલાસો

(એજન્સી) અમદાવાદ | તા.26

શહેરના બોપલ પોલીસ સ્ટેશનમાં બિલ્ડર જયદીપ કોટક અને હિરેન કારિયા સામે મકાન અને દુકાન વેચવાના નામે એક સિનિયર સીટીઝન સાથે 3.33 કરોડની છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે જયદીપ કોટકની ધરપકડ કરીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કર્યો હતો. પોલીસે આરોપીના 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, કોર્ટે 8 જાન્યુઆરી 2025 બપોરે 2:30 વાગ્યા સુધીના એટલે કે 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સમગ્ર મામલે SP ઓમ પ્રકાશ જાટનું નિવેદન સામે આવ્યું છે.

બિલ્ડર દ્વારા છેતરપિંડી મામલે SP ઓમ પ્રકાશ જાટનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, બોપલમાં પ્રિવીલોન બિલ્ડકોન બિલ્ડર દ્વારા છેતરપિંડી આચરતા જયદીપ કોટક અને હિરેન કારિયા સામે ફરિયાદ નોંધાઈ છે. બોપલ પાસે આવેલી સ્લેસ્ટિયલ બાય 14 સ્ટોરી સ્કીમમાં રિચમન્ટ બાય 22 સ્ટોરી નામની સ્કીમ ઊભી કરી હતી. બન્ને બિલ્ડર પાસે કોઈ સ્કીમ જગ્યા અને રેરા કશું હતું નહીં. અત્યાર સુધી 183 અરજીઓ આવી છે.

# ગુજરાત પોલીસ ભરતીની તારીખ જાહેર, 8 જાન્યુઆરીથી શારીરિક કસોટી શરૂ

(એજન્સી) અમદાવાદ | તા.26

ગુજરાત પોલીસ ભરતી માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતીની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે આગામી 8 જાન્યુઆરીથી શારીરિક કસોટી શરૂ થશે અને પોલીસ ભરતી બોર્ડ દ્વારા આ તારીખની જાહેરાત કરવામાં આવી છે. 1લી જાન્યુઆરી 2025થી ઉમેદવારો કોલ લેટર પણ ડાઉનલોડ કરી શકશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પોલીસ વિભાગમાં ભરતીને લઈને રાજ્ય સરકારે 2 મહિના પહેલા જ હાઈકોર્ટ સમક્ષ મોટી જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં ભરતી કેલેન્ડર રજૂ કર્યુ હતું અને હાઈકોર્ટને ખાતરી આપી હતી કે વર્ષ 2026 સુધીમાં ગુજરાત પોલીસના તમામ પદો પર ભરતી પૂર્ણ કરી દેવામાં આવશે. સમગ્ર કેસને લઈ ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન ખાતરી આપવામાં આવી હતી, જેમાં સરકારે કહ્યું હતું કે વર્ષ 2026 સુધીમાં ભરતી પૂર્ણ કરી દેવામાં આવશે. તેમજ ફિઝિકલ ટેસ્ટ નવેમ્બર - ડિસેમ્બર મહિનામાં પૂર્ણ કરી દેવામાં આવશે.

# નમો ડ્રોન દીદી યોજનાથી મહિલાઓ બની આત્મનિર્ભર

(એજન્સી) ગાંધીનગર | તા.26

ડ્રોન ટેક્નોલોજીના ક્ષેત્રમાં અગ્રેસર બનવા માટે ભારત સરકારે અનેક પહેલ કરી છે. નમો ડ્રોન દીદી યોજના એક અનોખી યોજના છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગ્રામીણ ભારત પર ધ્યાન કેન્દ્રિત કરીને મહિલાઓને સશક્ત બનાવે છે. આ યોજના મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે સ્વતંત્ર બનવા માટે પ્રોત્સાહિત કરશે. આ યોજના સાથે નરેન્દ્ર મોદીનું લક્ષ્ય ગ્રામીણ વિસ્તારોમાં બે કરોડ લખપતિ દીદીઓ જોવાનું છે. નમો ડ્રોન દીદી યોજના હેઠળ, મહિલા સ્વ-સહાય જૂથોને આત્મનિર્ભર બનવા માટે તકનીકી સંસાધનો મળશે, જે મહિલા સશક્તિકરણનો નવો આયામ સ્થાપિત કરશે. આ બ્લોગમાં, અમે નમો ડ્રોન દીદી યોજનાના વિવિધ પાસાઓની વિગતવાર ચર્ચા કરીશું.



### મહિલા ખેડૂતો માટે ડ્રોનનો વ્યવસાય

સ્વ-સહાય જૂથોની મહિલાઓને બે વર્ષમાં 15,000 ડ્રોન મળશે, જેના દ્વારા તેઓ તેને ભાડે આપીને પૈસા કમાઈ શકશે. સ્વ-સહાય જૂથો વિવિધ ડ્રોન વ્યવસાયો સ્થાપવા માટે આ યોજનાઓનો લાભ લઈ શકે છે, જેમ કે પાકનો છંટકાવ, ચોક્કસ ખેતી, ફિલ્ડ મેપિંગ અને ડેટા સંગ્રહ. પાક પર જંતુનાશકો અને ખાતરનો છંટકાવ કરતી વખતે ડોનનો ઉપયોગ ખૂબ જ ઉપયોગી થઈ શકે છે, જેનાથી બગાડ ઓછો થાય છે. આનાથી પાકની તંદુરસ્તી સુધારવામાં અને પર્યાવરણની અસર ઘટાડવામાં મદદ મળી શકે છે.

**મહિલાઓ માટે ડ્રોન પાયલોટની તાલીમ :** આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવાનો છે, જેથી સ્વ-સહાય જૂથોની મહિલાઓને ડ્રોન ચલાવવા માટે વ્યાપક તાલીમ અને ટેક્નોલોજીની ઍક્સેસ મળશે. તેઓ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક જ્ઞાન સહિત પાયલોટિંગ, સંચાલન અને જાળવણીની તાલીમ મેળવશે. મહિલાઓને ડ્રોન ઉડાડવાની પ્રેરણા મળશે અને કૃષિ કાર્યક્રમોમાં વ્યવહારુ અનુભવ મળશે.